પાના -૮, કિંમત રૂ.૨, તા. ૦૨-૦૬-૨૦૨૫- સોમવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૧૫૧ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# બિહારની ચૂંટણી ત્રણ તબક્કામાં યોજાવાની શક્યતા

## બિહાર વિધાનસભાની ચૂંટણી યોજવા ચૂંટણી પંચે તૈયારી શરૂ કરી : દિવાળી-છઠ પૂજા તહેવારો અનુકૂળ કાર્યક્રમ નિર્ધારીત કરાશે

**નવી દિલ્હી,તા.૦૨**

બિહાર વિધાનસભાનો કાર્યકાળ ૨૨ નવેમ્બર ૨૦૨૫ના રોજ સમાપ્ત થઈ રહ્યો છે. આવી સ્થિતિમાં, ચૂંટણી પંચે ચૂંટણીની તૈયારીઓ તેજ કરી દીધી છે. એવી અપેક્ષા છે કે આ વખતે વિધાનસભાની ચૂંટણી બે થી ત્રણ તબક્કામાં યોજાઈ શકે છે. દિવાળી અને છઠ જેવા મહત્વપૂર્ણ તહેવારોને ધ્યાનમાં રાખીને ચૂંટણીની તારીખો નક્કી કરવામાં આવશે જેથી તહેવારો દરમિયાન મતદારોને કોઈ અસુવિધાનો સામનો ન કરવો પડે.

ગયા વખતે બિહારમાં ૨૦૨૦ વિધાનસભા ચૂંટણી ત્રણ તબક્કામાં યોજાઈ હતી. પહેલા તબક્કામાં ૨૮ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ ૭૧ બેઠકો પર મતદાન થયું હતું. બીજા તબક્કામાં ૩ નવેમ્બરના રોજ ૯૪ બેઠકો પર મતદાન થયું હતું. જ્યારે ત્રીજા અને અંતિમ તબક્કામાં ૭ નવેમ્બરના રોજ ૭૮ વિધાનસભા બેઠકો પર મતદાન પૂર્ણ થયું હતું. આ પછી, ૧૦ નવેમ્બર ૨૦૨૦ના રોજ મત ગણતરી કરવામાં આવી હતી. ૨૦૧૫ની ચૂંટણીઓ પાંચ તબક્કામાં યોજાઈ હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર આ મહિને બિહારની મુલાકાત લઈ શકે છે. આ સમય દરમિયાન તેઓ ચૂંટણીની તૈયારીઓનો અભ્યાસ કરશે. ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલા અધિકારીઓ અને કર્મચારીઓને તાલીમ પણ કમિશન હેઠળ ચાલી રહી છે. કમિશન મહારાષ્ટ્ર, હરિયાણા અને દિલ્હીની જેમ બિહારમાં મતદાર યાદી અંગે કોઈ વિવાદ ન થાય તે સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. આ હેતુ માટે, BLOs (બૂથ લેવલ ઓફિસર્સ) ને ખાસ તાલીમ આપવામાં આવી છે.

આયોગે માહિતી આપી છે કે બિહાર, હરિયાણા અને દિલ્હીમાં ૬ થી ૧૦ જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન અંતિમ મતદાર યાદી પ્રકાશિત કરવામાં આવી હતી, ત્યારબાદ કોઈ અપીલ દાખલ કરવામાં આવી નથી. BLO ને ઓળખપત્ર આપવામાં આવી રહ્યા છે જેથી તેઓ ઘરે ઘરે જઈને ચકાસણી કરી શકે.

વિરોધના આરોપો પછી, ચૂંટણી પંચે ઘણા કડક પગલાં લીધાં છે. હવે ડુપ્લિકેટ EPIC નંબરો સંપૂર્ણપણે નાબૂદ કરવામાં આવ્યા છે. મૃત મતદારોના નામ દૂર કરવા માટે ડેટાને ભારતના રજિસ્ટ્રાર જનરલના મૃત્યુ રજિસ્ટર સાથે જોડવામાં આવ્યો છે.

આ વખતે ચૂંટણી પંચ મતદારોને ઘણી નવી સુવિધાઓ આપવા જઈ રહ્યું છે. હવે એક મતદાન મથક પર મહત્તમ ૧૨૦૦ મતદારો હશે (પહેલાં આ સંખ્યા ૧૫૦૦ હતી). ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં વધારાના મતદાન મથકો ઉભા કરવામાં આવશે. ખાતરી કરવામાં આવશે કે કોઈ પણ મતદારને મતદાન મથક સુધી પહોંચવા માટે બે કિલોમીટરથી વધુ ચાલવું ન પડે. ઊંચી ઈમારતોમાં પણ મતદાન મથકો બનાવવામાં આવશે. મતદાન

અનુસંધાન પાના ૭ પર

# આઈપીએલ ફાઈનલની સેરમેનીમાં સેનાની ત્રણેય પાંખના વડાને નિમંત્રણ

### આઈપીએલની ક્લોઝિંગ સેરેમની ઓપરેશન સિંદૂરની થીમ પર યોજાશે

**અમદાવાદ,તા.૦૨**

અમદાવાદના મોદી સ્ટેડિયમમાં IPLની ફાઈનલ મેચ રમાવાની છે ત્યારે ક્લોઝિંગ સેરેમની 'ઓપરેશન સિંદૂર'ની થીમ પર યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ સેરેમનીમાં ત્રણેય સેનાના વડાઓ આવશે કે નહિ એ સાંજ સુધીમાં ફાઈનલ થઈ જશે. ક્લોઝિંગ સેરેમનીમાં સ્ટેડિયમને તિરંગા કલરની લાઈટથી સજાવાશે અને સિંગર શંકર મહાદેવન ન.મો. સ્ટેડિયમને ગજવશે.

બોર્ડ સેક્રેટરી દેવજિત સૈકિયાએ જણાવ્યું હતું કે 'ઓપરેશન સિંદૂર'ની સફળતાની ઉજવણી કરવા માટે અમે આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી, નેવી ચીફ એડમિરલ દિનેશ કે. ત્રિપાઠી અને એર ચીફ માર્શલ અમર પ્રીત સિંહ સહિત અન્ય સર્વિસ ચીફ્સ, અધિકારીઓ અને સૈનિકોને અમદાવાદમાં IPLની ફાઈનલ મેચ જોવા માટે આમંત્રણ આપ્યું છે.'

BCCI દેશનાં સશસ્ત્ર દળોની બહાદુરી, હિંમત અને નિઃસ્વાર્થ સેવાને સલામ કરે છે. સેનાએ ઓપરેશન સિંદૂર હેઠળના વીર પ્રયાસોની પ્રશંસા કરી, જેણે રાષ્ટ્રનું રક્ષણ અને પ્રેરણા આપી.

૨૨ એપ્રિલના રોજ પહેલગામમાં થયેલા

અનુસંધાન પાના ૭ પર

# દેશમાં ગેરકાયદે વસતા ૨૦૦૦ બાંગ્લાદેશીઓને હાંકી કઢાયા

### ગુજરાતમાંથી ૧૦૦૦ બાંગ્લાદેશીઓને ઘરભેગા કરાયા

**નવી દિલ્હી,તા.૦૨**

પાકિસ્તાન સાથેનાં ગંભીર તનાવ વચ્ચે ગુજરાત સહીત અનેક રાજયોમાં પાકિસ્તાની-બાંગ્લાદેશી સહીત ગેરકાયદે વસવાટ કરતાં વિદેશી નાગરીકોને હાંકી કાઢવાનું ઓપરેશન હાથ ધરાયુ હતું અને તેમાં અત્યાર સુધીમાં ૨૦૦૦ બાંગ્લાદેશીઓને ઘરભેગા કરાયા છે. તેમાંથી સ્પર્ધાથી વધુ તો ગુજરાતમાંથી પકડાયા હતા અને રવાના કરી દેવાયા છે.

કેન્દ્ર સરકારનાં સુત્રોએ કહ્યું કે, પાકિસ્તાન સાથેનાં તનાવ વચ્ચે પાકિસ્તાની ઉપરાંત બાંગ્લાદેશીઓ પર પણ તવાઈ ઉતારવામાં આવી હતી. સૌ પ્રથમ ગુજરાતમાં ગેરકાયદે વસવાટ કરતાં બાંગ્લાદેશીઓ વિરૂધ્ધ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ.

ત્રિપુરા,મેઘાલય, આસામ જેવા સરહદી રાજયોમાં પણ આવી કવાયત થઈ છે.દિલ્હી, હરીયાણા, આસામ, મહારાષ્ટ્ર તથા રાજસ્થાનમાં પણ આવી કવાયત કરવામાં આવી હતી. આધાર પુરાવા વિના ગેરકાયદે વસતા

અનુસંધાન પાના ૭ પર

# અમેરિકામાં યહુદીઓના સમારંભમાં બોમ્બમારો કરાતા ૬ લોકો ઘાયલ

## કોલોરાડોના સમારંભમાં ફ્રી પેલેસ્ટાઈનના નારા સાથે આતંકી હુમલો

**કોલોરાડો,તા.૦૨**

અમેરિકામાં હાર્વર્ડ સહિતની યુનિ.માં કટ્ટરવાદ અને ખાસ કરીને યહુદીઓ સામે આક્રમક વલણ ધરાવતા વિદ્યાર્થીઓ પ્રોફેસરો સામે આકરા અને વિસા રદ કરવા સુધીના ટ્રમ્પ તંત્રના પગલા વચ્ચે ગઈકાલે કોલારોડોના બોલ્ડરમાં યહુદીઓના એક સમારોહ સમયે ત્યાં ધસી આવેલા એક વ્યક્તિએ 'પેલેસ્ટાઈનન મુક્ત કરો' જેવા સૂત્રોચ્ચાર કરીને ભીડમાં બોમ્બ જેવા વિસ્ફોટક ફેકતા ઓછામાં ઓછા છ લોકો ઘાયલ થયા હતા.

અમેરિકી તપાસ એજન્સી એફસીઆઈએના વડા કાશ પટેલે આ હુમલાને મર્યાદીત ત્રાસવાદી હુમલા તરીકે ગણાવ્યો હતો અને ૬૬થી૬૮ વર્ષના છ લોકો આ હુમલામાં ઘાયલ થયા છે. પેલેસ્ટાઈનમાં ઈઝરાયેલ દ્વારા જે રીતે સતત ગાઝા ક્ષેત્રમાં હુમલા થયા છે અને નિર્દોષ લોકોની કત્લેઆમ થાય છે તેથી મુસ્લીમ જગતમા ખૂબ નારાજગી છે.

અમેરિકામાં વસતા આ પ્રકારના કટ્ટરપંથીઓએ અનેક વખત ગાઝા પરના અત્યાચાર સામે અવાજ ઉઠાવ્યો છે. કોલોરાડોની ઘટના બાદ એક વ્યક્તિની ધરપકડ થઈ છે. વિસ્ફોટકમાં અનેક લોકો દાઝી ગયા હતા અને જેમાં મહિલાઓના પગમાં ઈજા થઈ હતી.

હાલમાં જ માઈક્રોસોફટની એક ઝૂમ બેઠકમાં પણ એક વ્યક્તિએ ફ્રી પેલેસ્ટાઈનના નારા લગાવ્યા હતા અને તેને કંપનીમાંથી દુર કરાયો હતો. આ ઘટનામાં આગ લગાડી શકાય તેવી મોલોટોવ કોકટેલનો ઉપયોગ થવાનુ બહાર આવ્યુ છે. આ ક્ષેત્રમાં યહુદીઓની વસ્તી મોટા પ્રમાણમાં છે અને તેઓના એરીયાને વધુ સુરક્ષા અપાઈ છે.

# પીએમ જૂથ યોજના હેઠળની હોસ્પિટલોની નોંધણીમાં ઘટાડો

### સારવારનો સરકારી દર ઓછો પડતા હોસ્પિટલો નિરશ

**નવી દિલ્હી,તા.૦૨**

જરૂરીયાતમંદ દર્દીઓને મફત સારવારની આયુષ્યમાન ભારત પીએમ જન આરોગ્ય યોજના તરફ હોસ્પીટલોનો રસ ઓછો થતો હોય તેમ હોસ્પીટલોની નોંધણીમાં ઘટાડો થયો છે.વર્ષ ૨૦૨૪ માં દર મહિને સરેરાશ ૩૧૬ હોસ્પીટલોની નોંધણી થતી હતી તે સંખ્યા ચાલુ વર્ષે ૨૦૨૫ માં ઘટીને માત્ર ૧૧૧ ની રહી ગઈ છે.

નેશનલ હેલ્થ ઓથોરીટી દ્વારા રજુ કરવામાં આવેલી આંકડાકીય માહીતી મુજબ ચાલુ વર્ષનાં ચાર મહિનામાં દેશભરમાં ૪૪૩ હોસ્પીટલોમાં પીએમજેવાય યોજનામાં નોંધણી કરાવી છે. જાન્યુઆરીમાં ૧૬૧, ફેબ્રુઆરીમાં ૧૮૭, માર્ચમાં ૪૦, એપ્રિલમાં ૧૫, હોસ્પીટલોની નોંધણી થઈ હતી. મે મહિનામાં સંખ્યા માત્ર ૨૦ ની હતી.

આરોગ્ય સંગઠનોના કહેવા પ્રમાણે સારવારની નીચા દર તથા સરકાર દ્વારા બીલના નાણા ચુકવવામા કરાતા વિલંબથી ખાનગી હોસ્પીટલો રસ લેતી નથી. સરકાર

અનુસંધાન પાના ૭ પર

# બાઈડનની હત્યા કરી તેમના ક્લોનને ગોઠવી દેવાયો હતો : ટ્રમ્પનો દાવો

### ટ્રમ્પના દાવાથી ટીકાકારો બોલ્યા - આનું મગજ ઠેકાણે રહ્યું નથી

**નવી દિલ્હી,તા.૦૨**

અમેરિકાના પ્રેસિડન્ટ ડોનલ્ડ ટ્રમ્પે શનિવારે મોડી રાતે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશ્યલ અકાઉન્ટ પર કોઈએ મૂકેલી પોસ્ટ રી-શેર કરીને દાવો કર્યો હતો કે તેમના પુરોગામી જો બાઈડનને ૨૦૨૦માં મારી નાખવામાં આવેલા અને તેમના સ્થાને ક્લોન મૂકવામાં આવ્યો હતો. ૭૮ વર્ષના ટ્રમ્પે આ પોસ્ટ મૂકી હતી પણ એના વિશે કોઈ ખુલાસો કર્યો નહોતો.

ટ્રમ્પના એક ટેકેદારે મૂકેલી મૂળ પોસ્ટમાં લખવામાં આવ્યું હતું કે 'કોઈ જો બાઇડન નથી, ૨૦૨૦માં તેમની હત્યા થઈ હતી. તમે જે જુઓ છો એ તો જો બાઈડનના ક્લોન્સ, ડબલ્સ અને રોબોટિક એન્જિનિયર્ડ, આત્માહીન અને મનહીન વ્યક્તિ છે. ડેમોક્રેટ્સ આ તફાવત જાણતા નથી.'

શુક્રવારે ઓવલ ઑફિસની પ્રેસ-કોન્ફરન્સમાં બોલતાં ટ્રમ્પે કહ્યું કે 'બાઈડન પોતાના જીવનકાળ દરમ્યાન એક પ્રકારની મધ્યમ વ્યક્તિ રહ્યાં છે. હું કહીશ તેઓ સ્માર્ટ વ્યક્તિ નથી, પરંતુ કંઈક અંશે દુષ્ટ વ્યક્તિ છે. જો તમને તેમના માટે દિલગીરી મહેસૂસ થતી હોય વધુ દુઃખ ન અનુભવો, કારણ કે તેઓ શાતિર છે. તેમણે પોતાના રાજકીય વિરોધી સહિત ઘણાબધા લોકોને દુઃખ પહોંચાડયું છે. મને ખરેખર તેમના માટે દિલગીરી નથી.'

જો બાઈડનને પ્રોસ્ટેટ કેન્સરનું આક્રમક સ્વરૂપ હોવાનું નિદાન થયું છે અને તેમની સારવાર ચાલી રહી છે. જોકે ટ્રમ્પની આ પોસ્ટ પછી સોશ્યલ મીડિયા પર જબરદસ્ત કોન્સ્પિરસી થિયરી વિશેની વાતો ચર્ચામાં આવી હતી. ફેસબુક પર

અનુસંધાન પાના ૭ પર

# ગુજરાતમાં ૧૫મી જૂન સુધી ચોમાસું બેસવાની આગાહી

### ઉનાળાના આખરી દિવસોમાં સર્વત્ર ઊંચુ તાપમાન

**અમદાવાદ,તા.૦૨**

દેશના અનેક રાજયોમાં ચોમાસાનું આગમન થયું છે. જ્યારે ગુજરાતના પણ પ્રિ-મોન્સુન એક્ટિવિટીનો પ્રારંભ થયો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજયમાં ૧૫ જૂનની આસપાસ ચોમાસું બેસી શકે છે. જોકે, આ પૂર્વે રાજયના હવામાન પલટાયું છે.જેમાં છેલ્લા બે દિવસમાં તાપમાનના ઘટાડો થયો છે. રાજ્યમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીથી નીચે નોંધાયુ છે. ગુજરાતમાં ૩૨.૩ ડિગ્રીથી લઈને ૩૯.૩ ડિગ્રી સુધી મહત્તમ તાપમાન નોંધાયુ હતું. ૩૯.૩ ડિગ્રી મહત્તમ તાપમાન સાથે સુરેન્દ્રનગર રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. અમદાવાદમાં પણ ૩૮.૩ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું.

જોકે, આ ઉપરાંત હવામાન વિભાગે વરસાદની આગાહી કરી છે. આ આગાહી પ્રમાણે ઉત્તર ગુજરાતના મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લીમાં સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે દાહોદ, મહિસાગર, છોટા ઉદેપુર, નર્મદા, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દમણ, દાદરા નગર હવેલી, અમરેલી, ભાવનગર, બોટાદમાં સામાન્ય વરસાદની આગાહી કરી છે.

અનુસંધાન પાના ૭ પર

# દહેરાદુનની હોસ્ટેલમાં બે અપંગ બાળકો પર ક્રુરતાપૂર્વક બળાત્કાર

## હોસ્ટેલ કર્મચારી બાળકોને ડરાવી સિગારેટના ડામ આપતો હતો

**દહેરાદુન,તા.૩૧**

ઉત્તરાખંડના દેહરાદૂનમાં બે ઓટીસ્ટીક બાળકો સાથે ક્રૂરતાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અહીં એક શાળાના હોસ્ટેલમાં કામ કરતા એક કર્મચારીએ બંને બાળકો પર બળાત્કાર કર્યો અને તેમને ડરાવવા માટે માર માર્યો. આ સમય દરમિયાન, ઘણી જગ્યાએ તેમને સિગારેટથી સળગાવી દેવામાં આવ્યા હતા. જ્યારે બાળકોની માતા તેમને મળવા આવી ત્યારે બાળકોએ બધું જ જણાવ્યું. આ પછી, માતાએ પોલીસમાં ફરિયાદ કરી. પોલીસે આરોપીની ધરપકડ કરી અને તેને જેલમાં મોકલી દીધો અને તપાસ શરૂ કરી.

પીડિત બાળકો ઉત્તર પ્રદેશના મુરાદાબાદના છે. એક ૯ વર્ષનો છે અને બીજો ૧૩ વર્ષનો છે. બંનેને તેમની માતાએ એપ્રિલ મહિનામાં દહેરાદૂનની એક રહેણાંક શાળામાં દાખલ કરાવ્યા હતા. આ રહેણાંક શાળા દિવ્યાંગ બાળકો માટે છે. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના સમાચાર અનુસાર, શાળાના એક કર્મચારીએ કથિત રીતે બાળકોને માર માર્યો હતો, તેમના શરીર પર ઘણી જગ્યાએ સિગારેટ નાખીને સળગાવી દીધી હતી અને તેમના પર બળાત્કાર ગુજાર્યો હતો.

શુક્રવારે, જ્યારે બાળકોની માતા તેમને મળવા આવી અને તેમને દહેરાદૂનમાં એક મિત્રની ઓફિસમાં લઈ ગઈ, ત્યારે બાળકો રડવા લાગ્યા અને તેમની

અનુસંધાન પાના ૭ પર

# આસામમાં ભીષણ પુરનું સંકટ



### આસામ તા.૧૨ જિલ્લાના ૧૭૫ ગામડાઓ પુરમાં ગરક

**નવી દિલ્હી,,તા.૦૨**

ભારતના ઉત્તરપૂર્વીય રાજ્ય આસામમાં છેલ્લા કેટલાક દિવસોથી ભારે વરસાદને કારણે ઘણા વિસ્તારોમાં પૂર આવ્યું છે.આસામ રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ દ્વારા ૩૧ મેના રોજ સાંજે જાહેર કરાયેલા અહેવાલમાં આસામના ૧૨ જિલ્લાઓના ૧૭૫ ગામો પૂરને કારણે ડૂબી ગયા હોવાની માહિતી આપવામાં આવી છે.

આસામના લખીમપુરમાં આવેલા પૂરને કારણે,

અનુસંધાન પાના ૭ પર

# ગુજરાતમાં કોરોનાના ૩૨૦ કેસ અમદાવાદમાં પ્રથમ મોત નોંધાયું

### છેલ્લા ૨૪ કલાકમાં નવા ૫૫ કેસ આવ્યાં

**અમદાવાદ, તા.૦૨**

ગુજરાતમાં કોરોનાના એક્ટિવ કેસનો આંક ૩૨૦ પાર થઈ ગયો છે. સૌથી વધુ એક્ટિવ કેસ ધરાવતા રાજ્યોમાં કેરળ, મહારાષ્ટ્ર, દિલ્હી બાદ ગુજરાત ચોથા સ્થાને છે. છેલ્લા ૨૪ કલાકમાં ગુજરાતમાં એક્ટિવ કેસમાં ૫૫નો ઉમેરો થયો છે. માહિતી અનુસાર ૩ વર્ષ બાદ અમદાવાદમાં કોરોનાને કારણે કોઈનું મોત નીપજ્યું છે.

ગુજરાતના ૩૨૦ એક્ટિવ કેસમાંથી ૧૬૩ માત્ર અમદાવાદમાં છે. ૩૧ મેના એક જ દિવસમાં અમદાવાદમાં કોરોનાના ૩૫ નવા કેસ નોંધાયા છે. આ ઉપરાંત એલ.જી. હોસ્પિટલમાં સારવાર લઈ રહેલી ૪૬ વર્ષીય મહિલાનું મૃત્યુ થયું છે. હાલ અમદાવાદમાં કોરોનાના ૧૬૩ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે.

અમદાવાદમાં કોરોનાના મે મહિનામાં કોરોનાના કેસમાં ચિંતાજનક વધારો થયો હતો. મે મહિનામાં જ અમદાવાદમાંથી કોરોનાના ૨૩૦ કેસ સામે આવ્યા

અનુસંધાન પાના ૭ પર

# ટેરિફ મુદ્દે અમેરિકા-ચીન આક્રમક જીનીવામાં થયેલા કરારને ફટકો

### વેપાર હિતોનું રક્ષણ કરવા ચીન દ્વારા અમેરિકાને ગંભીર ચેતવણી

**નવી દિલ્હી,તા.૦૨**

ચીનના વાણિજ્ય મંત્રાલયે કહ્યું કે વોશિંગ્ટને ગયા મહિને જીનીવામાં વાટાઘાટો દરમિયાન થયેલા કરારને 'ગંભીર રીતે નબળો' પાડ્યો છે, જેમાં બંને દેશો એકબીજાથી આયાત કરેલા માલ પર ટેરિફ ઘટાડવા સંમત થયા હતા.

મંત્રાલયના પ્રવક્તાએ એમ પણ ઉમેર્યું કે અમેરિકાના પગલાંએ જાન્યુઆરીમાં ચીનના નેતા શી જિનપિંગ અને યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે ફોન પર થયેલી વાતચીત દરમિયાન થયેલી સર્વસંમતિનું પણ ગંભીર ઉલ્લંઘન કર્યું છે.

ટ્રમ્પે શુક્રવારે કહ્યું હતું કે ચીને "ચીન સાથેના અમારા કરારનું ઘોર ઉલ્લંઘન કર્યું છે" તે પછી આ ટિપ્પણીઓ આવી છે.

યુએસ રાષ્ટ્રપતિએ આ અંગે વધુ માહિતી આપી ન હતી, પરંતુ વેપાર પ્રતિનિધિ જેમીસન ગ્રીરે પાછળથી કહ્યું હતું કે ચીને કરાર હેઠળ નોન-ટેરિફ અવરોધો દૂર કરવાની પ્રક્રિયાનું પાલન કર્યું નથી.

મે મહિનામાં જીનીવામાં થયેલા વેપાર કરાર હેઠળ, અમેરિકાએ ચીનથી આયાત થતી વસ્તુઓ પરની ડ્યુટી ૧૪૫% થી ઘટાડીને ૩૦% કરી હતી. તે જ સમયે, ચીને અમેરિકન માલ પર લાદવામાં આવેલી ડ્યુટી ૧૨૫% થી ઘટાડીને ૧૦% કરી હતી.

સોમવારે, ચીને કહ્યું કે યુએસ દ્વારા કરારના ઉલ્લંઘનમાં ચીની

અનુસંધાન પાના ૭ પર

## પુણામાં જાહેર સુવિધાનો અભાવ

# સુરત મ્યુનિ. કમિ.ને ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગનું સમન્સ

### પુણાના સામાજિક કાર્યકર કુલદીપ ગોહેલ દ્વારા માનવ અધિકાર આયોગમાં ફરિયાદ

સુરત, તા.૨

સુરત મહાનગરપાલિકામાં સન ૨૦૦૬ થી સમાવિષ્ટ પુણા ગામમાં આટલા વર્ષો પછી પણ પ્રાથમિક સુવિધાઓનો અભાવ જોવા મળે છે. સ્થાનિકો દ્વારા તેમજ ત્યાંના નગરસેવકો દ્વારા પણ સમયાંતરે અનેકવિધ ફરિયાદો અને રજૂઆતો બાદ પણ ત્યાંના સ્થાનિકો મૂળભૂત પ્રાથમિક સુવિધાઓથી વંચિત છે. ૨૦૧૯ માં ટી.પી.૨૦ પ્રિલીમ થઇ ગયાં બાદ પણ હજુ રસ્તા પૂરતા પહોળાઈના નથી, ના તો શાંતિકુંજ ના ઠેકાણા કે નથી જાહેર સુલભ શૌચાલયના ઠેકાણા. પાર્કિંગ માટેના પ્લોટ પણ ભાજપ શાસકોની મહેરબાનીથી ખાણીપીણી વાળાઓને ભાડે આપી તગડી કમાણી કરાઈ રહી હોવાનું ધ્યાને આવ્યું છે.

આ જ મુદ્દે સામાજિક કાર્યકર કુલદીપ ગોહેલે અનેકવાર ફરિયાદ કરવા છતાં પણ નિરાકરણ નહી આવતા અંતે તા. ૨૧/૦૩/૨૦૨૫ ના રોજ ગુજરાત રાજ્ય જાહેર સેવા આયોગમાં પીટિશન દાખલ કરી હતી. જેને લઈને આયોગે સુરત મનપા કમિશ્નરને સમન્સ પાઠવીને આગામી તા. ૨૬ જૂનના રોજ હાજર રહેવા જણાવ્યું છે. આ બાબતે પાલિકા વિરુદ્ધ ફરિયાદ કરનાર સમાજ સેવક કુલદીપ ગોહેલે જણાવ્યું હતું કે, પુણા ગામ ટી.પી. ૨૦ માં હજુ ઘણી પ્રાથમિક સુવિધાઓ મળી નથી. ટી.પી.રસ્તાઓ પણ ધારાધોરણ મુજબના નથી, નથી બાળકોને રમવા માટેનું સારૂ મેદાન. વડીલો માટે શાંતિકુંજ પણ બનાવવામાં આવ્યું નથી. ત્યાં સુધી કે, પબ્લિક યુરિનલ બ્લોકનો પણ અભાવ આ ટી.પી.માં વર્તાય છે. પાર્કિંગ માટે ફાળવેલા પ્લોટો પણ હેતુફેર કરીને ફૂડકોર્ટ વાળાઓને ભાડે આપી દેવાયા છે. જેથી રસ્તા પર પાર્કિંગ કરવાની નોબત આવે છે અને ટ્રાફિકને અડચણરૂપ થાય તેમ મનફાવે તેમ ગાડીઓ પાર્ક થાય છે. અસંખ્ય વાર સ્થાનિકો તેમજ ત્યાંના નગરસેવકોએ રજુઆત કરી છે પરંતુ તંત્રના બહેરા કાને અમારી વાતો સંભળાતી નથી, જેથી ના છૂટકે માનવ અધિકાર આયોગમાં જવાની ફરજ પડી છે તેવું સામાજિક કાર્યકર કુલદીપ ગોહેલે જણાવ્યું હતું.



# જહાંગીરપુરા કડવા પાટીદાર સમાજની વાડીમાં ૨૫૧ કુંડીય અગ્નિહોત્ર યજ્ઞ

### પર્યાવરણની શુદ્ધિ માટે સમૂહ યજ્ઞનું આયોજન સંપન્ન

સુરત, તા.૨

વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે, પર્યાવરણીય શુદ્ધિકરણ માટે જહાંગીરપુરા સુરતમાં ૨૫૧ હવન કુંડોમાં સામૂહિક અગ્નિહોત્રાનો સફળ કાર્યક્રમ યોજાયો હતો. ભોપાલમાં અગ્નિહોત્રની પ્રણેતા સંસ્થા માધવ આશ્રમથી પ્રેરિત થઈને, જહાંગીરપુરા સુરતમાં ૨૫૧ કુંડોમાં અગ્નિહોત્ર યજ્ઞ કરવામાં આવ્યો હતો. અગ્નિહોત્ર યજ્ઞ બધા યજ્ઞોમાં સૌથી નાનો છે. અગ્નિહોત્રમાં સૌથી ઓછો સમય લાગે છે. અગ્નિહોત્ર સવારે સૂર્યોદય સમયે અને સાંજે સૂર્યાસ્ત સમયે ગાયના છાણની અગ્નિ, અખંડ ચોખા અને દેશી ગાયના ઘી સાથે અગ્નિકુંડમાં કરવામાં આવે છે. સૂર્યોદય અને સૂર્યાસ્તના સમયનું કડક પાલન એ અગ્નિહોત્રાનો એક મહત્વપૂર્ણ ભાગ છે. આપણે જાણીએ છીએ કે ભોપાલ ગેસ દુર્ઘટનામાં લાખો પરિવારો પ્રભાવિત થયા હતા અને તે ભયંકર રોગને કારણે, તેઓ બે-ત્રણ પેઢીઓ સુધી બીમાર રહ્યા હતા. પરંતુ આ વાતનો સીધો પુરાવો છે કે જે પરિવારો નિયમિતપણે સૂર્યોદય અને સૂર્યાસ્ત સમયે સમયસર અગ્નિહોત્ર કરતા હતા તેમને આ ઝેરી ગેસથી કોઈ નુકસાન થયું ન હતું. ૦૧ જૂન ૨૦૨૫ ના રોજ, જહાંગીરપુરા સુરતની પવિત્ર ભૂમિ પર, લોકોએ માધવ આશ્રમ ભોપાલથી પ્રેરિત ૨૫૧ પાત્રોમાં અગ્નિહોત્ર કર્યું હતું. અગ્નિહોત્ર એ ગૌરક્ષાનું શ્રેષ્ઠ સાધન છે. આજની સૌથી મોટી સમસ્યા, પર્યાવરણીય પ્રદૂષણને દૂર કરવા માટે દરેક વ્યક્તિએ એક થવું જોઈએ. જો દરેક વ્યક્તિ સાથે મળીને પ્રયાસ કરે, તો આપણે આ સમસ્યામાંથી છુટકારો મેળવી શકીએ છીએ. અગ્નિહોત્ર એકમાત્ર રામબાણ ઉપાય છે. આમ, વર્ષો પહેલા જયારે અગ્નિહોત્ર માનવ જીવનનો એક

અનુસંધાન પાના ૭ પર




# હેમાંગીનીબેન મહીડાએ પીએચડીની ડિગ્રી મેળવી

સુરત, તા.૨

વીર નર્મદ યુનિવર્સિટી ના અંકલેશ્વર તાલુકાના માટીયેડ ગામનાં ના હેમાંગનીબેન હરેન્દ્રસિંહ માટીયેડા અને લગ્ન થવાથી વાલીયા તાલુકાના સોડગામ ગામ ના હેમાંગીનીબેન ઈન્દ્રજીતસિંહ (અમીતસિહ) મહીડા ની ધર્મપત્ની હાલ મા ગાર્ડન સિટી અંકલેશ્વર નાં રેહવાસી ને પીએચ.ડી. ની ડીગ્રી મળતાં બંને ગામોમાં આનંદ ની લાગણી જોવા મળી.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા પીએચ.ડી. નું નોટીફીકેશન નં ૩૦૧૧ થી જણાવવા મા આવે છે કે "રોગચાળા સમય માં જાહેર પુસ્તકાલય નું મુલ્યાંકન ભરૂચ જિલ્લાનો અભ્યાસ " અગ્રવાલ વિદ્યા વિહાર ઈંગ્લીશ મીડીયમ કોલેજ વેસુ ના ડૉ તૃપ્તિબેન ડી મહીડા ની દેખરેખ હેઠળ મહાનિબંધ ની મંજુરી તારીખ ૩૧/૦૫/૨૦૨૫ નંબર પીજી /પીએચ.ડી./૧૩૬૪૯/૨૦૨૫ થી ડીગ્રી એનાયત કરવામાં આવી. આ સમય દરમ્યાન નામી અનામી દરેક લોકો જે મારા અભ્યાસ દરમ્યાન મદદરૂપ થયાં તેમનો ડૉ હેમાગીનીબહેન આભાર વ્યક્ત કરે છે.

# આવતીકાલે સરથાણા ઝોનના વિસ્તારોમાં પાણી આવશે નહીં

### તા.૪ના રોજ પાણી ઓછા પ્રેસરથી આવશે

સુરત, તા.૨

સુરતના શહેરીજનોને સુરત મહાનગરપાલિકા ધ્વારા અપાતી તમામ સેવાઓ શ્રેષ્ઠત્તમ કક્ષાની મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા હંમેશ કટીબધ્ધ રહેલ છે. જે અન્વયે સુરત મહાનગરપાલિકાનો હાઈડ્રોલિક વિભાગ, સુરત શહેરમાં સમાવિષ્ટ વિસ્તારમાં નિયત સમય મર્યાદામાં, પુરતા જથ્થામાં તેમજ ગુણવત્તા સાથે પાણી પુરવઠો પુરો પાડવા હંમેશા પ્રયત્નશીલ રહે છે. હાલમાં, તા.૦૩/૦૬/૨૦૨૫ ના રોજ મોટા વરાછા જળ વિતરણમથક હેઠળના નેટવર્ક મરામત અને નવિનિકરનણની કામગીરી હાથ ધરવામાં આવનાર હોય, તા.૦૩/૦૬/૨૦૨૫ ના રોજ નીચે દર્શાવેલ વિસ્તારોને પૂરો પાડવામાં આવતો પાણી પુરવઠો મળે તેમ નથી તેમજ તા.૦૪/૦૬/૨૦૨૫ ના રોજ પાણી પુરવઠો અંશતઃ મળે/ ઓછા

અનુસંધાન પાના ૭ પર

# ખેરગામના ઘેજ ગામના પરિવારના ઘરમાં તસ્કરોએ હાથફેરો કર્યો

### દવાખાને ગયેલા પરિવારનું ઘર તસ્કરો સાફ કરી ગયા

ખેરગામ, તા.૨

ખેરગામ પોલીસ મથકના હદ વિસ્તારમાં આવેલા ઘેજ ગામના નાના કુંભરિયામાં રહેતા જગદીશભાઈ ભગુભાઈ પટેલ તેઓ તેમના પરિવાર સાથે ગતરોજ સવારે ૯:૦૦ સાંજે ૫:૩૦ વાગ્યા તેઓ દવાખાને ગયા હોય આ સમયગાળા દરમિયાન તસ્કરો ઘરની બાજુમાં આવેલ સાગના ઝાડ ઉપર ચડીને ઘરના દાદર ઉપર નાખેલ સિમેન્ટના પતરા તોડીને ઘરમાં પ્રવેશ કરીને ઘરમાં રાખેલ કબાટનું લોક કોઈક સાધન વડે તોડી નાખી કબાટના લોકરમાંથી જગદીશભાઈ તથા તેમની પત્ની અને પુત્રીના અલગ અલગ સોના ચાંદીના દાગીના જેમાં સોનાનો મંગળસૂત્ર ૧૨.૧૬૦ ગ્રામ જેની કિંમત ૮૦,૦૦૦ રૂપિયા, સોનાની બુટ્ટી આઠ ગ્રામ ૫૦,૦૦૦ રૂપિયા, છ નંગ સોનાની વીટી નું વજન ૨૦ ગ્રામ ની કિંમત ૧,૩૦,૦૦૦, તથા સોનાનો પેન્ડલ નું વજન ૦.૮૭૦ ગ્રામ ની કિંમત ૭૦૦૦ રૂપિયા, ત્રણ નંગ સોનાની નટ ત્રણ ગ્રામ ની કિંમત ૨૩ હજાર રૂપિયા, પાંચ નંગ ચાંદીના સાંકડા નું વજન ૩૦ ગ્રામ ની કિંમત ૨૫૦૦૦ રૂપિયા, ચાંદીનો હાથ નું લુઝ નું વજન ૫ ગ્રામ ની કિંમત ૨૦૦૦ રૂપિયા, ચાંદીના કમરનો જુડા નું વજન ૧૦ ગ્રામ ની કિંમત ૫૦૦૦ રૂપિયા, ચાંદીની નંગ વાળી વીટી નંગ ૨ નું વજન ૫ ગ્રામ ની કિંમત ૨૦૦૦ રૂપિયા મળી કુલ ત્રણ લાખ ૩૪ હજાર રૂપિયાના સોના ચાંદીના દાગીનાની કોઈ તસ્કરો ચોરી કરીને ફરાર થઈ જતા જગદીશભાઈ પટેલની ફરિયાદને આધારે પોલીસે અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી ઘટનાની વધુ તપાસ મહિલા પી.આઈ પી.ડી.ચૌધરીએ હાથ ધરી હતી.

# સુરત શહેરમાં કોરોનાના નવા પાંચ કેસ પોઝીટીવ

### કોરોનાગ્રસ્ત વ્યક્તિના પરિવારજનોને કોરોનાથી અસર થઈ નથી

સુરત, તા.૨

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આજ રોજ ૦૫ દર્દીના કોવીડ-૧૯નો રીપોર્ટ પોઝિટીવ આવેલ છે જેમાં (૧) ૭૧ વર્ષીય પુરૂષ, રહેઠાણ-બમરોલી, જેઓ નિવૃતછે અને તેમનો રીપોર્ટ પોઝીટીવ આવેલ છે. તેઓ હાલ એપલ હોસ્પિટલમા દાખલ છે અને ઑક્સીજન સપોર્ટ સાથે સારવાર હેઠળ છે. (૨) ૩૮વર્ષીય સ્ત્રી, રહેઠાણ—મોટા વરાછા, જેઓ ગૃહિણી છે.તેઓ હાલ હોમ આઇસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે.તેઓના નજીકના સંપર્કમાં હોય તેવા પરિવારના ૦૨ વ્યક્તિને હાલમાં કોઈ તકલીફ નથી. (૩) ૪૨ વર્ષીય પુરૂષ, રહેઠાણ-નવાપુરા,તેઓ તા.૨૯/૦૫/૨૦૨૫ ના રોજ અમદાવાદથી પરત આવેલ છે અને તેઓ હાલ હોમ આઈસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે.તેઓના નજીકના સંપર્કમાં હોય તેવા પરિવારના ૦૩ વ્યક્તિને હાલમાં કોઈ તકલીફ નથી. (૪) ૪૮વર્ષીય ગૃહિણી, રહેઠાણ-અડાજણ, તેઓ હાલ હોમ આઈસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે. તેઓના નજીકના

અનુસંધાન પાના ૭ પર

# પાણી ખડક ગામમાંથી મોબાઈલ ફોનની ચોરી

ખેરગામ, તા.૨

ખેરગામ તાલુકાના પાણીખડક ગામેથી કોઈ અજાણ્યાએ લાલજીભાઈ પટેલ નો ૧૪૦૦૦ રૂપિયાનો મોબાઈલની ચોરી કરી લેતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ખેરગામ પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી અનુસાર લાલજીભાઈ મગનભાઈ પટેલ, ધંધો- ખેડૂત ,રહે - પાણીખડક , તાલુકા- ખેરગામ, જીલ્લો- નવસારીએ ખેરગામ પોલીસ મથકમાં આપેલ ફરિયાદમાં જણાવ્યા અનુસાર લાલજીભાઈ પટેલનો ઓપો કંપનીનો ૧૪૦૦૦ રૂપિયાનો મોબાઈલ ફોન ખેરગામ થી પાણીખડકની વચ્ચે કોઈએ ચોરી કરી લેતા પોલીસે આ અંગે લાલજીભાઈ પટેલની ફરિયાદને આધારે ગુનો નોંધી ઘટનાની વધુ તપાસ હેડ કોસ્ટેબલ ભરતભાઈએ હાથ ધરી છે.

## નાગરિકોની સુરક્ષા અને જાગૃતિ અંગે

# સુરતની ગ્લોબલ ટેક્ષટાઈલ માર્કેટ ખાતે 'ઓપરેશન શિલ્ડ' મોકડ્રીલ યોજાઈ

### ગ્લોબલ ટેક્ષટાઈલ માર્કેટ પર હવાઈ હુમલો થતા આગ ભભૂકી ઉઠી : તાત્કાલિક રેસ્ક્યુ અને રાહત કામગીરી



સુરત, તા.૨

કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા દુશ્મન દેશના હુમલા સામે નાગરિક સંરક્ષણની તૈયારીઓને વધારવા માટે નાગરિક સંરક્ષણ કવાયત 'ઓપરેશન શિલ્ડ'નું આયોજન કરવાનો નિર્દેશ આપ્યો હતો. જેના અનુસંધાને સુરત શહેરના ઉમરવાડા સ્થિત ગ્લોબલ ટેક્ષટાઈલ માર્કેટ ખાતે સિવિલ ડિફેન્સ અંતર્ગત ઓપરેશન શિલ્ડ મોકડ્રીલ યોજાઈ હતી. સંભવિત યુદ્ધની સ્થિતિમાં નાગરિકોને સુરક્ષિત અને જાગૃત્ત રાખવા માટે 'ઓપરેશન શિલ્ડ' નામથી આ સામૂહિક કવાયત હાથ ધરાઈ હતી.

એર સ્ટ્રાઈકના કારણે ગ્લોબલ માર્કેટમાં આગ લાગી હતી. ઈમરજન્સી ઓપરેશન ખાતેથી ફાયર, ૧૦૮ એમ્બ્યુલન્સ તથા પોલીસ સહિતના વિભાગોને તત્કાલ ઘટનાસ્થળે પહોચવાનો નિર્દેશ અપાયો હતો. આગ થોડા જ સમયમાં વિકરાળ બની હતી. સાયરન વગાડી હવાઈ હુમલો

અનુસંધાન પાના ૭ પર

# ધારાસભ્ય મનુભાઈ પટેલ દ્વારા નવી સિવિલના દર્દીનારાયણો સાથે જન્મદિવસની ઉજવણી

### ધારાસભ્યની ગ્રાન્ટમાંથી નવી સિવિલની લેબોરેટરીને રૂા.૧૦ લાખનું ફૂલી ઓટોમેટેડ હીમોટોલોજી ૫-પાર્ટ એનેલાઈઝર મશીન અર્પણ કરાયું

સુરત, તા.૨

સુરત શહેરના ઉધના વિસ્તારના ધારાસભ્યશ્રી મનુભાઈ પટેલે પોતાના ૬૩મા જન્મદિવસની સેવાસભર ઉજવણી નવી સિવિલ હોસ્પિટલના વિવિધ વોર્ડના દરિદ્રનારાયણો સાથે કરી હતી.

આ અવસરે તેમણે પોતાની ધારાસભ્યની ગ્રાન્ટમાંથી નવી સિવિલના લેબોરેટરીમાં રૂ.૧૦લાખનું ફૂલી ઓટોમેટેડ હીમોટોલોજી ૫-પાર્ટ એનેલાઈઝર અર્પણ કર્યું હતું. એનાલાઈઝર મશીનથી વિવિધ પ્રકારના શ્વેત રક્તકણો ના નમૂનાઓનું વિશ્લેષણ કરે છે, જે લિમ્ફોસાઈટ્સ, ન્યુટ્રોફિલ્સ, ઈઓસિનોફિલ્સ, મોનોસાઈટ્સ અને બેસોફિલ્સની ગણતરીઓ ઉપયોગી નીવડે છે. તેમણે નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ ધાત્રી અને સગર્ભા માતાઓને ગોળ-ખજૂર, ન્યુટ્રીશન કીટ અર્પણ કરી હતી. બાળકોના વોર્ડમાં બાળકોને રમકડા, દિવ્યાંગોને વ્હીલચેર અને વોકર અર્પણ કર્યા હતા. મનુભાઈએ દર્દીઓના ખબર અંતર પણ પૂછ્યા

અનુસંધાન પાના ૭ પર




# નિઝર, કુકરમુંડાના સરકારી અગ્રણીઓ દ્વારા માનસિંહ પટેલનું ભવ્ય સન્માન

સુરત, તા.૨

તાપી જીલ્લાના નિઝર છઁસ્ઝ ખાતે નિઝર અને કુકરમુંડા તાલુકાના સહકારી આગેવાનો દ્વારા સુમુલ ડેરીના ચેરમેન શ્રી માનસિંહ પટેલો સન્માન સમારોહ યોજાયો. સુમુલ ડેરી, મહુવા સુગર અને વ્યારા સુગર ફેકટરીના પ્રમુખ તથા અનેક સામાજિક, શૈક્ષણીક સંસ્થાઓ સાથે જોડાયેલ આદિવાસી સહકારી આગેવાન શ્રી માનસિંહ પટેલને દેશની સૌથી મોટી સહકારી સંસ્થા ઈફ્કો દ્વારા આપવામાં આવતું સર્વોચ્ચ સન્માન "ઈફકો સહકાર રત્ન" એવોર્ડ એનાયત કરવામાં આવતા ગતરોજ નિઝર અને કુકરમુંડા તાલુકાના દૂધ મંડળીના પ્રમુખશ્રી, મંત્રીશ્રી અને પ્રતિનિધિશ્રીઓ એપીએમસી નિઝરના સભાસદો, ખરીદ વેચાણ સંઘ નિઝર અને કુકરમુંડાના સભાસદો તથા નિઝર તાલુકાના સહકારી આગેવાનો દ્વારા તાપી જીલ્લાના નિઝર APMC સન્માન સમારોહ યોજાયો હતો. જાહેર જીવનની ૪૦ વર્ષની લાંબી બેદાગ અને પ્રમાણિક છબી ધરાવતા માનસિંહ પટેલે પોતાની ૪૦ વર્ષ જેટલી લાંબી સહકારી, રાજકીય, સામાજિક અને શૈક્ષણિક કારકિર્દીની શરૂઆત ગામના સરપંચ તરીકે કરી ત્યારબાદ તેઓએ આગળ વધી મહુવા એપીએમસી, મહુવા ખરીદ વેચાણ સંઘ, ગુજરાત સુગર ફેડરેશન-ગાંધીનગર, સુરત જીલ્લા ભાજપ પ્રમુખ, ધારાસભ્ય, ગુજરાત વિધાન સભાના ઉપાધ્યક્ષ, સંસદસભ્ય —માંડવી જેવા અનેક હોદ્દાઓ તેમણે સુપેરે નિભાવ્યા છે. તેઓ હાલ, મહુવા સુગર, વ્યારા સુગર અને સુમુલ ડેરી જેવી જીલ્લા કક્ષાની સંસ્થામાં પ્રમુખ તરીકે અને સૂડીકો બેંક જેવી સંસ્થામાં ડીરેક્ટર તરીકે તેમની સેવાઓ આપી રહ્યા છે. તાજેતરમાં તેઓને કાવેરી સુગર(ચીખલી)ની જવાબદારી પણ સહકારીમંત્રી શ્રી જગદીશ પંચાલ સાહેબે સોંપી છે. આ પ્રસંગે સુરત એપીએમસીના ચેરમેન અને ચોર્યાસી વિધાનસભાના ધારાસભ્ય સંદીપભાઈ દેસાઈ, નિઝર વિધાનસભાના ધારાસભ્ય શ્રી જયરામભાઈ ગામીત, સુડીકો બેંકના ચેરમેન શ્રી બળવંતભાઈ પટેલ, એપીએમસી નિઝરના ચેરમેન શ્રી યોગેશભાઈ રાજપુત, નેશનલ ફેડરેશન ઓફ કો ઓપરેટીવ સુગર ફેક્ટરીઝ દિલ્હીના ઉપપ્રમુખ શ્રી કેતનભાઈ પટેલ, કુકરમુંડા ખરીદ વેચાણ સંઘના પ્રમુખ શ્રી ઘનશ્યામભાઈ પટેલ, નિઝર ખરીદ વેચાણ સંઘના પ્રમુખ શ્રી લક્ષ્મણભાઈ ચૌધરી સુડી કો બેંકના ઉપપ્રમુખશ્રી સુનિલભાઈ પટેલ નિઝર અને કુકરમુંડા તાલુકાના સહકારી આગેવાનો અને દૂધ મંડળીના પ્રતિનિધિશ્રીઓ ખૂબ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સન્માનના પ્રતિભાવમાં માનસિંહભાઈએ જણાવ્યું હતું કે આ એવોર્ડ મારી ૪૦ વર્ષની કારકિર્દીમાં મદદરૂપ થનાર તમામને હું અર્પણ કરું છું અને તેઓનો ખુબ ખુબ આભાર માનું છું. આવતી કાલે તેઓના જન્મદિન નિમિતે વિવિધ કાર્યક્રમનું આયોજન વાંસકુઈ ખાતે રાખવામાં આવેલ છે.

### ઇફકોનો સહકાર રત્ન એવોર્ડ સુમુલ ડેરીના ચેરમેનને મળતા સહકારી ક્ષેત્રમાં હર્ષની લાગણી

# સુવાલીમાં જીપીસીબી અને એએમ-એનએસ કંપની દ્વારા બીચ ક્લિનીંગ ડ્રાઈવ યોજાઈ

### કાર્યક્રમાં વન પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલ જોડાયા



સુરત, તા.૨

વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ઉપલક્ષ્યમાં ચોર્યાસી તાલુકાના સુવાલી બીચ ખાતે GPCB(ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ) અને AM/NS કંપની દ્વારા આયોજિત 'બીચ ક્લિનીંગ ડ્રાઇવ'માં વન, પર્યાવરણ રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલ જોડાયા હતા. સુંવાલી દરિયાકિનારે AM/NS અને GPCBના અધિકારી-કર્મચારી, સ્વયંસેવકો તેમજ સ્થાનિક ગ્રામજનોએ સાથે મળીને બીચ પરનો કચરો, પ્લાસ્ટીક વેસ્ટ એકત્ર કરી નિકાલ કર્યો હતો.

આ પ્રસંગે વન અને પર્યાવરણમંત્રીશ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, હજારોની સંખ્યામાં સહેલાણીઓ સુવાલ બીચની મુલાકાત લે છે, ત્યારે આવા રમણીય સ્થળે લોકોમાં સ્વચ્છતા માટે જાગૃતિ ફેલાવવાનું કામ કરવું અતિ આવશ્યક છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ શરૂ કરેલા સ્વચ્છતા અભિયાનને કરોડો દેશવાસીઓએ લોકચળવળનું સ્વરૂપ આપી દીધું છે. દરેક નાગરિકે વર્ષમાં ઓછામાં ઓછા ૧૦૦ કલાક સ્વચ્છતાની સેવા માટે અર્પિત કરવા જોઈએ એમ ભારપૂર્વક જણાવી તેમણે ઉમેર્યું કે,

અનુસંધાન પાના ૭ પર

# પુણામાં ઘાતકી હુમલાના કેસમાં આરોપીની જામીન અરજી નામંજૂર

સુરત, તા.૨

પુણા વિસ્તારમાં ઘાતકી હુમલો કરનાર આરોપી ની જામીન અરજી સુરત સેસન્સ કોર્ટે નામંજૂર કરી હતી.

ગત તારીખ ૧૬/૦૫/૨૦૨૫ ના રોજ પુણા ગામ વિસ્તારમાં બેકરી ના ધંધા ને લઈ બબાલ તથા ત્રણ ઈસમોએ મળી ફિરોજ શાહ નામના વ્યક્તિ પર ઘાતકી હુમલો કર્યો હતો. જેમાં ફિરોજ શાહ ને ગંભીર પ્રકારની ઈજાઓ થઇ હતી.જે બાદ પુણા પોલીસ સ્ટેશન માં ફરિયાદ દાખલ કરતાં પુણા પોલીસ દ્વારા આરોપીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ત્યારબાદ આરોપીના વકીલ શ્રી એ ગત તા.૨૯/૦૫/૨૫ ના રોજ આરોપીની રેગ્યુલર જામીન અરજી દાખલ કરતાં. મૂળ ફરિયાદી તરફે વકીલ zameer shaikh અને balvant surati હાજર રહ્યા હતા . જેમાં બંને પક્ષો ની દલીલોને ધ્યાને રાખી સેસન્સ કોર્ટે દ્વારા આરોપીની જામીન અરજી નામંજૂર કરતો હુકમ ફરમાવ્યો હતો.



# રાંદેર રોડ યુવક મંડળનો કફન વિતરણ કાર્યક્રમ

સુરત, તા.૨

સુરતી મોઢ વણિક અડાજણ રાંદેર રોડ યુવક મંડળ દ્વારા ૭૬ મો કફન વિતરણ કાર્યક્રમ સુરત રેલવે સ્ટેશન ની પોલીસ ચોકી ખાતે સદ. હિમાંશુ કાલિદાસ ગોળવાલાના ના સ્મરણ અર્થે તેમના સ્નેહીજન દ્વારા યોજાયેલ હતો. કફનનો જથ્થો પોલીસ ચોકીના પોલીસ કોન્સ્ટેબલ શૈલેષભાઈ મેડા, રતન રણજીતસિંહ ગોહિલ અને પીએસઆઇ આર આર સાહેબે સ્વીકાર્યો હતો.આ સેવામાં યુવક મંડળના પ્રમુખ અજય મોદી સાથે પરેશ ભાટિયા, પંકજ માંજરાવાળા, વસંત ગોળવાલા, હરીશ પીપવાલા, મનોજ ગાંધી, આશિષ મોદી, યોગેશ ઢબુવાલા, ડો. ધર્મેશ મહેતા, ઘનશ્યામ ભગત, જયવદન ઘીવાલા, વિજય માસ્તર, આશિષ મોદીએ સેવા આપી હતી. કફન દાન કાર્યક્રમના આયોજન વસંત ગોળવાલાએ આ કફનના ઉપયોગ અંગે અને અત્યાર સુધીમાં ૪,૫૦૦ મીટર કાપડ કફન પેટે દાન થયા ની વિગત જણાવી દાતાશ્રી નો પોલીસ ચોકીનો અને હાજર યુવક મંડળના હોદ્દેદારો કારોબારી સભ્યો અને મહેમાનોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# શરીરને ઠંડક બક્ષતી વનસ્પતિ ખસ

મોસમમાં બદલાવ થાય તેની અસર આરોગ્ય ઉપર પ્રથમ જોવા મળે છે. બેવડી મોસમનો સમય ચાલી રહ્યો છે. ક્યારેક ગરમી તો ક્યારેક વરસાદી માહોલ. તેમાં મુંબઈ જેવા શહેરમાં ભેજનું પ્રમાણ વધુ હોવાથી પરસેવો અતિશય થતો હોય છે. આવા સંજોગોમાં શરીરને સ્વસ્થ રાખવું આવશ્યક બની જાય છે. ભારતની ભૂમિને પાવન ભૂમિ કહેવામાં આવે છે. કેમ કે ભારતની ધરાને કુદરતની ભેટ સ્વરૂપ વિવિધ ફૂલ- ફળ-ફળાદિ, શાકભાજી, મરી-મસાલાની ભેટ મળી છે. તો વિવિધ પ્રકારના ઘાસની ભેટ મળી છે. જેમ કે લીલી ચા, વાળો તથા લૅમનગ્રાસ, જેનો ઉપયોગ ઔષધિ તરીકે આપણે ત્યાં લાંબાગાળાથી મોટા પ્રમાણમાં થતો આવ્યો છે.

આજે આપણે જે વનસ્પતિ વિશે વાત કરીશું તે દેખાવમાં તો સામાન્ય ઘાસ જેવું છે, પરંતુ કુદરતે આ ઘાસને સુગંધની સાથે આરોગ્યવર્ધક ગુણોનો ખજાનો બક્ષ્યો છે. વળી તેના મૂળિયાનો ઉપયોગ આજે બહોળા પ્રમાણમાં થતો જોવા મળે છે. એમ જ કહો ને કે દેશ-વિદેશમાં તેની માગ વધી રહી છે. ખાસ પ્રકારનું ઘાસ જે 'ખસ-વાળો' છે. વાનસ્પતિક નામ વેટિવેરિયા જિજનિયોઈડિસ છે. ભારતનાં વિવિધ રાજ્યોની વિવિધ બોલીમાં તેને અલગ-અલગ નામે ઓળખવામાં આવે છે. હિન્દીમાં ખસ કે ખસખસ, ગુજરાતીમાં ખસ કે વાળો, અંગ્રેજીમાં વેટિવર ગ્રાસ, ક્ધનડમાં મુડિવાલ, તમિળમાં ઉશીરમ બંગાળમાં વેણર મૂલ તરીકે ઓળખાય છે.

આયુર્વેદની વિવિધ સંહિતામાં ખસનો ઉલ્લેખ જોવા મળે છે. સમજી લો કે 'ખસ ઘાસ'નો ઉપયોગ ૩૦૦૦ વર્ષથી થતો આવે છે. જેમ કે ચરક સંહિતામાં ખસ ઘાસ માટે કહેવામાં આવ્યું છે કે 'શીતલ: સ્થિરગન્ધશ્ર્ચ રસાયન: શ્ર્લેશ્મપિત્તનુત્ :' તેનો અર્થ જોઈએ કફ-પિત્તને શાંત કરી, શરીરને ઠંડક બક્ષનાર, નવજીવનને સ્થિર કરી સુંગંધિત બનાવનાર વનસ્પતિ એટલે જ ખસ.

સુશ્રુત સંહિતામાં 'ઉશીરં દાહનાશનં તૃષ્ણાશમનં પરમ્' એટલે કે 'છાતીમાં થતી બળતરાને ઝડપથી બંધ કરી તરસને તૃપ્ત કરે છે.' ભારતની સાથે યુરોપ, ઓસ્ટ્રેલિયા તથા ટર્કીમાં ખસની ખેતી થાય છે. ખસ ઘાસનો ઉપયોગ ચટાઈ, પડદાં, ખસની ટટ્ટી બનાવવામાં થાય છે. જે ગરમીમાં પ્રાકૃતિક ઠંડક પ્રદાન કરે છે. ખસનો ઉપયોગ તેલ, અત્તર તથા સૌંદર્ય-પ્રસાધનની વિવિધ બનાવટોમાં કરવામાં આવે છે. પર્યાવરણ માટે તે અત્યંત ઉપયોગી છે. માટીની ગુણવત્તા સુધારવાની સાથે પાણીને શુદ્ધ કરે છે. કુદરતી ધોવાણથી જમીનને રક્ષણ પૂરું પાડે છે.

ભારતમાં મુખ્યરૂપે દક્ષિણ ભારત, રાજસ્થાન, બંગાળ, છોટા નાગપુરમાં ઊગે છે.



ખસમાં અનેક પોષક તત્ત્વો સમાયેલાં છે. જેમ કે કૅલ્શિયમ, આયર્ન, મેંગેનિઝ, વિટામિન્સ, ટ્રેપેનોઈડ્સ, ફ્લેવોનોઈડ્સ તથા ફેનોલિક એસિડ વગેરે ગણાવી શકાય છે.

ખસ ઘાસનો ઉપયોગ કઈ રીતે કરી શકાય તે જાણી લઈએ. બાહ્ય ઉપયોગ કરવા માટે ખસના મૂળનો પાઉડર ૧-૨ ચમચી જેટલો કરવો. ખસના તેલનો ઉપયોગ ૨થી ૫ ટીપાં જેટલો કરી શકાય. આંતરિક ઉપયોગ એટલે કે તેનો આહારમાં ઉપયોગ કરવો હોય તો ખસનું શરબત દિવસ-રાત્રિના ગમે ત્યારે પાણીમાં કે દૂધમાં પી શકાય છે. ખસના ઘાસને યોગ્ય રીતે સાફ કરીને એક સ્વચ્છ કપડાંમાં કે રૂમાલમાં બાંધીને માટલામાં રાખવાથી સુગંધિત પાણી પીવા મળશે. આ પાણી સુંગધિત હોવાની સાથે ઍન્ટિ-ઓક્સિડન્ટથી ભરપૂર હોય છે. જે મોસમમાં થતાં બદલાવથી શરીરને સુરક્ષિત રાખવામાં મદદ કરે છે.

ખસનું શરબત

સામગ્રી : ખસના મૂળ ૭૦-૮૦ ગ્રામ, ૧ કિલો ખાંડ, ૫૦૦ ગ્રામ પાણી, ખાવાના ઉપયોગમાં લઈ શકાય તેવા ૨ ટીપાં લીલા રંગના.બનાવવાની રીત : સૌ પ્રથમ ૧૦૦ ગ્રામ ખસના મૂળને વહેતાં પાણીમાં સાફ કરી લેવાં. ત્યારબાદ તેને



નાના કાપી લેવાં. હવે એક મોટા તપેલામાં ઘાસને ૬-૭ કલાક માટે પલાળી દેવાં. ત્યારબાદ પાણીને ગાળી લેવું. તેમાં ખાંડ ભેળવીને ગેસ ઉપર ગરમ કરવાં મૂકવું. ખાંડ ઓગળે ત્યારબાદ એક અડધા તારની ચાસણી બનાવી લેવી. થોડું ઠંડુ થાય ત્યારબાદ ૨ -૩ ટીપાં લીલા રંગના ભેળવવા. ખસનું સિરપ પીવા માટે તૈયાર છે. એક ગ્લાસમાં ૩ ચમચી ખસનું સિરપ લેવું. તેમાં પાણી ઉમેરી ૨ બરફના ટુકડા ગોઠવવા. સ્વાદિષ્ટ શરબત બદલાતા મોસમમાં આપનો મૂડ સુધારી દેશે.

## ખસના સ્વાસ્થ્યવર્ધક લાભ મનને તણાવ મુક્ત કરે છે

આજના આધુનિક તથા સ્પર્ધાત્મક યુગમાં પ્રત્યેક વ્યક્તિ નાના-મોટા તણાવમાં રહેતી જોવા મળે છે. મનને શાંત બનાવવા માટે વાળો કે ખસનો ઉપયોગ કરવા જેવો છે. પાણીમાં રાખીને પીવાથી તન-મન ઠંડક અનુભવે છે. ખસમાંથી તેલ બનાવ્યા બાદ તેનો ઉપયોગ શરીર તથા વાળમાં કરવાથી મન શાંત બને છે. જેને કારણે વ્યક્તિ તણાવ મુક્ત બને છે. ખસમાં એથોનોલિક નામક ખાસ રસાયણ છૂટે છે. જે વ્યક્તિને શાંત મનથી કામ કરવા પ્રેરે છે.

## ઊલટી-ઉબકામાં અસરકારક

મોસમના બદલાવની અસર પાચનક્રિયા ઉપર સૌ પ્રથમ થતી જોવા મળે છે. વરસાદી માહોલમાં તળેલું -તીખું ખાવાની ઈચ્છા વધી જતી હોય છે. તો ક્યારેક બહારની ચટાકેદાર વાનગીમાં વપરાયેલી વસ્તુ વાસી હોવાને કારણે ઊલટી-ઊબકાની સમસ્યા ઊભી થતી હોય છે. આવા સંજોગોમાં ખસનું શરબત પીવાથી પાચનક્રિયા શાંત બને છે. ઊલટી ઊબકાથી રાહત મેળવી શકાય છે.

## ત્વચા માટે ઉપયોગી

ખસના મૂળિયામાં ખાસ પ્રકારનાગુણો સમાયેલાં છે. જે વાત પિત્તને દૂર કરવામાં મદદ કરે છે. ખસનું તેલત્વચા ઉપર લગાવવાથી ત્વચા નીખરે છે. ત્વચા ઉપર ઘાવ હોય, ખંજવાળ આવ્યા કરતી હોય કે સોજા આવ્યા હોયતેવા સંજોગોમાં તેલનો ઉપયોગ અકસીર ગણાય છે.લોહીમાં શર્કરાની માત્રા નિયંત્રણમાં રાખે છેખસ માટે એવું સાંભળવા મળ્યું છે કે ખસનો પાઉડર નિયમિત ૧ ચમચીલેવાથી ડાયાબિટીસના દર્દીઓને લાભ મળે છે. કેમ કે ખસના પાઉડરમાં ઍન્ટિ-ડાયાબિટીક ગુણો સમાયેલાં છે. શરીરમાં ઈન્સ્યુલિનની માત્રા વધારવામાં મદદ કરે છે. પાચનક્રિયા સુધરે છે. શરીરમાં વાયુ બનતાં રોકે છે.

## તાવને ઘટાડવામાં મદદરૂપ

વારંવાર તાવ આવતો હોય કે તાવ આવ્યો હોય ત્યારે ખસનો કવાથ કે કાઢો બનાવીને પીવાથી તાવ કે જવર ઊતરવા લાગે છે. ખસના મૂળ શરીરનું તાપમાન સામાન્ય કરવામાં મદદ કરે છે.



# માત્ર પૃથ્વી પર જ નહીં, એ ગ્રહ પર પણ જીવન છે?

પૃથ્વીથી સાતસો ટ્રિલિયન માઈલ દૂર સ્થિત K2-18b ગ્રહ પર જીવનના સંકેતો મળી આવ્યા છે. કેમ્બ્રિજ યુનિવર્સિટીના ભારતીય વૈજ્ઞાનિક નિક્કુ મધુસૂદને દાવો કર્યો છે કે આ ગ્રહના વાતાવરણમાં એવાં રસાયણો મળી આવ્યાં છે, જે ફક્ત જીવંત જીવો દ્વારા જ ઉત્પન્ન થાય છે. જોકે હજુ સુધી પુષ્ટિ થઈ નથી, આ શોધ બ્રહ્માંડમાં જીવનની શક્યતાઓના દરવાજા ખોલી શકે છે.

માનવજાત સદીઓથી આ પ્રશ્ર્ન સાથે સંઘર્ષ કરી રહી છે. શું આપણે આ બ્રહ્માંડમાં એકલા છીએ? હવે આ રહસ્ય પરથી પડદો ઊઠતો દેખાય છે. પૃથ્વીથી સાતસો ટ્રિલિયન માઈલ દૂર સ્થિત K2-18b નામના ગ્રહ પરથી વૈજ્ઞાનિકોને સંકેતો મળ્યા છે, જે જીવનની શક્યતા તરફ નિર્દેશ કરે છે. આ ગ્રહ પૃથ્વી કરતાં અઢી ગણો મોટો છે અને તેના વાતાવરણની તપાસ કેમ્બ્રિજ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોની ટીમ દ્વારા કરવામાં આવી રહી છે.

કે૨-૧૮બના વાતાવરણમાં, વૈજ્ઞાનિકોએ ડાયમિથાઈલ સલ્ફાઈડ (DMS) અને ડાયમિથાઈલ ડાયસલ્ફાઈડ (DMDS) જેવાં રસાયણો શોધી કાઢ્યાં છે, જે પૃથ્વી પર સામાન્ય રીતે ફાયટોપ્લાંકટોન અને બેક્ટેરિયા જેવા જીવંત જીવો દ્વારા જ ઉત્પન્ન થાય છે. જોકે આ સંકેતોને હજુ અંતિમ પુરાવા ગણી શકાય નહીં, પરંતુ મુખ્ય સંશોધક પ્રોફેસર નિક્કુ મધુસૂદન માને છે કે આગામી એક કે બે વર્ષમાં એ સાબિત થઈ શકે છે કે K2-18b પર જીવનની હાજરી શક્ય છે.

સમુદ્રની હાજરીનો સંકેત પણ છે

આ ગ્રહના વાતાવરણમાં એમોનિયાની ગેરહાજરીએ પણ વૈજ્ઞાનિકોનું ધ્યાન ખેંચ્યું છે. વૈજ્ઞાનિકો માને છે કેK2-18b પર એક વિશાળ સમુદ્ર હોઈ શકે છે, જે એમોનિયા શોષી રહ્યો છે. એમોનિયાની હાજરી સામાન્ય રીતે જીવન માટે એક મુખ્ય સંકેત છે, તેથી તેની ગેરહાજરી ગ્રહ પર જીવનને ટેકો આપતી રચનાઓ, જેમ કે સમુદ્ર, હોવાની શક્યતા વધારે છે. જોકે એ પણ શક્ય છે કે સપાટી નીચે લાવાનો સમુદ્ર હોઈ શકે છે, જે જીવન માટે પ્રતિકૂળ હશે.

વધુ સચોટ માહિતી એકત્રિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ

વૈજ્ઞાનિકોને અત્યાર સુધી K2-18b ના વાતાવરણમાંથી 'થ્રી-સિગ્મા' સ્તરની પુષ્ટિ મળી છે. 'સિગ્મા' એ વૈજ્ઞાનિક ચોકસાઈ માપવા માટેનું ધોરણ છે. સામાન્ય રીતે, શોધને મજબૂત કહેવા માટે 'ફાઈવ-સિગ્મા' જરૂરી છે. જોકે થ્રી-સિગ્મા સ્તરે મળેલા સંકેતો આ દિશામાં એક મોટું પગલું છે, તેમ છતાં વૈજ્ઞાનિક સમુદાયને સંપૂર્ણ રીતે ખાતરી આપવા માટે વધુ ચોકસાઈની જરૂર છે.

પ્રોફેસર નિક્કુ મધુસૂદન કહે છે કે જો કે૨-૧૮બ પર જીવન મળી આવે છે, તો તે ફક્ત એક ગ્રહની વાર્તા નહી હોય, પરંતુ તે સમગ્ર બ્રહ્માંડમાં જીવનની વ્યાપક શક્યતાઓ જાહેર કરશે. આ શોધ માત્ર વિજ્ઞાનના દૃષ્ટિકોણથી જ નહીં પરંતુ માનવતાના ભવિષ્યની સમજણ માટે પણ ઐતિહાસિક માનવામાં આવશે.

**માનવજાત સદીઓથી આ પ્રશ્ર્ન સાથે સંઘર્ષ કરી રહી છે. શું આપણે આ બ્રહ્માંડમાં એકલા છીએ? હવે આ રહસ્ય પરથી પડદો ઊઠતો દેખાય છે. પૃથ્વીથી સાતસો ટ્રિલિયન માઇલ દૂર સ્થિત K2-18b નામના ગ્રહ પરથી વૈજ્ઞાનિકોને સંકેતો મળ્યા છે, જે જીવનની શક્યતા તરફ નિર્દેશ કરે છે. આ ગ્રહ પૃથ્વી કરતાં અઢી ગણો મોટો છે અને તેના વાતાવરણની તપાસ કેમ્બ્રિજ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોની ટીમ દ્વારા કરવામાં આવી રહી છે.**

# ખેડૂતોનો કમાઉ દીકરો સફરજન

ભારતમાં સફરજન એ સર્વ શ્રેષ્ઠ ફળોમાંનું ફળ છે. આજકાલ આ દરેક ઋતુમાં મળે છે અને આ ફળ ખાવું પણ ગમે છે પરંતુ એ વાત અલગ છે કે હર કોઈ ખાઈ નથી શકતું. હેલ્થની દ્રષ્ટિએ જોઈએ તો સફરજન એ ખૂબ જ મહત્ત્વ ધરાવે છે. ડોકટરો તો એમ કહે છે કે, રોજનું એક સફરજન ખાવું જોઈએ. એમ કહેવામાં આવે છે કે, જે રોજ એક સફરજન ખાય તેણે કોઈ દિવસ ડોકટર પાસે જવાની જરૂર પડતી નથી.ઈનફેક્ટ સફરજન એટલું મહત્ત્વનું ફળ છે કે, દરેક જગ્યાએ સફરજનની માંગ ખૂબ જ છે. આ જ કારણસર મોટાભાગે સફરજન આશરે ૧૦૦ રૂપિયા આસપાસ મળે છે. આર્થિક દ્રષ્ટિએ સફરજનનું ઝાડ ખેડૂતો માટે ખૂબ જ મહત્વનું છે. ભારતમાં સફરજનના ઝાડ મોટાભાગે પર્વતીય સ્થળો પર કે જ્યાં ઠંડુ વાતાવરણ હોય ત્યાં મળી આવે છે. હવામાનમાં ફેરફાર અને કૃષિ ક્ષેત્રમાં થયેલી પ્રગતિના કારણે હવે સફરજન પંજાબ, હરિયાણા અને મધ્ય પ્રદેશ જેવા મેદાન પ્રદેશોમાં પણ ખેડૂત દ્વારા ઉગાડવામાં આવી રહ્યું છે આથી તેમની આર્થિક સ્થિતિ બદલાઈ રહી છે.



ભારતમાં સફરજનની ખેતી ક્યાં થાય છે?

વર્ષોથી સફરજનનું ઉત્પાદન હિમાચલ પ્રદેશ , જમ્મુ કાશ્મીર , ઉત્તરાખંડ , અરુણાચલ પ્રદેશ , નાગાલેન્ડ અને સિક્કિમ જેવા ઊંચાઈવાળાં ક્ષેત્રોમાં થતું આવ્યું છે. પરંતુ ઉપર જણાવ્યા મુજબ કૃષિ ક્ષેત્રમાં થયેલી પ્રગતિના કારણે હવે પંજાબ, હરિયાણા અને મધ્ય પ્રદેશ જેવા મેદાન પ્રદેશોમાં પણ ખેડૂત દ્વારા અલગ અલગ વેરાઈટીના સફરજન ઉગાડવામાં આવી રહ્યા છે. પરંપરાગત રીતે હિમાચલ પ્રદેશના સિમલા, કિન્નોર, કુલ્લુ, મંડી અને ચંબા જેવા રાજ્યો સફરજનના ઉત્પાદન માટે જાણીતા છે. જેમકે જમ્મુ અને કાશ્મીરના શોપિયા, બારામુલા, પુલવામા, અને અનંતનાગ જેવાં રાજ્યો સફરજનના ઉત્પાદનમાં અવ્વલ છે તો ઉત્તરાખંડમાં આવેલા અલ્મોડા, નૈનીતાલ, ચમોલી અને ઉત્તરકાશી જેવા જિલ્લાઓમાં પણ સફરજનની ખેતી થાય છે.

ખેડૂતો માટે સફરજન શું કામ મહત્ત્વપૂર્ણ છે.

સફરજનની ખેતી ખેડૂતો માટે માત્ર આર્થિક દ્રષ્ટિએ જ લાભદાયક નથી પરંતુ આનાથી જોડાયેલા ઘણા સામાજિક પરિબળો પર પણ આધાર રાખે છે જેમકે, સફરજન એક નકદી પાક છે. આનું વેચાણ મૂલ્ય ખૂબ જ વધારે હોય છે. ખાસ કરીને સારી કવોલિટીના સફરજનનું. તેથી જ સફરજનના પાકથી સારી

એવી કમાણી થાય છે. સફરજનનું ઝાડ માત્ર ખેડૂત માટે જ આર્થિક સહાયતા નથી આપતું પરંતુ ખેત મજૂરો માટે પણ એક આર્થિક સહાય ઊભી કરે છે. એમ કહેવાય કે, એક સફરજનનું ઝાડ પાંચ લોકોને રોજગાર પુરો પાડી શકે છે. ભારતના સફરજન દુનિયામાં ધણી જગ્યાએ એક્સપોર્ટ કરવામાં આવે છે જેનાથી સારી એવી વિદેશી નકદ પ્રાપ્ત થાય છે, કે જેની દેશની આર્થિક પ્રગતિમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે.

સફરજનના ઝાડથી આશરે કેટલી આવક

સફરજનના એક ઝાડમાંથી એક ખેડૂતને દર વર્ષે ૧૦૦ થી ૨૦૦ કિલ્લો જેટલા ફળ મળે છે . એક હેકટરમાં લગડેલો સફરજનનો બગીચો ૫ થી ૭ વર્ષમાં ફળની પેદાશ ચાલુ કરી દે છે. એક હેકટર સફરજનના બગીચાની દર વર્ષે ૧૦ થી ૧૫ લાખ રૂપિયાની કમાણી કરવા માટે ખેડૂતે દર વર્ષે ૫ થી ૭ લાખ રૂપિયોનો ખર્ચો કરવો પડે છે કે જે કોઈપણ હાલમાં ફાયદો અપાવે. આમ જોઈએ તો સફરજનના એક હેક્ટરનો બગીચો રાખવાવાળો હર ખેડૂત વર્ષના અંતમાં ૧૦ થી ૧૫ લાખનો ફાયદો મેળવે છે.

આવાહનનો સામનો કરવો પડે - સફરજનના ઝાડથી આવક તો ખૂબ જ સારી રીતે થાય છે, પરંતુ તેની સાથે અમુક આવાહનનો સામનો પણ કરવો પડે છે જેમકે,-ગ્લોબલવૉર્મિંગને કારણે સફરજનના પાકમાં ઘણી મુશ્કેલીઓ આવે છે. તાપમાન વધવાને કારણે સફરજનના છોડમાં જોઈએ તેવા ફૂલ નથી આવતા અને ઘણી વખત તાપમાન વધારે હોવાને કારણે આવેલા ફૂલ પણ કરમાઈ જાય છે. જેને કારણે ફળોની ક્વોલિટી પર અસર પડે છે.વરસાદથી પણ સફરજનના પાકને નુકસાન થાય છે પરંતુ આનાથી પણ મોટું સંકટ એટલે દલાલોની વધતી જતી દાદાગીરી . ઘણી વખત દલાલો એક થઈ જાય અને ખેડૂતોને ઓછા ભાવમાં પાક વેચવા પર મજબૂર કરે છે.

-સફરજનના કારોબારમાં સૌથી મોટું સંકટ એટલે સફરજનનો સંગ્રહ કરવો અને લિમિટેડ કોલ્ડ સ્ટોરેજ.

કેવી રીતે મળશે ઉત્તમ પાક

-ખેડૂત સંગઠનોએ મળીને સફરજનનું વિતરણ સંભાળવું જોઈએ, જેથી દલાલો બ્લેકમેઈલ ન કરી શકે. આની સાથે સરકાર દ્વારા આપવા જેવી સફરજનની ખેતીથી લઈને બીજી જાતની સબસિડી અને બીજી યોજનાઓનો પણ ફાયદો લેવો જોઈએ.

-આ બધાં જ મામલે ખેડૂત જો સાવચેતી રાખે તો દરેક ખેડૂતને થતી આર્થિક શ્થિતિને સુધારી શકે.




# આટલું કરો તો તમારો મોબાઈલ પર્ફોમ કરશે રોકેટ સ્પીડથી!

રોટી-કપડાં-મકાન બાદ જે જીવન જરૂરી ચીજવસ્તુઓ છે એમાં હવે મોબાઈલે સ્થાન લઈ લીધું છે. મોબાઈલના ઉપયોગ સામે ઘણા એવા મુદ્દાસર વાત કરી શકાય. તેનો ચિક્કાર ઉપયોગ આપણા સમયને બરબાદ કરી નાખે એ વાતમાં પણ કોઈ બેમત નથી. મોબાઈલ ફોનની વર્ચ્યુઅલ દુનિયામાં હકીકતમાં શું જરૂરી છે એ ઘણીવાર ભૂલાઈ જાય છે. સતત એનો ઉપયોગ આંખને તો નુકસાન કરે જ છે, પણ ઘણીવાર એ જોઈતી સ્પીડથી કામ ન કરે વ્યક્તિ ખુદ હેંગ થઈને હેરાન પરેશાન થઈ જાય છેપ સ્લો સ્પીડનો પ્રોબ્લેમ હવે સમયાંતરે દરેક મોબાઈલ યુઝર્સને સતાવે છે.

મોબાઈલ કેટલો ફાસ્ટ કે સ્લો છે એ જાણવા માટે દરેકે અઠવાડિયામાં એકવાર મોબાઈલ સ્વિચઓફ કરી ઓન કરવો જોઈએ. ફોન શરૂ થવામાં વધારે પડતો સમય લાગે ત્યારે સમજવું કે ફોનની સિસ્ટમ સ્લો ચાલી રહી છે. હવે મોબાઈલમાં સામાન્ય ફેરફાર કરીને ફોનની પ્રોસેસ સ્પીડ વધારી શકાય છે.

સૌ પ્રથમ સેટિંગમાં જઈ ડેવલપર્સ ઓપ્શનમાં જાવ. પછી એમાં વિન્ડોઝ એનિમેશન સ્કેલ પર જાવ. પછી એનિમેશન સ્કેલને પોઈન્ટ ફાઈવ કરી દો. પછી ટ્રાઝેક્શન એનિમેશન સ્કેલ એને પણ પોઈન્ટ ફાઈવ કરી દો. આનો ફાયદો એ થશે કે, સ્ક્રીન પર ગમે ત્યાં ટચ કરશો તો એપ્લિકેશન કે મેનુ ઘડીના છઠ્ઠાભાગમાં રીએક્ટ કરશે- પ્રતિસાદ આપશે.

બીજી એક ટ્રિક એવી છે કે, દિવસમાં ઘણી એવી એપ્લિકેશનમાંથી નોટિફિકેશન આવતા હોય છે, જેને જોયા વગર જ આપણે સ્કિપ કરી દઈએ છીએ. આવી એપ્લિકેશનની લાઈવ નોટિફિકેશન બંધ કરી દો. સેટિંગ્સમાં જઈ નોટિફિકેશનમાં જઈ જે તે એપ્લિકેશન સામે નોટિફિકેશનનો વિકલ્પ બંધ કરી દેવાથી એ એપ્લિકેશનની નોટિફિકેશન નહીં આવે. એના કારણે બીજા કામમાં એ સ્પીડ આવશે.

સામાન્ય રીતે કોઈ પણ મોબાઈલમાં ત્રણથી ચાર વખત સિસ્ટમ અપડેટના એલર્ટ આવે છે. એ જો ન કરવામાં આવે તો ફોનમાં કેટલાક ફીચર વ્યવસ્થિત રીતે કામ કરતા નથી. આવા સમયે આખી સિસ્ટમ અપડેટ ન કરવી હોય તો જે તે એપ્લિકેશનને જ અપડેટ કરી શકાય છે. આખી સિસ્ટમ અપડેટ થતાં સમય જાય છે અને ઘણીવાર ફોન રીસ્ટાર્ટ થતા પણ ઘણો સમય લાગે છે.

મોબાઈલમાંથી ફોટો કે વીડિયો અપલોડ કરવાનો હોય એ સમયે પણ ઘણીવાર સ્પીડ ન આવતા કંટાળો આવે છે. આવા સમયે ફિલ્ટર ટિપ્સ કામ આવે છે. જે ફોટો કે વીડિયો અપલોડ કરવાના છે તેને અલગ કરી અથવા અલગથી સેવ કરી દો પછી એ બધા જ એક સાથે જે તે પ્લેટફોર્મ પર શેર કરવાના બદલે એક એક ફાઈલ્સ અપલોડ કરો.

આનાથી ફોટો ઝડપથી અપલોડ થશે અને વીડિયોમાં ૩૦ સેક્ધડથી ઓછો સમય હશે તો પ્લે થવામાં પણ મુશ્કેલી નહીં પડે. આમ કરવાથી મલ્ટીમીડિયામાં પણ ફોન સારી રીતે કામ આપશે. એક દિવસમાં વારંવાર ફોન સ્વિચઓફ કે સ્વિચઓન કરવાથી સ્પીડમાં ઘણો ફેર પડે છે. એપ્લિકેશનનો લોડ ઓછો હશે એટલો ફોન સારો, સ્પીડમાં અને લાંબા સમય સુધી ચાલશે. વધારે પડતું સર્ફિંગ ફોનમાંથી થતું હોય તો જે તે બ્રાઉઝરની હિસ્ટ્રી ફાઈલ્સ ડિલિટ કરી દો, જેથી ઈન્ટરનેટ એક્સેસ કરતી વખતે પણ સ્પીડ આવશે.

આ ઉપરાંત નક્કામી ડાઉનલોડ સામગ્રી પણ કાઢી નાખવાથી ફાઈલ ટ્રાંસફર સ્પીડમાં વધારો થાય છે. જ્યારે ઈન્ટરનેટ વ્યવસ્થિત ન આવતું હોય કે સ્લો હોય એ સમયે વારંવાર કોઈ એપ્લિકેશનમાં એક્સેસ કરવાથી ફોનની સ્પીડને માઠી અસર થાય છે.

હવે ધારો કે સોશિયલ મીડિયામાં ફોટો કે વીડિયો શેર કરવાના છે એ સમયે બાકીની એપ્લિકેશન રીસેન્ટ એપ્લિકેશન વ્યૂમાંથી કાઢી નાખો. જેટલી એપ્સ ખુલ્લી હશે એટલો સ્પીડ રેટ ઘટશે. રેમ મેમરી પર લોડ વધશે. માત્ર એ જ એપ્લિકેશન ખુલ્લી રાખો જેમાં સતત કંઈક કરવાનું હોય છે.ફોનને લોક કરીને મૂકવાની ટેવ હોય તો રીસેન્ટ એપ્લિકેશનનું મેનું ક્લિયર કરવાથી ફાયદો થાય છે. આઈફોન હોય કે એન્ડ્રોઈડ રેમ મેમરી પર લોડ જેટલો ઓછો એટલી સ્પીડ વધારે. અંગ્રેજી સિવાયની કોઈ ભાષામાં વાર્તાલાપ કરવાનો હોય એ સમયે ઘણીવાર અક્ષરો ટાઈપ કર્યાના થોડા સમય બાદ દેખાય છે. આવું થાય ત્યારે જે તે એપ્લિકેશન બંધ કરીને ફરી શરૂ કરવાથી ફાયદો થાય છે.મુવી કે ઓનલાઈન સ્ટ્રિમિંગ એપ્લિકેશનને લાંબા સમય સુધી જોવા ચાલુ રાખવાની હોય ત્યારે બાકીની એપ્લિકેશન રીસેન્ટ એપમાંથી ડિલિટ કરી દો. ફોનને લોડ ઓછો લાગશે અને સ્પીડમાં પણ ફાયદો થશે. ઘણા ફોનમાં હવે સ્પીલ્ટ વિકલ્પ આવે છે.

# તૂટેલાં સંબંધના મ્યુઝિયમ વિશે સાંભળ્યું છે?

દુનિયા વિવિધ અજાયબીઓથી ભરેલી છે. જેને સાંભળીને-જોઈને આશ્ચર્ય જરૂર થાય છે. આવી જ એક અજાયબીથી અમે તમારો પરિચય કરાવીશું. એના માટે આપણને જવું પડશે ક્રોએશિયાની રાજધાની જગરેબ. વાત એમ છે ફિલ્મમેકર ઓલિંકા વિસ્તિકા અને તેના આર્ટિસ્ટ પાર્ટનર ડરેજન ગ્રુબિચિક વચ્ચે ચાર વર્ષથી પ્રેમ સંબંધ હતો. જોકે આ સંબંધ પર ચાર વર્ષમાં જ પૂર્ણવિરામ લાગી ગયું.ચાર વર્ષ દરમિયાન બન્નેએ એકમેકને અનેક ભેટ-સોગાદો આપી હતી. હવે એનું શું કરવું? એની તેમને કાંઈ સમજ પડી નહી. તેમને સલાહ આપવામાં આવી કે જે કાંઈ થયું એને ભૂલીને આગળ વધવા જણાવ્યું. આ બધાની અંદર તેમને એક એવો વિચાર આવ્યો કે આ બધી ગિફ્ટ્સને એક મ્યૂઝિયમમાં રાખવામાં આવે. બસ, તેમના આ નેક ખયાલથી 'મ્યુઝિયમ ઑફ બ્રોકન રિલેશનશિપ્સ' એટલે કે તૂટેલા સંબંધોનું મ્યુઝિયમ અસ્તિત્વમાં આવ્યું.આ મ્યુઝિયમનો ઉદ્દેશ માત્ર એટલો જ છે કે બ્રેકઅપની સ્ટોરીઝ અને એની સાથે જોડાયેલી વસ્તુઓને એકઠી કરવાનો છે. આ મ્યુઝિયમની સ્થાપના બાદ એમાં તૂટેલા સંબંધોની સ્ટોરીઝ અને પ્રતીકો વધતા ગયા છે. દરેક વસ્તુઓને અહી ખૂબ સરસ રીતે ગોઠવવામાં આવી છે. લોકોની સ્ટોરીઝ પણ દિલને સ્પર્શી જાય છે. અહીં 'લવ બ્રેકઅપ્સ' લખેલી ટી-શર્ટસ પણ વેચાય છે. આવા અનોખા મ્યુઝિયમની મુલાકાત તો એક વખત લેવા જેવી છે.૧૮ મેએ આંતરરાષ્ટ્રીય મ્યુઝિયમ દિવસ સેલિબ્રેટ કરવામાં આવ્યો હતો. એમાં વિશ્ર્વભરના મ્યુઝિયમને એકઠા કરવાનો ધ્યેય છે. આ વર્ષની થીમ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ છે. મ્યુઝિયમ સાંસ્કૃતિક હબના રૂપમાં શહેરના વિકાસમાં પણ યોગદાન આપે છે. એમાં આપણા વારસાનું પણ જતન થાય છે.અંદામાનના સેલ્યુલર જેલના મ્યુઝિયમથી આપણને જાણ થશે કે આપણાં સ્વતંત્રતા સેનાનીઓએ દેશને આઝાદ કરાવવા માટે કેટલી યાતના ભોગવી હતી. તો બીજી તરફ પંજાબના વિભાજન મ્યુઝિયમમાં જશો તો ખ્યાલ આવશે કે ૧૯૪૭માં ભારતીય ઉપમહાદ્વીપનો માત્ર ભૌગોલિક જ નહીં, પરંતુ સંબંધો વચ્ચે પણ સીમારૂપી દીવાલ ઊભી થઈ ગઈ.

## તંત્રી લેખ...-

**સોમવાર, તા.૨ જુન ૨૦૨૫**

# પાક-ચીન-તાલિબાન મૈત્રી

ઓપરેશન સિંદૂરમાં ભારતના હાથે બૂરી રીતે ફટકાર ખાધા પછી પાકિસ્તાન તેના ઓલવેધર ફ્રેન્ડ ગણાતા ચીનના સહારે પહોંચ્યું છે. ગત બુધવારે વિદેશમંત્રી અને નાયબ વડાપ્રધાન ઈશાક દાર બીજિંગ પહોંચ્યા હતા, ત્યાં આમ તો વાતચીત તેમની અને ચીની વિદેશમંત્રી વાંગ યી સાથે થવાની હતી, પણ અફઘાનિસ્તાનના વિદેશમંત્રી આમીરખાન મુત્તાકી પણ આ મુલાકાતમાં હાજર રહ્યા એ દર્શાવે છે કે, પાકિસ્તાન-ચીન અને અફઘાનિસ્તાનનો ત્રિકોણ રચાઈ રહ્યો છે. આપણા પડોશના આ ત્રણે દેશોના વિદેશમંત્રીઓની બેઠક થાય ત્યારે આપણા કાન સરવા બની જ જાય. આપણા આ સાખ પડોશીઓના વિદેશમંત્રીની બેઠક બાદ બહાર આવેલા અહેવાલો એવું સૂચવે છે કે, ચીન-પાકિસ્તાન વચ્ચે બંધાઈ રહેલો ચીન-પાકિસ્તાન આર્થિક કોરિડોર (સીપીઈસી) અફઘાનિસ્તાન સુધી લંબાવવાની સહમતી સધાઈ છે. પાકિસ્તાની વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું છે કે, બંને દેશો બેસ્ટ એન્ડ રોડ ઈનિસિયેટિવ અંતર્ગત આર્થિક કોરિડોર અફઘાનિસ્તાન સુધી લંબાવવાને સમર્થન અપાયું છે. વળી ચીને પાકિસ્તાન અને અફઘાનિસ્તાનથી ક્ષેત્રીય અખંડતા, સંપ્રભુતા અને રાષ્ટ્રીય ગરિમાનાં રક્ષણને પણ સમર્થન આપ્યું છે.

ભારત સી.પી.ઈ.સી.ના વિરોધમાં છે. કેમ કે, પાક કબજાગ્રસ્ત કાશ્મીરમાંથી પસાર થાય છે. વળી આ વિદેશમંત્રી એસ. જયશંકરની અફઘાનિસ્તાનના વિદેશમંત્રી મુત્તાકી સાથે વાતચીત થયા બાદ ત્રણે પડોશી વિદેશમંત્રીઓની મુલાકાત ગોઠવાઈ હતી. જો કે, ભારતે હજી તાલિબાન સરકારને સત્તાવાર માન્યતા નથી આપી, જ્યારે વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલને આ સંદર્ભે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે માત્ર એટલું જ કહ્યું કે, ત્રણે વિદેશમંત્રીઓની મુલાકાતના કેટલાક રિપોર્ટ્સ જોવા મળ્યા છે. એથી વધારે કંઈ કહેવાનું નથી. બીજીતરફ ચીની વિદેશ મંત્રાલયના પ્રવક્તા લિન જિયાંને આ વિદેશમંત્રીઓની બેઠકને ઔપચારિક ગણાવી છે. ચીન તરફથી પાકિસ્તાન અને અફઘાનિસ્તાન સાથે રાજકીય સંબંધોમાં આગળ વધવાનો સ્પષ્ટ ઈરાદો દેખાડાયો છે. ચીન અને પાકિસ્તાન અફઘાનિસ્તાનના પુનઃનિર્માણ અને વિકાસનું સમર્થન કરે છે. ૨૦૨૧માં અફઘાનિસ્તાનમાં તાલિબાન સરકાર આવ્યા પછી તેની સાથે રાજનીતિક સંબંધ રાખનારા શરૂઆતના દેશોમાં ચીન પણ હતું. તેથી આ મુલાકાતનું પાકિસ્તાનની ભારત વિરોધી કૂટનીતિની રણનીતિ અને ક્ષેત્રીય સમર્થન મેળવવાનો પ્રયત્ન હોવાનું માની શકાય. જો આપણા આ ત્રણે પડોશી દેશો એકબીજાની નજીક આવે એ આપણી વિદેશનીતિ માટે ઝટકા સમાન બની રહેશે. કમનસીબી એ છે કે, ચીન અને પાકિસ્તાન સાથે વાતચીત કરતું અફઘાનિસ્તાન એ ભૂલી ગયું છે કે, તેના પુનઃનિર્માણમાં ભારતે કેટલી મદદ કરી છે.

## ટ્રમ્પને ભારત - પાકિસ્તાન પ્રશ્નના ઉકેલ કરતાં વધારે વેપારમાં રસ છે

ભારત સાથે ટ્રમ્પની મૈત્રી છે, એના કરતાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને તેમની સાથે મૈત્રી છે એમ વધારે દેખાય યોગ્ય છે. ભારતના કોઈ પણ વડાપ્રધાન કરતાં વધુ, નરેન્દ્રભાઈ મોદી એવી નવ મુલાકાત અમેરિકાની લઈ આવ્યા છે, ને ટ્રમ્પ પણ ભારત આવ્યા છે. મૈત્રી એવી કે અમેરિકી પ્રમુખ તરીકે સોગંદવિધિમાં ભારતને ઉપસ્થિત રહેવાનું આમંત્રણ હતું, પણ નરેન્દ્રભાઈ મોદીને ન હતું. તેમાં ટ્રમ્પ, નરેન્દ્રભાઈ મોદીથી એ મુદ્દે નારાજ હતા કે બીજા કાર્યકાળની ચૂંટણીમાં મોદી ટ્રમ્પને મળ્યા ન હતા. મોદી રેસિપ્રોકલ ટેરિફને મામલે ટ્રમ્પ સામે ઝૂક્યા નથી તે પણ ટ્રમ્પની નારાજગીનું કારણ ખરું. ટ્રમ્પે પ્રમુખ તરીકે દુનિયા સામે ટેરિફિક ટેરિફ વોર છેડયું અને ચીન, ભારત તથા અન્ય દેશો સામે સોથી વધુ ટકા ટેરિફ વસૂલવાની ધમકી ઉચ્ચારી. સામે ભારત, ચીને પણ ટેરિફ અંગે ધમકીઓ આપી હતી. કોઈ પોતાની આગળ નીકળે એ પણ ટ્રમ્પને બહુ રૃચતું નથી. બાકી હતું તે એપલનાં ઝઈ ટિમ કૂકે ભારતનાં વખાણ કર્યાં. પરિણામે ટ્રમ્પનું એવું ફરમાન છૂટયું કે એપલ કંપનીએ તેનાં ફોન અમેરિકામાં બનાવવા. જો એપલ કંપની ભારતમાં મોબાઈલ બનાવતી જ હોય, તો દેખીતું છે કે તે અહીં વાઈન્ડ અપ ન કરે. ટ્રમ્પે એપલ અને સેમસંગ કંપનીઓને બહાર ફોન બનાવવાની છૂટ તો આપી, પણ તેમને ૨૫ ટકા ટેરિફ લગાવવાની વાત પણ કરી. આ ટેરિફ નથી, પણ પેનલ્ટી જ કહી શકાય છે. એ જ રીતે અમેરિકાની બહાર બનતી ફિલ્મ પર પણ ૧૦૦% ટેરિફ નાખવાની વાત ટ્રમ્પ કરી રહ્યા છે.

આ ચર્ચાની વચ્ચે ભારતે આતંકી થાણાંઓ પર એર સ્ટ્રાઈક કરી ને પાકિસ્તાને પણ પોતાની તરફે જે સ્થિતિ ઉભી કરી, તેના પરિણામે યુદ્ધ જેવી સ્થિતિનું નિર્માણ થયું. પણ વાત માત્ર ઓપરેશન સિંદૂરથી હાલ ઠંડી પડી છે. પાકિસ્તાનને વધુ નુકસાન થતાં, તેણે યુદ્ધ વિરામની વિનંતીઓ કરી ને ભારતે તે મંજૂર રાખી એવી વાતમાં દેખીતું છે કે તેની જાહેરાત ભારત કરે, પણ અમેરિકાથી ડોનાલ્ડ ટ્રમ્પે કરી. આખી દુનિયામાં ટ્રમ્પે વારંવાર કહ્યું કે યુદ્ધવિરામ પોતાના પ્રયત્નને આભારી છે. પછી જ્યારે ભારતે ખુલાસો કર્યો ત્યારે એ બહાર આવ્યું કે ટ્રમ્પે દખલ કરી હતી. ટ્રમ્પે વ્હાલા થવા, પીઓકે સંદર્ભે માથું મારવાની કોશિશ કરી, તો ભારતે કોઈની પણ દખલ વગર એ મામલો ઉકેલવાની વાત કરી છે. ટ્રમ્પને ભારત - પાકિસ્તાન પ્રશ્નના ઉકેલ કરતાં વધારે વેપારમાં રસ છે એમ તેઓ વારંવાર કહે છે. ટ્રમ્પ રશિયા- યુક્રેન યુદ્ધ મામલે મધ્યસ્થિ થવા ગયા. યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીને અમેરિકા બોલાવીને પાણીથી પાતળા કર્યા, તો રશિયન પ્રમુખ પુતિનને પણ યુદ્ધ વિરામ અંગે વારંવાર સમજાવ્યા. પણ પરિણામ હકારાત્મક નથી. ટ્રમ્પ અને ઈઝરાયેલના નેતન્યાહૂ વચ્ચે હવે દુશ્મન જેવી સ્થિતિ છે. ઈઝરાયેલના નેતન્યાહૂ વૈશ્વિક દબાણ છતાં કહે છે કે ગાઝા પર હુમલો નહી રોકાય. તેનું કારણ અમેરિકામાં ઈઝરાયેલી દૂતાવાસના કર્મચારી પતિ-પત્નીની હત્યા થઈ અને ઈઝરાયેલ ઈરાન પર પરમાણુ હુમલો કરવાનું છે એ વાત જાહેર થતાં ટ્રમ્પે ઈરાનને કહી પણ દીધી. આવા કારણે અમેરિકા, ઈઝરાયેલ અને ગાઝા વચ્ચેનું યુદ્ધ રોકે એ સ્થિતિ બનવાની નથી.

સૌથી મોટી મહાસત્તાના પ્રમુખ ગૌરવ અને ગરિમા જાળવે તેવું લાગતું નથી. અમેરિકા પોતે વેઠી લે, પણ દુનિયાના અન્ય દેશો પણ તેમની જોહુકમી, ઉદ્ધતાઈ અને અસ્થિર રાજવ્યવસ્થા વેઠી લે એ આશ્ચર્યજનક બાબત છે. ૨૦ જાન્યુઆરી, ૨૦૨૫ને રોજ બીજી વખત અમેરિકી પ્રમુખ તરીકે ડોનાલ્ડ ટ્રમ્પે કાર્યભાર સંભાળ્યો ત્યારથી તે સતત વિવાદમાં રહે છે. દુનિયાને તેમણે જપવા દીધી નથી અને તેમનાં ફરમાનોમાં ઠરેલપણું ન હોવાની વાત આજે ચર્ચાનો વિષય છે.

### આપણે ત્યાં હકારાત્મક ટીકાને પણ હકારાત્મક રીતે નહી લેવાની ફેશન છે

# એરફોર્સ ચીફે જાહેરમાં ફરિયાદ કરવી પડે એ શરમજનક કહેવાય

ભારતે પાકિસ્તાનમાં ઘૂસીને આતંકવાદીઓના અડ્ડાઓનો ખુરદો બોલાવવા હાથ ધરેલા ઓપરેશન સિંદૂરના નશામાં આખો દેશ ઝૂમી રહ્યો છે ત્યારે વાયુસેનાના વડા એર ચીફ માર્શલ અમરપ્રીત સિંહે એક ગંભીર મુદ્દા તરફ ધ્યાન દોર્યું છે. એર ચીફ માર્શલ અમરપ્રીત સિંહે એરફોર્સ માટેની ડિફેન્સ સિસ્ટમની ખરીદી અને ડિલિવરીમાં સતત થઈ રહેલા વિલંબ અંગે બળાપો કાઢતાં કહ્યું છે કે દેશનાં સંરક્ષણ દળો માટેની ડિફેન્સ સિસ્ટમ્સનો એક પણ પ્રોજેક્ટ એવો નથી જે સમયસર પૂરો થયો હોય. તેના કારણે એરફોર્સ સહિતનાં સંરક્ષણ દળોની કામગીરીને અસર થઈ રહી છે. આપણી સેના મજબૂત હોય તો યુદ્ધો જિતાય છે. આપણી સેનાની તમામ પાંખને મજબૂત બનાવવાની જવાબદારી આપણાં બધાંની છે પણ ડિલિવરીમાં વિલંબના કારણે ઓપરેશનલ તૈયારીઓ પર ગંભીર અસર પડે છે.

એર ચીફ માર્શલ અમરપ્રીત સિંહે તો એક ગંભીર સવાલ પણ કર્યો કે, આપણે એવાં વચનો કેમ આપીએ છીએ કે જે પૂરાં જ ન થઈ શકે ? એરફોર્સ ચીફના કહેવા પ્રમાણે તો ઘણી વખત કરાર પર સહી કરતી વખતે જ ખબર હોય છે કે પ્રોજેક્ટ સમયસર પૂરો થશે નહીં અને સમયસર ડીલિવરી મળશે નહીં છતાં કરાર પર સહી કરી નાખીએ છીએ. તેના કારણે આખી સિસ્ટમ બગડી જાય છે. એરફોર્સ ચીફે દેશના ઉદ્યોગ અને વ્યાપાર જગતના ધૂરંધરોની બનેલી ક્નફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રીઝ સીઆઈઆઈની વાર્ષિક વ્યાપાર સમિટમાં આ સવાલ ઉઠાવ્યા તેથી આખા દેશનું તેના તરફ ધ્યાન ખેંચાય એ સ્વાભાવિક છે.

એરફોર્સ ચીફે ઉઠાવેલો મુદ્દો ગંભીર છે ને વધારે ગંભીર વાત એ છે કે, એરફોર્સ ચીફે પહેલીવાર સિસ્ટમ સામે સવાલ કર્યા નથી. આ પહેલાં ૮ જાન્યુઆરીએ એર ચીફ માર્શલ અમરપ્રીત સિંહે તેજસ ફાઈટર એરક્રાફ્ટની ડિલિવરીમાં વિલંબ પર ચિંતા વ્યક્ત કરી હતી. એ વખતે એરફોર્સ ચીફે કહ્યું હતું કે તેજસ એમકે૧એ ફાઈટર જેટ માટે ફેબ્રુઆરી ૨૦૨૧માં હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ એચએએલ સાથે રૂપિયા ૪૮,૦૦૦ કરોડનો કરાર કરવામાં આવ્યો હતો. તેજસની ડિલિવરી માર્ચ ૨૦૨૪થી શરૂ થવાની હતી પણ હજુ સુધી એક પણ વિમાન આવ્યું નથી. આઘાતની વાત એ છે કે, તેજસ એમકે૨નો પ્રોટોટાઈપ હજુ તૈયાર નથી. આપણે એડવાન્સ્ડ સ્ટીલ્થ ફાઈટર એએમસીએની વાત કરીએ છીએ પણ હજુ સુધી તેનો પ્રોટોટાઈપ પણ તૈયાર નથી.

એરફોર્સ ચીફે કહેલું કે, ૪૦ જેટ ફાઈટર હજુ સુધી એરફોર્સને મળ્યાં નથી અને ચીન જેવા દેશો પોતાની તાકાત વધારી રહ્યા છે ત્યારે આપણે રાહ જોઈને બેઠા છીએ. ચીને થોડા દિવસ પહેલાં જ સિક્સ્થ સ્ટીલ્થ જનરેશન લડાયક વિમાનનું પરીક્ષણ કરીને આખી દુનિયામાં સોપો પાડી દીધો હતો. દુનિયામાં અમેરિકા સહિતના દેશો હજુ ફિફ્થ જનરેશન ફાઈટર જેટ વાપરે છે ત્યારે ચીને દુનિયામાં સિક્સ્થ જનરેશન ફાઈટર જેટ બનાવનારો પહેલો દેશ બનવાની સિદ્ધિ મેળવીને સૌને ચકિત કરી દીધા હતા.

એરફોર્સ ચીફે એ સંદર્ભમાં આ નિવેદન આપેલું અને હવે પાંચ મહિના પછી તેમણે આ વાત ફરી દોહરાવવી પડી છે કેમ કે તેમની ટકોર છતાં સ્થિતીમાં કોઈ ફરક પડ્યો નથી. હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ એચએએલ સરકારી કંપની છે અને સરકારી રાહે કામ કર્યા કરતી લાગે છે તેથી એરફોર્સ ચીફની ટકોર પછી પણ હજુ સુધી તેજસની ડિલિવરી શરૂ થઈ નથી.એરફોર્સ ચીફની ટીપ્પણીને અત્યંત ગંભીરતાથી લેવાની જરૂર છે કેમ કે પહલગામ હુમલાને પગલે કરાયેલા ઓપરેશન સિંદૂર પછી ભારત અને પાકિસ્તાનના સંબંધો વધારે તણાવપૂર્ણ બન્યા છે. ભારતના આક્રમણથી બઘવાઈને પાકિસ્તાન ભલે અત્યારે ચૂપ બેસી ગયું હોય પણ એ લાંબો સમય ચૂપ નહી રહે ને કોઈ ને કોઈ સળી કરશે જ. પાકિસ્તાનમાં નેતાઓ અને લશ્કરી અધિકારીઓની દુકાન જ ભારતીયોનાં લોહી રેડવાની કાયરતા પર ચાલે છે તેથી પાકિસ્તાન ચૂપ નહી જ બેસે. બાંગ્લાદેશ અને ચીન પણ ભારતનાં દોસ્ત નથી એ જોતાં આપણા લશ્કરને વધારે સજ્જ કરવાની જરૂર છે જ. લશ્કરની જરૂરિયાતો પૂરી કરવી જરૂરી છે. એરફોર્સ ચીફે જાહેરમાં બે-બે વાર યોગ્ય સમયે ફાઈટર જેટની કે ડિફેન્સ સિસ્ટમની ડિલિવરી નથી મળતી એવી ફરિયાદ કરવી પડે એ શરમજનક કહેવાય. આ શરમ દૂર થવી જોઈએ અને કમ સે કમ કરારો થયા છે એ પ્રમાણે તો ડિલિવરી થવી જ જોઈએ.

આપણે ત્યાં હકારાત્મક ટીકાને પણ હકારાત્મક રીતે નહી લેવાની ફેશન છે. કોઈ પણ ટીકા સામે ટ્રોલ આર્મી કૂદી પડે છે અને ટીકા કરનારના ઈરાદાને સમજ્યા વિના તેના પર દેશદ્રોહીનાં લેબલ લગાવવાની ઝુંબેશ શરૂ થઈ જાય છે. થોડા સમય પહેલાં ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામની જાહેરાત કરવા આવેલા વિદેશ સચિવ વિક્રમ મિસરીનો દાખલો તાજો છે. વિક્રમ મિસરી તો બિચારા સરકારે લીધેલા નિર્ણયની જાહેરાત કરવા આવેલા પણ જાણે તેમણે આ જ નિર્ણય લીધો હોય તેમ ટ્રોલ આર્મી તેમના પર તૂટી પડેલી. મિસરીની દીકરી અને પરિવાર વિશે ગંદી વાતો કરાઈ, ધમકીઓ પણ અપાઈ.

સદનસીબે એરફોર્સ ચીફની ટીકાના સંદર્ભમાં એવું કશું થયું નથી પણ એ પૂરતું નથી. એરફોર્સ ચીફે દેશની સુરક્ષા સામેના ગંભીર પડકારને લોકો સામે મૂક્યો છે ત્યારે લોકો તેને સમર્થન આપે એ જરૂરી છે. લશ્કરી શિસ્તના કારણે સામાન્ય રીતે લશ્કરી વડાઓ પોતાની તકલીફો કે સમસ્યાઓની વાત જાહેરમાં કરતા નથી. એરફોર્સ ચીફે ડિફેન્સ વેપન્સની ડિલિવરી ઝડપથી મળતી નથી તેની વાત લોકો સામે મૂકી તેનો અર્થ એ થયો કે, એ ગળે આવી ગયા છે. તેમની લાગણી સમજી શકાય એવી છે કેમ કે આધુનિક ટેકનોલોજીના જમાનામાં હથિયારો વિના દુશ્મન સામે લડી ના શકાય. અત્યારે ખાલી બહાદુરી ના ચાલે પણ બહાદુરી બતાવવા માટે હથિયારો પણ જોઈએ.

આપણા એરફોર્સે ઓપરેશન સિંદૂર વખતે બતાવેલી બહાદુરીને આખા દેશે વખાણી અને જવાનોની મર્દાનગીને સલામ કરી. એરફોર્સ ચીફની વાતનો એક અર્થ એ પણ છે કે, પૂરતાં વિમાનો સહિતનાં સાધનો નહી હોવા છતાં એરફોર્સે જોરદાર કામગીરી કરી બતાવી છે. ભવિષ્યમાં એરફોર્સ આ રીતે જ દેશની સુરક્ષા કરે એ માટે તેને સજ્જ કરવું જરૂરી છે ત્યારે લોકોએ સોશિયલ મીડિયા પર તેમની વાતને ટેકો આપીને દબાણ પેદા કરવું જોઈએ. સરકાર સંરક્ષણ માટે પૂરતું બજેટ ફાળવે છે અને કરારો પણ કરે છે પણ તેનો ઝડપથી અમલ થાય એ પણ જરૂરી છે.

### ટ્રમ્પનું ફટકે તો વિદેશી વિદ્યાર્થીઓની એન્ટ્રી પર પણ પ્રતિબંધ મૂકી શકે એ જોતાં ધૂંધળું ભાવિ તો છે જ તેમાં શંકા નથી

# ટ્રમ્પના તુક્કાએ ભારત માટે તક ઊભી કરી દીધી

**ભારતના વિદ્યાર્થીઓ રાજકીય રીતે બહુ સક્રિય હોતા નથી તેથી તેમને આ નિર્ણયની બહુ અસર કદાચ નહીં થાય.**

ડોનલ્ડ ટ્રમ્પ અમેરિકાના પ્રમુખ બન્યા પછી જાત જાતના તુક્કા રમતા કર્યા કરે છે ને તેમને સૂઝેલો નવો તુક્કો વિદેશી વિદ્યાર્થીઓ માટે નવા વિઝા ઈન્ટરવ્યૂ પર પ્રતિબંધનો છે. અમેરિકન સરકારે વિદેશી વિદ્યાર્થીઓ માટે નવા વિઝા ઈન્ટરવ્યૂ પર પ્રતિબંધ મૂકીને ફતવો બહાર પાડ્યો છે કે, નવી માર્ગદર્શિકા બહાર પાડવામાં ના આવે ત્યાં સુધી તાત્કાલિક અસરથી વિદેશી વિદ્યાર્થી અથવા એક્સચેન્જ વિઝિટર વિઝા માટે નવી એપોઈન્ટમેન્ટ્સને મંજૂરી ના આપવી. એફ, એમ અને જે એ ત્રણ કેટેગરીના વિઝામાં નવા ઈન્ટરવ્યૂ પર પ્રતિબંધ મુકાયો છે.

આ ફતવા પ્રમાણે, અગાઉથી નક્કી કરેલા ઈન્ટરવ્યૂ કરી શકાશે પણ નવી એપોઈન્ટમેન્ટ્સ આપવાની નથી. અમેરિકાના વિદેશ પ્રધાન માર્કો રુબિયોએ બહાર પાડેલા આ આદેશનો ઉદ્દેશ્ય અમેરિકાની યુનિવર્સિટીઓમાં ફેલાવાઈ રહેલા યહૂદી વિરોધી અને ડાબેરી વિચારોને રોકવાનો છે. રુબિયોએ વિશ્વભરના યુએસ દૂતાવાસોને નવી સૂચના ના મળે ત્યાં લગી વિદ્યાર્થી વિઝા માટે નવા ઈન્ટરવ્યૂ શેડ્યૂલ નહીં કરવા ફરમાન કર્યું છે.

આ ઉદ્દેશ્યને પાર પાડવા માટે ટ્રમ્પ વહીવટીતંત્ર અમેરિકા આવતા વિદ્યાર્થીઓના સોશિયલ મીડિયા પ્રોફાઈલની ચકાસણી કડક કરશે અને જે વિદ્યાર્થીઓ યહૂદી વિરોધી કે ડાબેરી વિચારધારા ધરાવતા હશે તેમના નામ પર કાયમ માટે ચોકડી વાગી જશે. ટ્રમ્પ સરકારે આ ફતવામાં એવી પણ જોગવાઈ કરી છે કે, કોઈ વિદેશી વિદ્યાર્થી જાણ કર્યા વિના કોર્સ છોડી જાય, ક્લાસમાં હાજરી ન આપે અથવા અભ્યાસ અધવચ્ચે જ છોડી દેશે તો પણ તેનો વિદ્યાર્થી વિઝા રદ થઈ જશે અને ભવિષ્યમાં યુ.એસ.વિઝા માટેની લાયકાત ગુમાવી દેશે.

ટ્રમ્પ સરકારના ફતવાથી વિદેશી વિદ્યાર્થીઓમાં ખળભળાટ છે કેમ કે લાખો વિદ્યાર્થીઓ એવા છે કે જે છેલ્લાં કેટલાંય વરસોથી અમેરિકામાં ભણવા માટે આયોજન કરી રહ્યા હશે. તેમનાં મા-બાપ તેમના શિક્ષણ માટેના આર્થિક ખર્ચની જોગવાઈ કરી રહ્યાં હશે. ટ્રમ્પના તુક્કાના કારણે રાતોરાત તેમનું ભાવિ અધ્ધરતાલ થઈ ગયું છે.

હવે આ બધા વિદ્યાર્થી અમેરિકન સરકારના અધિકારીઓની મહેરબાની પર છે. એ લોકોને લાગે કે, વિદ્યાર્થીની વિચારધારા ડાબેરી કે યહૂદી વિરોધી છે તો તેમનાં પત્તાં કપાઈ જશે.

ભારતના વિદ્યાર્થીઓ રાજકીય રીતે બહુ સક્રિય હોતા નથી તેથી તેમને આ નિર્ણયની બહુ અસર કદાચ નહી થાય. મહત્તમ અસર મુસ્લિમ દેશો, આફ્રિકા અને યુરોપથી આવતા વિદ્યાર્થીઓને થશે પણ ભારતીય વિદ્યાર્થીઓ માટે પણ લટકતી તલવાર તો છે જ. આ પ્રકારના ફતવાઓની માનસિક અસર પણ હોય છે તેથી તેની અસર પણ થશે જ. ટ્રમ્પે અત્યારે અમેરિકામાં વિદેશી વિદ્યાર્થીઓની એન્ટ્રી સાવ બંધ કરી નથી પણ તેના મગજનું ઠેકાણું નહી.

ટ્રમ્પનું ફટકે તો વિદેશી વિદ્યાર્થીઓની એન્ટ્રી પર પણ પ્રતિબંધ મૂકી શકે એ જોતાં ધૂંધળું ભાવિ તો છે જ તેમાં શંકા નથી. અમેરિકામાં શિક્ષણ પૂરું કર્યા પછી તરત જ પોતાના દેશ પાછા ફરવું પડે એ પ્રકારના નવા નિયમો પણ ટ્રમ્પ બનાવી રહ્યા છે એ જોતાં હવે અમેરિકામાં શિક્ષણ પહેલાંની જેમ સારી કારકિર્દી બનાવવાનો શ્યોર શોટ નહીં જ રહે તેમાં શંકા નથી. ટ્રમ્પનું છટકેલું છે એ જોતાં હજુ કેવા કેવા ફતવા આવશે તેની પણ આપણને ખબર નથી.ટ્રમ્પનો નિર્ણય ભારતીયો સહિતના વિદેશી વિદ્યાર્થીઓ માટે આંચકાજનક છે પણ તેના કારણે ભારત માટે એક તક પણ ઉભી થઈ છે. અમેરિકામાં વિદેશી વિદ્યાર્થીઓના એડમિશન ધિકતો ધંધો છે. અમેરિકા દર વર્ષે લગભગ ૫૦ અબજ ડોલરની કમાણી વિદેશી વિદ્યાર્થીઓને એડમિશનમાંથી જ કરે છે. અમેરિકાની ૩૦ ટ્રિલિયન ડૉલરની ઈકોનોમીમાં આ રકમ બહુ મોટી નથી પણ ભારત સહિતના દેશો માટે આ રકમ બહુ મોટી છે.ભારત આ રકમમાંથી વીસેક ટકા રકમ પણ પોતાની તરફ વાળી શકે તો તેના કારણે ભારતના અર્થતંત્રને બહુ મોટો વેગ મળે પણ એ તાત્કાલિક શક્ય બનવાનું નથી કેમ કે અમેરિકામાં ભણવા માગતા વિદ્યાર્થીઓ માટે ભારત અત્યારે વિકલ્પ જ નથી. ઊલટાનું ભારતનું શિક્ષણ એ હદે કથળેલું છે કે, આપણાં ટેલેન્ટેડ છોકરાં દેશ છોડી છોડીને ભાગી રહ્યાં છે.

વિદેશી વિદ્યાર્થીઓ ભારત તરફ વળે એ માટે ભારતે એક નક્કર નીતિ અપનાવવી પડે અને એક દાયકાનું આયોજન કરવું પડે. અમેરિકા સહિતના દેશોમાં વિદ્યાર્થીઓ ભણવા જાય છે તેનું કારણ ભણી રહ્યા પછી રોજગારીની પુષ્કળ તકો છે. આઈટી સહિતના સાયન્સ અને ટેકનોલોજીના વિષયોમાં અમેરિકાનું શિક્ષણ અવ્વલ મનાય છે.અમેરિકામાં વિદેશથી આવતા મોટા ભાગના વિદ્યાર્થી સાયન્સ અને ટેકનોલોજીના વિષયોનું શિક્ષણ લઈને અમેરિકામાં થાળે પડવા જ આવે છે. ભારતમાં સાયન્સ અને ટેકનોલોજીના શિક્ષણનું સ્તર સાવ કથળેલું છે તેથી અત્યારે કોઈ અહી આવતું નથી પણ ભારત બે મોરચે કામ કરે તો વિદેશી વિદ્યાર્થીઓ અહી આવવા માંડે.પહેલું સાયન્સ અને ટેકનોલોજીના શિક્ષણનું સ્તર સુધારવું પડે અને બીજું આ શિક્ષણ મેળવ્યા પછી ફટાફટ રોજગારી મળે એવી સ્થિતી પેદા કરવી પડે. આ બંને કામ થઈ શકે તેમ છે. ટ્રમ્પના તુક્કાના કારણે અમેરિકાની આઈટી કંપનીઓ અને બીજા સેક્ટરની કંપનીઓ પણ પરેશાન છે. ભારતની શૈક્ષણિક સંસ્થાઓ તેમની સાથે જોડાણ કરીને તેમને જરૂર છે એ પ્રકારનું શિક્ષણ આપતો સિલેબસ તૈયાર કરે તો આ કંપનીઓ ભારતમાં ભણેલા વિદ્યાર્થીઓને નોકરીઓ આપે.ભારતમાં ભણીને મલ્ટિનેશનલ કંપનીમાં નોકરી મળે તો વિદેશી વિદ્યાર્થીઓને ભારતમાં રસ પડે. આઈટી સેક્ટરમાં મોટા ભાગે આઉટસોર્સિંગથી કામ થાય છે તેથી ભારતમાં ભણેલા વિદ્યાર્થીઓને ભારતમાં જ નોકરી આપવી શક્ય પણ છે. અત્યારે બેંગલૂરુ અને હૈદરાબાદ તેનાં હબ છે પણ ભારત નવાં હબ પણ વિકસાવી શકે છે.

સાયન્સ અને ટેકનોલોજીમાં ઓટોમોબાઈલ, ફાર્માસ્યુટિકલ્સ, મેડિસિન, સ્પેસ વગેરે સેક્ટરમાં પણ અમેરિકા, જાપાન, યુરોપ વગેરેની કંપનીઓ સાથે જોડાણ કરીને તેમની જરૂરીયાતો પ્રમાણેની ટેલેન્ટ તૈયાર કરવી શક્ય છે જ. તેના માટે વિદેશી રોકાણના નિયમોમાં ફેરફાર કરવો પડે, શિક્ષણના ક્ષેત્રમાં વિદેશી યુનિવર્સિટીઓ કે કંપનીઓને પ્રવેશ આપવો પડે ને સૌથી મહત્ત્વનું એ કે, આપણી શિક્ષણ નીતિને બદલવી પડે.અત્યારે આપણી શિક્ષણ નીતિ જૂના જમાનાની છે ને આપણે બે ભાષા ભણાવવી કે ત્રણ ભાષા ભણાવવી તેમાં અટવાયેલા છીએ. આ બધું બાજુ પર મૂકીને સાયન્સ અને ટેકનોલોજીના શિક્ષણ પર ભાર મુકાય તો ટ્રમ્પના તુક્કાને તકમાં ફેરવી શકાય તેમ છે. ભારત શિક્ષણનું હબ બને તો વિદ્યાર્થીઓને તો પછી રોજગારી મળશે જ પણ એ પહેલાં લાખો લોકોને રોજગારી મળશે એ જોતાં આ તક છોડવા જેવી નથી.

### જે પ્રજા પાસે સંયોજક બળો કરતા વિભાજક બળો વધારે હોય તે દુર્બળ થાય તે સ્પષ્ટ વાત છે.

# કદી સંપૂર્ણ સમાજ કે સંપૂર્ણ રાષ્ટ્રના હિતોનો વિચાર કર્યો જ નથી

**ઉત્તમ સમાજરચના કહેવાય તો અધમતા માટે જગ્યા ક્યાં રહેશે? સેતાન બિચારો ક્યાં બેસશે? આવી સમાજરચનાને પાછી ઇશ્વરીય વ્યવસ્થા કહેવામાં આવે તો જુઠ્ઠાણાને પણ લાજી મરવું પડે.**

હિન્દુ પ્રજા ધાર્મિક તથા આધ્યાત્મિક ક્ષેત્રે વિશ્વની સૌથી વધુ અસ્પષ્ટ તથા અવ્યવસ્થિત પ્રજા છે. અસંખ્ય શાસ્ત્રો, અસંખ્ય માન્યતાઓ અને અસંખ્ય મહાપુરુષો દ્વારા પ્રશાસિત હોવાથી આવી સ્થિતિ થઇ છે. ઈશ્વરવાદ તથા અનીશ્વરવાદ, હિંસા અને અહિંસા, યજ્ઞો અને યોગ, ભક્તિ અને અમર્યાદ ભોગ-આ બધું એકસાથે જોવા મળી શકે છે. આ વ્યવસ્થાથી તે દુર્બળ થઇ છે. ધર્મનું સ્વરૂપ અને માન્યતાઓ બાબત પ્રત્યેક ગામમાં અરે, કેટલીક વાર તો પ્રત્યેક ઘરમાં જુદા જુદા સ્વરૂપો જોવા મળે છે. આજે ભારતમાં જ લગભગ વીસ હજાર જેટલા સંપ્રદાયો, પંથો તથા મંડળો વગેરે અસ્તિત્વ ધરાવે છે.

જે પ્રજા પાસે સંયોજક બળો કરતા વિભાજક બળો વધારે હોય તે દુર્બળ થાય તે સ્પષ્ટ વાત છે. માત્ર ધાર્મિક પંથો કે મંડળોથી જ પ્રજા વિભાજિત નથી, પણ તેટલા જ પ્રમાણમાં સમાજરચનાથી પણ તે વિભાજિત છે. વિશ્વમાં ક્યાંય જોવા નહિ મળે તેવી સમાજરચનાથી પણ તે વિભાજિત છે. વિશ્વમાં ક્યાંય જોવા નહિ મળે તેવી સમાજરચના અહીં કરવામાં આવી છે. ચાર વર્ણોને ઈશ્વરીય રચના માનીને પછી અઢાર વર્ણો કરવામાં આવ્યા. તે પછી અસંખ્ય જાતિઓ, જ્ઞાતિઓ, ગોળો, ગોત્રો, કુળો વગેરે વગેરે દ્વારા પ્રજાને વધુ ને વધુ વિભાજિત કરવામાં આવી. આવી સમાજરચના કરનારાઓએ કદી સંપૂર્ણ સમાજ કે સંપૂર્ણ રાષ્ટ્રના હિતોનો વિચાર કર્યો જ નથી. મારી આજીવિકા અને મારી પ્રતિષ્ઠા દૃઢ થાય એ જ તેનું લન્ય રહ્યું છે.

હિન્દુ પ્રજાના દુર્ભાગ્યનું સુકાન ધર્મથી આજીવિકા ચલાવનારા માણસોના હાથમાં રહ્યું. આ લોકોએ પોતાની બેઠી આજીવિકા ચાલે તે માટે અસંખ્ય ધર્મકાંડો, વિધિઓ, વિધાનો વગેરે કર્યા. ધર્મને જીવન માટે સુવ્યવસ્થા તથા સમાજને સાધનારું તત્વ બનાવવાની જગ્યાએ પેટપોષણનું માધ્યમ બનાવ્યો. આવું કરનાર માટે કેટલાક અનિષ્ટોને સ્થાપિત કરવા જરૂરી હતા. પ્રથમ અનિષ્ટ તે વર્ણવ્યવસ્થા. બીજું અનિષ્ટ તે વર્ણવ્યવસ્થાને ઈશ્વરરચિત મનાવવાની વૃત્તિ. ત્રીજું અનિષ્ટ તે આવી વ્યવસ્થાનું નામ જ ધર્મ, આવી વ્યવસ્થાને શિથિલ કરવી કે તોડવી તેનું નામ અધર્મ.

આ ત્રણે અનિષ્ટોને સુરક્ષિત રાખવા ઋષિઓના નામે સ્મૃતિ વગેરે શાસ્ત્રો રચાયા. પોતાના જ રચેલા પક્ષપાતી શાસ્ત્રોની વ્યાખ્યા કરવાનો એકમાત્ર પોતાને જ અધિકાર છે તેવું ઠસાવાયું. આ કાર્ય વ્યાસપીઠ ઉપરથી થઇ શકતું એટલે વ્યાસપીઠ ઉપર માત્ર પોતે જ બેસી શકે, અન્યથી બેસાય નહિ તેવી અધિકારવાદી વ્યવસ્થા કરાઇ. આ બધાનું પરિણામ એ આવ્યું કે સમગ્ર પ્રજા ધાર્મિક અંધકારમાં ડૂબી ગઇ. કાશીમાં કરવત અપાવા લાગી, પ્રયાગરાજમાં અક્ષયવટ ઉપરથી કુદાવીને મોક્ષ અપાવા લાગ્યો, જગન્નાથ પુરીમાં રથ નીચે કચડાઇ મરવાથી મોક્ષ અપાવા લાગ્યો. મંદિરોમાં દેવદાસીઓ ઊભરાવા લાગી. દરિદ્ર માનવીને ન તો મંદિરમાં પ્રવેશ મળતો કે ન તો કોળિયો અન્ન મળતું. જન્મજાત પવિત્રતાની એકાધિકારિતા એક નિશ્ચિત વર્ણમાં આવી ગઇ. કેટલાક વર્ણોને પાપયોનિ કહેવાયા. સ્ત્રીઓ, વૈશ્યો તથા શૂદ્રોને અપવિત્ર મનાયા. 'સ્ત્રીયાં વૈશ્યાસ્તથા શૂદ્રસ્તેડપિ યાન્તિ પરાં ગતિમ્ ।' (ગીતા)

કોઈપણ સમાજમાં કોઈપણ વર્ણ કે વર્ગને જન્મજાત અપવિત્ર સાબિત કરવામાં આવે પછી તેની સામાજિક તથા ધાર્મિક અવનતિ નિશ્ચિત થઇ જતી હોય છે. સામાજિક તથા ધાર્મિક અવનતિનું પરિણામ આર્થિક તથા રાજકીય ક્ષેત્રે પણ પડતું હોય છે. જેને જોડા આગળ પણ બેસવાનો અધિકાર ન હોય તેને રાજ્ય સિંહાસને કોણ બેસવા દે? પ્રજાના પૂરા અધિકારો, હકો તથા લાભો મુઠ્ઠીભર માણસો પાસે એકત્રિત થઇ જાય અને બાકીની પ્રજા અધિકારો તથા હકોથી વંચિત રહી જાય તેવી સમાજરચના

ઉત્તમ સમાજરચના કહેવાય તો અધમતા માટે જગ્યા ક્યાં રહેશે? સેતાન બિચારો ક્યાં બેસશે? આવી સમાજરચનાને પાછી ઈશ્વરીય વ્યવસ્થા કહેવામાં આવે તો જુઠ્ઠાણાને પણ લાજી મરવું પડે. પણ, આ બધું અહીં થયું, થઇ રહ્યું છે અને તેના પરિણામ આખી પ્રજા ભોગવી રહી છે. હિન્દુ પ્રજાની મૂળ દુર્બળતા તેની વિભાજિત સમાજરચના છે, વર્ણવાદ છે.

કાશી એટલે વિદ્યાનગરી. પણ આ વિદ્યાએ રાષ્ટ્રીય, ધાર્મિક કે સામાજિક ક્ષેત્રની અવ્યવસ્થા, અન્યાય દૂર કરવા ખાસ પ્રયત્નો કર્યા હોય તેવું સાંભળ્યું નથી. મારું તાત્પર્ય સંસ્કૃત વિદ્યાના જુનવાણી પંડિતો પ્રત્યે છે. મહાત્મા ગાંધીજી તેમને અસ્પૃશ્યતાનિવારણના તત્વને સમજાવવા આવેલા અને કર જોડીને વિનંતી કરેલી પણ અહીંના વિદ્વાનોએ તેમને અશાસ્ત્રજ્ઞ કહી તેમની ઉપેક્ષા કરેલી. આ જ નગરીમાં કબીર, તુલસી વગેરે કેટલાય સંતો થયેલા અને તેમની દિવ્ય વાણી પ્રસરેલી પણ જુનવાણી વર્ગ સામે પક્ષે રહ્યો. તેથી તેમનો યોગ્ય સુધારો ન થઈ શક્યો.

# આખરી સપનું 'મહાભારત'નું છે, તેના પછી કશું બાકી નહીં રહેઃ આમિર ખાન





આમિર ખાને ૬૦ વર્ષની ઉંમરે પણ નિવૃત્તિના બદલે સતત વ્યસ્ત રહેવાનું પસંદ કર્યું છે. પર્સનલ લાઈફમાં ગૌરી સ્પ્રાટ સાથે રિલેશનશિપનું છડેચોક એલાન કર્યા બાદ આમિરે આગામી ફિલ્મ 'સિતારે જમીન પર'ની રિલીઝ માટે તૈયારી શરૂ કરી દીધી છે. આમિર ખાનની ઈચ્છા જીવનના છેલ્લા શ્વાસ સુધી કામ કરતા રહેવાની છે. આમિરે કહ્યું હતું કે તેમનું આખરી સપનું 'મહાભારત'નું છે. લાંબા સમયથી મનમાં ઘૂમરાયા કરતા મહાકાવ્ય પર ફિલ્મ બનાવી દીધા પછી જીવનમાં કરવા જેવું કોઈ કામ બાકી નહી રહે. કદાચ 'મહાભારત' આધારિત ફિલ્મ છેલ્લો પ્રોજેક્ટ હશે.

'સિતારે જમીન પર' અંગે વાત કરતી વખતે આમિરે કહ્યું હતું કે, મહર્ષિ વેદ વ્યાસ રચિત મહાકાવ્ય મહાભારતનો વિષય જ એટલો બધો વ્યાપક અને ભવ્ય છે કે તેના આધારિત ફિલ્મ બનાવ્યા પછી જીવનમાં કોઈ કામ બાકી નહી રહે. 'મહાભારત'થી આમિર ખાન અત્યંત અભિભૂત છે. એક પોડકાસ્ટ દરમિયાન આમિરે કહ્યું હતું કે, આ દુનિયામાં જે કંઈ પણ દેખાય છે તે બધું મહાભારતમાં છે. તેના અનેક સ્તર અને લાગણીઓ છે. આ વિષય ઘણો અગાધ છે. 'મહાભારત' પછી પોતે કશું કરી શકશે નહી, તેવું માનતા આમિરે કહ્યું હતું કે, આ ફિલ્મની સામગ્રી જ એવી હશે કે તેના પછી હું બીજુ કંઈ કરી શકીશ નહી.

આમિરે પોતાની આખરી ઈચ્છા વ્યક્ત કરતા જણાવ્યુ હતું કે, છેલ્લા શ્વાસ સુધી કામ કરતા રહેવાની ઈચ્છા છે. જો કે 'મહાભારત' પર ફિલ્મ બની જાય તો પછી બીજુ કંઈ કરવામાં રસ નહી પડે. આમિર ખાન અગાઉ અનેક વખત 'મહાભારત'ને પોતાની સૌથી મોટી મહત્ત્વાકાંક્ષા ગણાવી ચૂક્યા છે. ફિલ્મની કાસ્ટમાં કોને લેવા તે હજુ નક્કી નથી, પરંતુ આમિરના મનમાં આ અંગેની મથામણ ચાલી રહી છે. વધુમાં 'મહાભારત'ને માત્ર એક જ ફિલ્મમાં સમેટી લેવાની આમિરની ઈચ્છા નથી. તેઓ મહાભારતની વ્યાપકતાને અનેક ફિલ્મો સાથે રજૂ કરવા માગે છે. તેના માટે એકથી વધુ ડારેક્ટર રાખવાની પણ આમિરની તૈયારી છે. જેથી તમામ ફિલ્મો સમયસર પૂરી થઈ શકે.

આમિરની આગામી ફિલ્મ 'સિતારે જમીન પર' ૨૦ જૂને રિલીઝ થઈ રહી છે. સાઉથના જાણીતા ડાયરેક્ટર લોકેશ કનગરાજે તેનું ડાયરેક્શન કર્યું છે. આમિર ખાન આ ફિલ્મને થીયેટરમાં જ રિલીઝ કરવા માગે છે. આમિરના દીકરા જુનૈદની ડેબ્યુ ફિલ્મ 'લવયપા' બોક્સઓફિસ પર ઊંધા માથે પછડાઈ હતી. જેથી ફિલ્મને સંભવિત જોખમથી બચાવવા માટે ઘણાં લોકોએ આમિરને 'સિતારે જમીન પર' માટે ઓટીટી વિકલ્પ પસંદ કરવા સલાહ આપી હતી. જો કે આમિર ખાનને આ સૂચન પસંદ આવ્યું નથી અને તેઓ 'સિતારે જમીન પર'ને થીયેટરમાં જ રિલીઝ કરવા માગે છે.

આમિર ખાને દીકરા જુનૈદ માટે 'લવયપા' પ્રોડ્યુસ કરી હતી. આ ફિલ્મ બોક્સઓફિસ પર ૧૦ કરોડ સુધી પણ પહોંચી શકી નથી. પ્રોડ્યુસર તરીકે પોતાની ફિલ્મ ફ્લોપ જવાનો અફસોસ આમિર ખાનને છે. જો કે તેમને વધારે દુઃખ દીકરાની પહેલી ફિલ્મને મળેલી નિષ્ફળતાનો છે. આમિરે કહ્યું હતું કે, મારા દરેક પ્રોજેક્ટ્સ સાથે શું થાય છે, તે અંગે ચિંતા રહેતી હોય છે. જો કે જુનૈદે ઈન્ડસ્ટ્રીમાં પ્રવેશ કર્યો ત્યારે પિતા તરીકેની લાગણી મારા પર હાવિ થઈ હોવાનું લાગ્યુ હતું. જુનૈદને સફળ અને ખુશ જોવાની ઈચ્છા હતી. તેના કામના વખાણ થાય તેવી પિતા તરીકેની લાગણી તીવ્ર છે. 'લવયપા'માં જુનૈદે સારું કામ કર્યું હોવાનું આમિરને લાગે છે. જુનૈદે રીયલ લાઈફ પર્સનાલિટી કરતાં ઘણો અલગ રોલ કર્યો હતો અને કેરેક્ટરને આત્મસાત કર્યું હતું. આ ફિલ્મનું ભરપૂર ટ્રોલિંગ થયું હતું. આ નીપોકિડની ફિલ્મ હોવાનો પ્રચાર થયો અને તેને યોગ્યતા મુજબ પ્રતિસાદ મળ્યો નહી. જુનૈદ એક્ટિંગ શીખવાની શરૂઆત કરે તેવી પણ મારી ઈચ્છા ન હોતી. જો કે તેણે પોતાની પસંદગીથી આ કરિયર પસંદ કરી અને હવે તે સફળ રહે તેવી ઈચ્છા છે.

# રોહિત શેટ્ટીની 'હોરર' શરૂઆતમાં નુસરત ભરુચાની પસંદગી થઈ?



દિલધડક એક્શન અને પેટ પકડીને હસાવતી કોમેડી ફિલ્મો પર રોહિત શેટ્ટીએ હાથ અજમાવેલો છે. ભવ્ય સેટ્સ અને મોંઘી સ્ટાર કાસ્ટ સાથે જાજરમાન ફિલ્મો બનાવતા રોહિત શેટ્ટીએ પણ હવે હોરર ફિલ્મોના ટ્રેન્ડમાં ઝંપલાવવાનું નક્કી કર્યું છે. પારલૌકિક શક્તિઓ આધારિત ફિલ્મો બનાવવા માટે રોહિત શેટ્ટીએ કાસ્ટની પસંદગી શરૂ કરી છે અને તેમાં નુસરત ભરુચાનો લીડ રોલ ફાઈનલ થયો હોવાનું કહેવાય છે. રોહિત શેટ્ટી છેલ્લા એક વર્ષથી હોરર ફિલ્મ બનાવવાનું વિચારી રહ્યા છે. ઓડિયન્સની લાગણીને સ્પર્શે તેવી ફિલ્મો બનાવવાનું રોહિતને પસંદ છે. એક્શનની સાથે ઈમોશન પણ હોવા જોઈએ તેવું રોહિત માને છે. રોહિતે હોરર ફિલ્મનો વિચાર કર્યો ત્યારથી નુસરત ભરુચાને લીડ રોલ આપવાનું તેઓ વિચારતા હતા. નુસરતે 'છોરી'માં ડરામણા અને ગભરુ કેરેક્ટરને અસરકારક રીતે રજૂ કર્યા હતા. 'છોરી'ની આ ખાસિયતના પગલે રોહિતે નુસરત સાથે આગામી હોરર ફિલ્મ પ્લાન કરી છે. ડાયરેક્શનની જવાબદારી નિવાસને સોંપાઈ છે, જેઓ અગાઉ 'શૂલ' અને 'લવ કે લીયે કુછ ભી કરેગા' જેવી ફિલ્મો બનાવી ચૂક્યા છે. ફિલ્મનું ટાઈટલ હજુ નક્કી થયું નથી, પરંતુ રોહિતે પ્રી-પ્રોડક્શન શરૂ કરી દીધું છે. રોહિત શેટ્ટીની ટીમે આવા કોઈ પ્રોજેક્ટની અટકળોને નકારી દીધી છે. રોહિત શેટ્ટીના આ ખુલાસા પછી પણ હોરર પ્રોજેક્ટ સાથે નુસરત ભરુચાના કનેક્શનની અટકળોને વિરામ મળ્યો નથી. રોહિત દ્વારા યોગ્ય સમયે આ અંગે સત્તાવાર જાહેરાત થશે તેવું ઘણાં લોકો માને છે.

# લગ્ન પ્રસંગે મર્ડરનું 'છલ કપટ', શ્રીયા પિલગાંવકર ભેદ ખોલશે

આગામી ક્રાઈમ થ્રિલર સિરીઝ 'છલ કપટ – ધ ડીસેપ્શન'માં મર્ડર મિસ્ટ્રીની સાથે અનેક ભેદ ખુલવાના છે. લગ્નની ઉજવણીનો પ્રસંગ એક મર્ડરના કારણે શોકમાં ફેરવાઈ જાય છે. લગ્નગીતોના બદલે મરશિયા ગવાય તેવા માહોલમાં અચાનક પોલીસની એન્ટ્રી થાય છે. પોલીસ ઓફિસરના લીડ રોલમાં શ્રીયા પિલગાંવકર છે, જે મિત્રતા અને સંબંધોની આડમાં ખેલાતા પ્રપંચની પોલ ખોલે છે.

'છલ કપટ – ધ ડીસેપ્શન'નું સ્ટ્રીમિંગ ૬ જૂનથી ઝીપ પર થવાનું છે. ફિલ્મનું નવું પોસ્ટર સોશિયલ મીડિયા પર શેર કરાયું છે, જેમાં બાહોશ પોલીસ ઓફિસર તરીકે શ્રીયાની ઝલક જોવા મળે છે. 'છલ કપટ'ની શરૂઆત એક લગ્ન પ્રસંગમાં થાય છે, જ્યારે રહસ્યમય સંજોગોમાં એક મોત થાય છે. શ્રીયા ઉર્ફે ઈન્સ્પેક્ટર દેવિકાનો ભૂતકાળ અટપટો છે, પરંતુ સમજ ગજબની છે. પડકારોની સામે નહીં ઝૂકનારી દેવિકાને તપાસ દરમિયાન લાલચ, ષડયંત્રો અને બદલાના 'છલ કપટ'ની સમજણ પડવા માંડે છે. લગ્નમાં આવેલા દરેક મહેમાન પર તેને શંકા છે, કારણ કે દગાની આ ઘટના જ અત્યંત અટપટી છે.



સ્ટોરીમાં ચાર મિત્રો પર ફોકસ છે પરંતુ તપાસ દરમિયાન નવ શકમંદો જણાય છે. રાગિણી દ્વિવેદી પણ મહત્ત્વના રોલમાં છે. ફિલ્મમાં અણધાર્યા ટ્વિસ્ટ અને ઈમોશનલ ડેપ્થ છે. દરેક એપિસોડ સાથે સસ્પેન્સ વધતું જાય છે અને રહસ્ય પકડાય નહીં ત્યાં સુધી ઓડિયન્સ પણ અટવાયા કરે છે.

શ્રીયા અને રાગિણી ઉપરાંત તુહિના દાસ, કામ્યા અહલાવત, યાહવી શર્મા, પ્રણય પચૌરી, સમરન સાહુ અને અનુજ સચદેવા મહત્ત્વના રોલમાં છે. થોડા સમય અગાઉ 'છલ કપટ'નું ટીઝર શેર થયું હતું. ઓટીટીનો જાણીતો ચહેરો શ્રીયા આ વખતે પોલીસ ઈન્સ્પેક્ટરના રોલમાં છે.

# ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં મહિલાઓ પ્રત્યે ભારોભાર અણગમાની માનસિકતાથી માનુષી દુઃખી



નારી સશક્તિકરણ અને જેન્ડર ઈક્વાલિટીની વાતો ફિલ્મોમાં જોર-શોરથી થતી હોય છે અને આ બાબતે ઓડિયન્સને શીખામણો આપવામાં પણ ફિલ્મ ઈન્ડસ્ટ્રી દ્વારા કોઈ કચાશ રખાતી નથી. જો કે ફિલ્મ ઈન્ડસ્ટ્રીની કરણી અને કથનીમાં ઘણો ફરક હોવાનું કહેવાય છે. એક્ટ્રેસ માનુષી છિલ્લરે પણ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના બનાવટી ચહેરા સામે નારાજગી વ્યક્ત કરતાં જણાવ્યું છે કે, અહીંયા મહિલાઓ પ્રત્યે દ્વેષ-અણગમો રાખવાની માનસિકતા છે.

માનુષીએ એક્સ પોસ્ટમાં જણાવ્યુ હતું કે, એન્ટરટેઈનમેન્ટ ઈન્ડસ્ટ્રીમાં મહિલાઓ પ્રત્યેનો દષ્ટિકોણ ધૃણાસ્પદ છે. તીવ્ર અનાદર અને તિરસ્કાર સાથે જ મહિલા અંગે ચર્ચા થતી હોય છે. માનુષીએ કોઈ બનાવ કે વ્યક્તિ અંગે વાત કરવાના બદલે સમગ્ર ઈન્ડસ્ટ્રી પર રોષ ઠાલવ્યો હતો. માનુષીના મતે, મહિલા પોતાના બળે નહીં, પરંતુ કોઈ પુરુષની છત્રછાયા હોય તો જ સફળ થઈ હોવાનું લોકો કહે છે. આ પ્રકારની માનસિકતામાં મહિલા પ્રત્યેનો દ્વેષ દેખાય છે. વાસ્તવિક દુનિયામાં કોઈ ફરક ના પડતો હોય તેવી ટિપ્પણીઓ પ્રત્યે હું ધ્યાન આપતી નથી, પરંતુ કામ કરતી મહિલા અને તેમાં પણ ફિલ્મ ઈન્ડસ્ટ્રીની મહિલા અંગે થતી વાતોમાં અનાદર અને તિરસ્કાર છલકાય છે.

મહિલાઓ પ્રત્યે ફિલ્મ ઈન્ડસ્ટ્રીની માનસિકતાના કારણો તપાસવાની મહેનત પણ માનુષીએ કરી હતી. માનુષીએ કહ્યું હતું કે, મારો શિક્ષિત અને સમજદાર માહોલમાં ઉછેર થયો છે જ્યાં દરેકની કદર સરખી થાય છે. પણ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમા પુરુષ સફળ થાય તો તેની ટેલેન્ટ અને હાર્ડવર્કિંગને ક્રેડિટ અપાય છે. મહિલાને સફળતા મળે તો તેને તકવાદી અથવા લાલચુ ગણાવી દેવાય છે. ખાસ કરીને સફળ ન થવાયું હોય તેવી મહિલાઓ અથવા સફળ મહિલા તાબે ન થઈ હોય તેવા પુરુષો આવી વાતો કરતા હોય છે કે પછી પૂર્વગ્રહયુક્ત માનસિકતાના મૂળ ઘણાં ઊંડા છે?

માનુષીએ કોઈ ઘટના કે વ્યક્તિ તરફ સીધો ઈશારો કર્યો નથી. જો કે તેણે અચાનક જ આ પ્રકારની પોસ્ટ મૂકતાં તાજેતરમાં તેને કોઈ કડવો અનુભવ થયો હોવાની શક્યતા છે. માનુષી પહેલા પણ ઘણી એક્ટ્રેસે ફિલ્મ ઈન્ડસ્ટ્રીની પુરુષ પ્રધાન માનસિકતા સામે વિરોધ નોંધાવેલો છે. માનુષીની આ પોસ્ટ બાદ પણ બોલિવૂડની દંભી માનસિકતા અંગે ચર્ચાઓ શરૂ થઈ છે.

# મારું કન્ટેટ બાળકો જુએ તેમાં પેરેન્ટ્સની નિષ્ફળતાઃ સમય રૈના



કોમેડિયન સમય રૈનાને 'ઈન્ડિયાઝ ગોટ ટેલેન્ટ' વિવાદે દેશભરમાં જાણીતો બનાવ્યો છે. યુ ટ્યૂબ ચેનલ પરથી આ શોના તમામ એપિસોડ હટાવી દીધા પછી સમય રૈનાએ નવા ઈન્ટરનેશનલ શોની જાહેરાત કરી છે. કરિયરમાં નવો અધ્યાય શરૂ કરવા જઈ રહેલા સમય રૈનાનો આખાબોલો સ્વભાવ ફરી એક ચર્ચામાં આવી ગયો છે.

પોડકાસ્ટર ફૂડ ફાર્મરે શોમાં વાતચીત દરમિયાન સમય રૈનાને ઓડિયન્સ પ્રત્યે જવાબદારી અંગે સવાલ પૂછ્યો હતો. જવાબમાં રૈનાએ કહ્યું હતું કે, માત્ર પાણીને પ્રમોટ કરવા માટે ઈન્ફ્લુએન્સર્સે જાહેરમાં કોક પીવાનું ટાળવું જોઈએ? ફૂડ ફાર્મરે વાત આગળ વધારતા કહ્યું હતું કે તેનાથી ૮-૧૦ વર્ષના બાળકોના વર્તન પર અસર પડી શકે છે. રૈનાએ તરત જ વાત પકડી લીધી હતી અને જણાવ્યુ હતું કે, આ ઉંમરના બાળકો મને જોતા હોય તો, તેમાં તેમના માતા-પિતાનો વાંક છે.

સમય રૈનાએ પોતાના બાળપણની વાત કરતા જણાવ્યું હતું કે, તેના પિતાએ ટીવી જોવા પર મર્યાદાઓ મૂકેલી હતી. જેના કારણે નાની ઉંમરે ટીવીનો પ્રભાવ તેના પર આવ્યો ન હોતો. બાળકો શું જોઈ રહ્યા છે? તેની જવાબદારી પેરેન્ટ્સે લેવી જોઈએ. તેમણે કન્ટેન્ટ ક્રીએટર્સ પર આ બોજ નાખવો જોઈએ નહી. નાના વ્યૂઅર્સ માટે ફિલ્ટર્ડ ઈમેજ રજૂ કરવાના બદલે ઈમાનદારીને પ્રમોટ કરવાનું અને પોતાની જાત પ્રત્યે નિષ્ઠાવાન રહેવું વધારે જરૂરી છે.

યુ ટ્યૂબ શોમાં અશ્લીલ ટિપ્પણી મામલે સમય રૈના અને રણવીર અલાહાબાદિયા ચર્ચામાં આવ્યા હતા. આ શોની નોંધ છેક સુપ્રીમ કોર્ટ સુધી લેવામાં આવી હતી. આ મામલાની તપાસ હજુ ચાલી રહી છે ત્યારે સમય રૈનાએ તપાસમાં સંપૂર્ણ સહકારની ખાતરી આપી 'ઈન્ડિયાઝ ગોટ ટેલેન્ટ'ના તમામ એપિસોડ યુ ટ્યૂબ પરથી હટાવી લીધા છે. તેણે નવેસરથી કરિયરની શરૂઆત કરી છે, પરંતુ નવી ઈનિંગમાં પણ તે નૈતિકતા કે બોધપાઠના બદલે માત્ર કન્ટેન્ટના વ્યૂઝ વધારવાને પ્રાથમિકતા આપી રહ્યો હોય તેમ જણાય છે.

# રાજકુમારી જેવા શ્રીલીલાના ઠાઠ

શ્રીલીલા જૂન મહિનામાં ૨૪ વર્ષની થવાની છે. શ્રીલીલાના જન્મદિવસ પહેલા તેની માતાએ સેલિબ્રેશનની તૈયારી શરૂ કરી દીધી છે. શ્રીલીલા પોતાના બર્થ ડે સેલિબ્રેશનમાં શું કરતી હોય છે? તેની એક ઝલક સોશિયલ મીડિયા પર જોવા મળી છે. શ્રીલીલાના બર્થ ડેનું સમગ્ર આયોજન તેની માતા કરે છે. શ્રીલીલાને કોઈ રાજકુમારીની જેમ ઠાઠમાઠ સાથે છાબડીમાં બેસાડીને લવાય છે અને બાદમાં તેની તુલા કરવામાં આવે છે.

'પુષ્પા ૨'માં 'કિસીક ગર્લ' તરીકે જાણીતી થયેલી શ્રીલીલાએ સોશિયલ મીડિયા પર શેર કરેલા ફોટોગ્રાફ્સમાં તેણે પરંપરાગત સાડી પહેરેલી છે. ગ્રીન-ગોલ્ડન સાડીની સાથે ભારે નેકલેસ તથા અન્ય ઘરેણા છે. શ્રીલીલાએ વાળમાં ગજરો લગાવેલો છે. બે વ્યક્તિ તેને છાબડીમાં ઊંચકીને લાવી રહ્યા છે અને તે ખડખડાટ હસી રહી છે. રાણા દુગ્ગુબાટીની પત્ની મિહિકા પણ શ્રીલીલાની સાથે છે. અન્ય એક ફોટોગ્રાફમાં શ્રીલીલાને છાબડીમાં બેસાડીને તુલા કરવામાં આવે છે. શુભ પ્રસંગોએ વ્યક્તિને ત્રાજવામાં બેસાડીને અન્ય પલડામાં ભોજન અથવા અન્ય વસ્તુઓ મૂકવામાં આવે છે. બંને પલડા સરખા થાય એટલે વ્યક્તિના વજન જેટલી વસ્તુઓ જરૂરિયાતમંદોને વહેંચવામાં આવે છે. સારા પ્રસંગોએ અન્ય લોકોમાં પણ ખુશીઓ વહેંચવાની આ ભારતીય પરંપરાની ઝલક શ્રીલીલાના જન્મદિવસે જોવા મળી હતી.

શ્રીલીલાએ કહ્યું હતું કે, તે પોતાના ઘરે હોય ત્યારે આ રીતે બર્થ ડે સેલિબ્રેટ થતો હોય છે અને સમગ્ર આયોજન તેની માતા કરે છે. બે અઠવાડિયામાં શ્રીલીલાનો જન્મદિન આવી રહ્યો છે ત્યારે આ વખતે પણ સેલિબ્રેશન નક્કી જ છે. જો કે આ વખતે પરંપરાગત રીતે સેલિબ્રેશન થશે કે પછી અન્ય સ્ટાર્સની જેમ શ્રીલીલા પણ કોઈ પાર્ટી રાખશે તે અંગે હજુ ખુલાસો થયો નથી.



# શ્રેયસ ઐયરની કેપ્ટન્સ ઈનિંગ્સ, પંજાબ કિંગ્સ ફાઇનલમાં



પંજાબના કેપ્ટન શ્રેયસ ઐયરે તનાવભરી સ્થિતિમાં અડીખમ બેટિંગ કરીને રવિવારે અહીં રમાયેલી ક્વોલિફાયર-૨ મેચમાં મુંબઈ ઈન્ડિયન્સને પાંચ વિકેટથી હરાવીને ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ૨૦૨૫ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલમાં પ્રવેશ કરી લીધો હતો. આમ મંગળવારે અહીંના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાનારી ફાઈનલમાં તેનો મુકાબલો રોયલ ચેલેન્જર્સ બેંગલોર સામે થશે. શ્રેયસ ઐયરે ૪૧ બોલમાં અણનમ ૮૭ રન ફટકાર્યા હતા જેમાં પાંચ ચોગ્ગા તથા આઠ સિક્સરનો સમાવેશ થતો હતો.

નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાયેલી એલિમિનેટર મેચમાં મુંબઈ ઈન્ડિયન્સે પ્રથમ બેટિંગ કરીને તેની ૨૦ ઓવરમાં છ વિકેટે ૨૦૩ રનનો સ્કોર રજૂ કર્યો હતો જેના જવાબમાં પંજાબ કિંગ્સે ૧૯ ઓવરમાં પાંચ વિકેટે ૨૦૭ રન કર્યા હતા.

મેચ જીતવા માટે ૨૦૪ રનના ટારગેટ સામે રમતાં પંજાબે શરૂઆતમાં જ વિકેટ ગુમાવી દીધી હતી. ઓપનર પ્રભસિમરન સિંઘ છ રનના અંગત સ્કોરે ટ્રેન્ટ બોલ્ટના બોલે આઉટ થયો હતો. રિસે ટોપલેએ ફાઈન લેગ પર શાનદાર કેચ ઝડપ્યો હતો.

જોશ ઈંગ્લિસ ૨૧ બોલમાં આક્રમક ૩૮ રન ફટકારીને આઉટ થયા બાદ કેપ્ટન શ્રેયસ ઐયર અને ડાબેરી બેટ્સમેન નેહલ વઢેરાએ મજબૂત ભાગીદારી નોંધાવીને મુંબઈની ચિંતામાં વધારો કર્યો હતો. બંનેએ આઠ ઓવરમાં ૮૪ રનની ભાગીદારી કરી દીધી હતી. અંતે ૧૬મી ઓવરમાં અશ્વિની કુમારે ટીમને સફળતા અપાવતાં નેહલને આઉટ કર્યો હતો. તેણે ૨૯ બોલમાં ૪૮ રન ફટકાર્યા હતા જેમાં બે સિક્સર અને ચાર ચોગ્ગાનો સમાવેશ થતો હતો. નેહલની વિકેટ બાદની ઓવરમાં ઐયરે તેની અડધી સદી ૨૭બોલમાં પૂરી કરી હતી.

લગભગ સવા બે કલાકના વિલંબ બાદ રાત્રે ૯.૪૫ કલાકે મેચનો પ્રારંભ થયો હતો. અગાઉ પંજાબ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો પરંતુ ટોસ બાદ તરત જ વરસાદનું આગમન થઈ ગયું હતું. ત્યાર બાદ વારંવાર વરસાદ પડતો રહ્યો હતો જેને કારણે ગ્રાઉન્ડ સ્ટાફની મહેનત વધી ગઈ હતી. આમ છતાં હવામાન સ્વચ્છ થયા બાદ મેદાન રમત માટે સજ્જ થઈ ગયું હતું.

મુંબઈ ઈન્ડિયન્સ માટે જોની બેરસ્ટોએ ઝડપી શરૂઆત કરી હતી. રોહિત શર્મા તો ત્રીજી ઓવરમાં જ આઉટ થઈ ગયો હતો પરંતુ બેરસ્ટો અને તિલક વર્માએ બેટિંગ કરી હતી. મુંબઈની ટીમની સમસ્યા એ રહી હતી કે તો કોઈ બેટ્સમેન સેટ થયા બાદ ટકી શક્યો ન હતો.

બેરસ્ટોએ ૨૪ બોલમાં બે સિક્સર સાથે ૩૮ રન ફટકાર્યા હતા અને તેની પાસેથી અડધી સદી બાદ પણ લાંબી ઈનિંગ્સની અપેક્ષા રખાતી હતી ત્યારે તે વિજયકુમાર વ્યાશકની બોલિંગમાં આઉટ થયો હતો. અગાઉ રોહિત શર્માને ઓસ્ટ્રેલિયન બોલર માર્કસ સ્ટોઈનિસે આઉટ કર્યો હતો પરંતુ પંજાબના કેપ્ટન ટીમને પહેલી વિકેટ અપાવનારા બોલરને ત્યાર પછી એકેય ઓવર આપી ન હતી.

બેરસ્ટોની માફક સૂર્યકુમાર યાદવ અને તિલક વર્મા પણ લાંબી ઈનિંગ્સ રમવામાં નિષ્ફળ રહ્યા હતા. બંનેએ ૪૪-૪૪ રન ફટકાર્યા હતા.

તિલક વર્માએ બે સિક્સર અને બે ચોગ્ગા સાથે ૨૯ બોલમાં ૪૪ રન ફટકાર્યા હતા તો યાદવે ૨૬ બોલમાં ૪૪ રન કર્યા હતા જેમાં ત્રણ સિક્સર અને ચાર ચોગ્ગા સામેલ હતા. હાર્દિક પંડ્યા ફરી એક વાર નિષ્ફળ રહ્યો હતો અને માત્ર ૧૫ રન કરી શક્યો હતો પરંતુ મુંબઈ ઈન્ડિયન્સનો સ્કોર ૨૦૦ને પાર કરાવવામાં નમન ધીરની બેટિંગ મૂલ્યવાન બની રહી હતી. તેણે ઈનિંગ્સના અંત ભાગમાં માત્ર ૧૮ બોલમાં સાત ચોગ્ગા ફટકારી દીધા હતા. ૨૦મી ઓવરમાં આઉટ થતાં અગાઉ નમન ધીરે ૩૮ રન ફટકાર્યા હતા. પંજાબ માટે અફઘાન બોલર અઝમતુલ્લાહ ઓમરઝાઈ બે વિકેટ લેવામાં સફળ રહ્યો હતો પરંતુ તેણે ચાર ઓવરમાં ૪૩ રન આપી દીધા હતા.

# અમદાવાદમાં IPL ફાઈનલની ટિકિટોની બેફામ કાળાબજારી, ફેસબુક-સોશિયલ મીડિયા પર વેપલો




અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ત્રીજી જૂને આઈપીએલ ૨૦૨૫ની ફાઈનલ મેચ રમાશે. જેને લઈને ટિકિટની ખૂબ જ ડિમાન્ડ રહી છે અને ફાઈનલ મેચની ટિકિટના ધૂમ કાળાબજાર થઈ રહ્યાં છે. ત્રણ ગણાં ભાવે ટિકિટો વેચાઈ રહી છે, જેથી કાળાબજારિયાઓને બખ્ખાં થયા છે. ટીકીટો ન મળતાં ક્રિકેટ રસિયાઓ ટીકીટોના મોં માંગ્યા ભાવ ચૂકવી રહ્યાં છે.

આઈપીએલ ફાઈનલ મેચ નિહાળવા માટે ક્રિકેટ રસિયાઓ ભારે ઉત્સુક બન્યાં છે. અમદાવાદમાં આઈપીએલની ફાઈનલ યોજાઈ રહી છે જેથી વિશ્વના સૌથી વિશાળ સ્ટેડિયમ પર મેચં માણવાનો એક અનેરો લહાવો છે. આઈપીએલ ફાઈનલ મેચની ટિકિટો ગણતરીના કલાકોમાં જ વેચાઈ હતી.

ઓનલાઈન બુકિંગ કરીને હવે કાળાબજારિયાઓ ફેસબુક, વોટ્સએપ પર ત્રણ ગણાં ભાવે ટિકિટો વેચી રહ્યાં છે. જાણવા મળ્યુ છે કે, ૧૫ હજાર રૂપિયાની પ્રેસિડેન્ટ ગેલેરીની ટિકિટનો ભાવ ૩૦થી ૩૫ હજાર રૂપિયા સુધી પહોંચ્યો છે. સાઉથ પ્રિમિયમની ટિકિટનો ભાવ ૬૫૦૦ રૂપિયા છે. આ ટિકિટ ૧૭ હજાર રૂપિયામાં વેચાઈ રહી છે. દોઢ હજારની ટિકિટ ૫ હજાર રૂપિયામાં વેચાવવામાં માંડી છે. ૨૫૦૦ રૂપિયાની ટિકિટ ૭૫૦૦ રૂપિયામાં લેવા ક્રિકેટરસિયાઓ મજબૂર બન્યાં છે.

ચોંકાવનારી વાત તો એછે કે, કોમ્પ્લીમેન્ટરી ટિકિટ પણ બમણાં ભાવે વેચાઈ રહી છે. સ્ટેડિયમની આસપાસ જ કાળાબજારિયાઓ ટિકિટ વેચતાં હોવાનું પણ જાણવા મળ્યુ છે. ફાઈનલને પગલે શહેરની હોટલોમાં પણ રૂમોનું બુકિંગ થયુ છે. અન્ય રાજ્યોમાંથી મોટી સંખ્યામાં ક્રિકેટપ્રેમીઓ અમદાવાદ આવે તેવી શક્યતા જોવાઈ રહી છે. ફાઈનલને લીધે હોટલ ઉદ્યોગને પણ ફાયદો થયો છે.

# હાર બાદ હાર્દિક પંડ્યા પડી ભાંગ્યો... ઘૂંટણીએ બેસી જતાં બુમરાહે નજીક આવી હિંમત આપી




આઈપીએલ ૨૦૨૫ની બીજી ક્વોલિફાયર મેચમાં પંજાબ કિંગ્સે મુંબઈ ઈન્ડિયન્સને ૫ વિકેટથી હરાવીને ફાઈનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું. આ હાર સાથે મુંબઈની વર્તમાન સિઝનમાં સફરનો અંત આવ્યો. મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યા આ હારથી ખૂબ જ નિરાશ દેખાયો હતો. શ્રેયસ ઐયરે વિજયી સિક્સર ફટકારતાની સાથે જ હાર્દિક ઘૂંટણિયે બેસી ગયો અને તેની હાલત પરથી સ્પષ્ટ થઈ ગયું કે તે આ હારથી ભાંગી પડ્યો છે. જસપ્રીત બુમરાહે તેને હિંમત આપી અને તેને ઊભો કર્યો અને મેચ પછી હાથ મિલાવવા માટે પ્રોત્સાહિત કર્યો.

મેચ પછીના પ્રેઝન્ટેશન સેરેમનીમાં હાર્દિક પંડ્યાએ કહ્યું કે, 'શ્રેયસે જે રીતે બેટિંગ કરી, પોતાના તકોનો લાભ લીધો અને તેણે જે શોટ રમ્યા તે ખરેખર શાનદાર હતા. શ્રેયસે ખરેખર સારી બેટિંગ કરી. અમારે બોલિંગ યુનિટ તરીકે હજુ શાનદાર પ્રદર્શનની જરૂર હતી. આ મોટી મેચોમાં આ ખરેખર મહત્ત્વનું છે. અય્યરે અમારા પર મેચમાં સતત દબાણ વધાર્યું.'

ઉલ્લેખનીય છે કે, અમદાવાદમાં રમાયેલી IPL ૨૦૨૫ની ક્વોલિફાયર ૨માં પંજાબ કિંગ્સે મુંબઈ ઈન્ડિયન્સને ૫ વિકેટથી હરાવીને ફાઈનલમાં પ્રવેશ કર્યો. પહેલા બેટિંગ કરતા, મુંબઈની ટીમે ૨૦ ઓવરમાં ૨૦૩/૬ રન બનાવ્યા, જેના જવાબમાં પંજાબ કિંગ્સે ૧૯ ઓવરમાં ૨૦૭/૫ રન બનાવીને જીત મેળવી. હવે ફાઈનલમાં, પંજાબ ત્રીજી જૂનના રોજ અમદાવાદમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે ટકરાશે. આ સાથે, એ પણ નક્કી થઈ ગયું છે કે આ સિઝનમાં IPL ને એક નવો ચેમ્પિયન મળશે.

# સૂર્યકુમાર યાદવે રચ્યો ઈતિહાસ, તોડ્યો એબી ડી વિલિયર્સનો ૯ વર્ષ જૂનો રેકોર્ડ



IPLની આ સિઝનમાં સૂર્યકુમાર યાદવ સતત નવા રેકોર્ડ બનાવી રહ્યો છે અને જૂના તોડી રહ્યો છે. સૂર્યકુમાર યાદવ આ વર્ષે IPLમાં એક પણ વાર ૨૫ થી ઓછા સ્કોર પર આઉટ થયો નથી.

આ દરમિયાન સૂર્યકુમાર યાદવે ઈઝમ્ના વિસ્ફોટક બેટ્સમેનોમાંના એક એબી ડી વિલિયર્સનો ૯ વર્ષ જૂનો રેકોર્ડ પણ તોડી નાખ્યો છે. હવે સૂર્યકુમાર યાદવ નંબર વન સ્થાન પર પહોંચી ગયો છે. આ મેચમાં સૂર્યકુમાર યાદવે ૪૪ રનની ધમાકેદાર ઈનિંગ રમી હતી.

IPLની શરૂઆતથી જ એવું જોવા મળ્યું છે કે ઓપનરો પાસે રન બનાવવાની મહત્તમ તક હોય છે. પરંતુ જો કોઈ બેટ્સમેન ઓપનિંગ કર્યા વિના ૭૦૦ થી વધુ રન બનાવે તો તેને ચમત્કાર કહેવાશે. આ વખતે, મુંબઈ ઈન્ડિયન્સ તરફથી સૂર્યકુમાર યાદવે ક્યારેક ત્રીજા નંબરે તો ક્યારેક ચોથા નંબરે બેટિંગ કરવા આવ્યો, પરંતુ દરેક વખતે તેની બેટિંગમાં એ જ શાનદાર પ્રદર્શન જોવા મળ્યું.RCBના એબી ડી વિલિયર્સના નામે IPLમાં નોન-ઓપનર તરીકે એક સિઝનમાં સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ હતો. વર્ષ ૨૦૧૬માં એબી ડી વિલિયર્સે ૧૬ ઈનિંગ્સમાં બેટિંગ કરતા ૬૮૭ રન બનાવ્યા હતા. ત્યારથી કોઈ આ રેકોર્ડ તોડી શક્યું નથી.

૨૦૧૬ માં એબી ડી વિલિયર્સે ૫૨.૮૪ ની એવરેજ અને ૧૬૮.૭૯ ના સ્ટ્રાઈક રેટથી ૬૮૭ રન બનાવ્યા. પરંતુ હવે સૂર્યકુમાર યાદવે તેમને પાછળ છોડ્યો છે. તેને ૭૦૦ થી વધુ રન બનાવ્યા છે. RCB ટીમ આ વર્ષે IPLની ફાઈનલમાં પહોંચી હતી, પરંતુ ત્યાં તેને ડેવિડ વોર્નરની આગેવાની હેઠળની સનરાઈઝર્સ હૈદરાબાદ સામે હારનો સામનો કરવો પડ્યો હતો અને ટીમ પહેલીવાર IPL ટાઈટલ જીતવાથી ચૂકી ગઈ હતી.સૂર્યાએ આ વર્ષે IPLમાં ૭૦૦ થી વધુ રન બનાવ્યા છે અને તેની એવરેજ લગભગ ૬૮ છે. તેનો સ્ટ્રાઈક રેટ લગભગ ૧૬૭ છે. સૂર્યાએ આ વર્ષે અત્યાર સુધીમાં ૫ અડધી સદી ફટકારી છે. દર વખતે તેને પોતાના બેટથી ઓછામાં ઓછા ૨૫ રન બનાવ્યા છે. આ પણ સૂર્યકુમાર યાદવે એક રેકોર્ડ બનાવ્યો છે. જે અત્યાર સુધી ફક્ત IPLમાં જ નહી પરંતુ કોઈપણ T૨૦ ટુર્નામેન્ટમાં બન્યું નથી.

# વિરાટ કોહલી ડરી ગયો ? નિવૃત્તિ મામલે ઈંગ્લેન્ડના પૂર્વ ખેલાડીનો વિચિત્ર દાવો



ભારતીય ટીમના દિગ્ગજ ક્રિકેટર વિરાટ કોહલીની ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લીધા બાદ ઈંગ્લેન્ડના પૂર્વ બોલર મોન્ટી પાનેસરે કોહલી અંગે વિચિત્ર દાવો કર્યો છે. તેણે કહ્યું કે, વિરાટ કોહલીની નિવૃત્તિ ડરથી પ્રેરિત હતી. કોહલી એટલા માટે ઈંગ્લેન્ડ ન આવ્યા, કારણ કે તેને ચિંતા હતી કે, ટીમ મેનેજમેન્ટ તેને સિરીઝ વચ્ચેથી જ બહાર કરી શકે છે. ત્યારબાદ કોહલીએ વિચાર્યું કે, હવે સમય આવી ગયો છે અને યુવાઓને તક આપવી જોઈએ.

વિરાટ કોહલીએ ૧૨ મેએ ટેસ્ટ ક્રિકેટમાંથી સંન્યાસ લેવાની જાહેરાત કરી હતી. ચીજ સિલેક્ટર અજીત અગરકરના જણાવ્યા મુજબ, કોહલીએ એપ્રિલમાં જ સંન્યાસ લેવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. ત્યારબાદ કોહલીએ મે મહિનામાં સોશિયલ મીડિયા પર પોસ્ટ દ્વારા સંન્યાસની જાહેરાત કરી હતી. તેણે પોસ્ટમાં લખ્યું હતું કે, 'મારા માટે આ નિર્ણય લેવો સરળ નહોતો, પરંતુ આ જ મને યોગ્ય લાગ્યું.'

ભારતીય ટીમના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીએ રવિવારે ચેમ્પિયન્સ ટ્રોફી જીત્યા બાદ સંન્યાસની ચર્ચાઓ પર એક મોટું નિવેદન આપતાં કહ્યું હતું કે, અમારું કામ ફક્ત ICC ટ્રોફી જીતવાનું નથી, પરંતુ જ્યારે અમે રમત છોડીને જઈ રહ્યા હોઈએ ત્યારે ભારતીય ક્રિકેટ ટીમ મજબૂત સ્થિતિમાં હોય તે સુનિશ્ચિત કરવાનું પણ છે. ઉલ્લેખનીય છે કે ૯ માર્ચ, ૨૦૨૫ ના રોજ દુબઈમાં ભારતીય ટીમે ફાઈનલમાં ન્યૂઝીલેન્ડને હરાવીને ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ નો ખિતાબ જીત્યો હતો.

વિરાટ કોહલીએ સંન્યાસની જાહેરાત કરતા જ ક્રિકેટજગતના દિગ્ગજો સહિત દેશ-વિદેશના ચાહકો આશ્ચર્ય પામ્યા હતા. દિલ્હીના કોચ સરનદીપ સિંહે કહ્યું હતું કે, આ નિર્ણય મારા માટે ચોંકાવનારો હતો, કારણ કે કોહલી ઈંગ્લેન્ડ ટેસ્ટ માટે તૈયારી કરી રહ્યા હતા. કોહલીના દેશ-વિદેશમાં કરોડો ચાહકો હોવા છતાં હવે મોન્ટી પાનેસરે વિચિત્ર દાવો કર્યો હતો. તેણે કહ્યું કે, 'મને લાગતું હતું કે, કોહલી નિશ્ચિત રમવાના હતા, ઈંગ્લેન્ડ પણ આશા રાખી રહ્યા હતા, તમામ લોકો આશા રાખી રહ્યા હતા કે તેઓ રમશે. મને આશ્ચર્ય થયું કે તેઓ આવી રીતે પાછા હટી ગયા. કદાચ ઓફ સ્ટંપની બહારના ફેક્ટના કારણે, કે પછી કોઈએ તેમની સાથે વાત કરી તેથી... જો તમે કેટલીક ટેસ્ટ મેચોના સારું પ્રદર્શન કરતા નથી, તો તમામ પાંચ ટેસ્ટ મેચો રમવાની આશા ન રાખો. તેથી જ કદાચ તેણે (કોહલી) વિચાર્યું હશે કે, ઠીક છે, આને હું અહીં જ ખતમ કરી નાખું અને યુવાઓને તક આપું.'

# UEFAના પ્રમુખ કેફેરીન સાથે આઇસીસી ચેરમેન જય શાહની મુલાકાત





**નવી દિલ્હી,તા.૦૨**

ક્રિકેટની રમતનો વૈશ્વિક વ્યાપ વધારતાં ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)ના ચેરમેન જય શાહ મ્યુનિક ખાતે યોજાયેલી ચેમ્પિયન્સ લીગ ફૂટબોલની ફાઈનલ અગાઉ લોકપ્રિયયુનિયન ઓફ યુરોપીયન ફૂટબોલ એસોસિયેશન (યુઈએફએ)ના પ્રમુખ એલેકઝાન્ડર કેફેરીનને મળ્યા હતા.

શનિવારે રાત્રે (ભારતમાં રવિવારે સવારે) યોજાયેલી ચેમ્પિયન્સ લીગ ફૂટબોલની ફાઈનલમાં પેરિસ સેન્ટ-જર્માઈન (પીએસજી) અને ઈન્ટર મિલાન વચ્ચેની પ્રતિષ્ઠિત ફાઈનલ અગાઉ આ બે મહાનુભાવોની મુલાકાત થઈ હતી.ભારતીય ક્રિકેટ બોર્ડ (બીસીસીઆઈ)ના ભૂતપૂર્વ સેક્રેટરી અને હાલમાં આઈસીસીના વડા જય શાહે મ્યુનિકમાં ક્રિકેટના પ્રતિનિધી તરીકે હાજરી આપતા ખુશી વ્યક્ત કરી હતી. તેમણે સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે આ સ્તરે ક્રિકેટનું પ્રતિનિધિત્વ કરવું તે આદરપાત્ર બાબત છે. ચેમ્પિયન્સ લીગની ફાઈનલ અગાઈ યુઈએફએના પ્રમુખ એલેકઝાન્ડર કેફેરીનની મુલાકાત ફળદાયી રહેશે. અન્ય રમતોના આગેવાનો સાથેની આ પ્રકારની મુલાકાત હંમેશાં મૂલ્યવાન રહેતી હોય છે કેમ કે આ રીતે આઈસીસી તેની વૈશ્વિક રમતો માટેનો વ્યા વધારી રહી છે.ક્રિકેટના સિવાયની રમતોના વડા સાથેની જય શાહની આ પ્રથમ મુલાકાત નથી. અગાઉ તેઓ ઈન્ટરનેશનલ ઓલિમ્પિકસ સમિતિ (આઈઓસી)ના લુસાને ખાતેના અધિવેશન અગાઉ આઈઓસીના વડા થોમસ બેકને પણ મળ્યા હતા આ રીતે તેઓ ક્રિકેટની રમતનો વ્યાપ વધારવાની સાથે સાથે અન્ય રમત સંગઠનો સાથે આઈસીસીનો સંપર્ક વધારવાના પ્રયાસો કરતા રહે છે. ઉલ્લેખનીય છે કે ૨૦૨૮ના ઓલિમ્પિક્સમાં લોસ એન્જલસ ખાતે ક્રિકેટની રમતનો સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યાં ટી૨૦ ફોર્મેટમાં ક્રિકેટ રમાશે. આમ ક્રિકેટની રમત હવે વૈશ્વિક બની રહી છે.

# શ્રૈયસ અય્યરનો માસ્ટર પ્લાન આવ્યો કામ, ચક્રવ્યૂહમાં ફસાયો રોહિત શર્મા



IPL ૨૦૨૫ની બીજી ક્વોલિફાયર મેચમાં પંજાબ કિંગ્સ મુંબઈ ઈન્ડિયન્સ સામે રમાઈ રહી છે. ટોસ હારીને પહેલા બેટિંગ કરવા આવેલી મુંબઈની શરૂઆત ખૂબ જ ખરાબ રહી. એલિમિનેટર મેચમાં બેટથી શાનદાર ઈનિંગ્સ રમનાર રોહિત શર્મા માત્ર ૮ રન બનાવીને પેવેલિયન પાછો ફર્યો છે.

પંજાબના કેપ્ટન શ્રેયસ ઐયરે હિટમેનને આઉટ કરવા માટે બનાવેલો માસ્ટર પ્લાન સંપૂર્ણ રીતે કામ કરી ગયો. રોહિત ચક્રવ્યૂહમાં ફસાઈ ગયો અને સસ્તામાં આઉટ થયો.એલિમિનેટર મેચમાં શાનદાર ઈનિંગ રમ્યા બાદ મુંબઈ ઈન્ડિયન્સના ફેન્સ બીજા ક્વોલિફાયર મેચમાં રોહિત શર્મા પાસેથી મોટી ઈનિંગની અપેક્ષા રાખતા હતા. પરંતુ રોહિત ફક્ત ૭ બોલનો સામનો કર્યા પછી અને ફક્ત ૮ રન બનાવીને આઉટ થયો. પંજાબના કેપ્ટન શ્રેયસ ઐયરે હિટમેનને પેવેલિયન મોકલવા માટે કરેલી ચાલમાં રોહિત ફસાઈ ગયો.પાવરપ્લેમાં જ શ્રેયસ ઐયરે બોલ માર્કસ સ્ટોઈનિસને સોંપ્યો. રોહિતને પેવેલિયન મોકલવાની શ્રેયસ ઐયરની ચાલ કામ કરી ગઈ. ત્રીજી ઓવરના બીજા બોલ પર, રોહિતે સ્ટોઈનિસ સામે મોટો શોટ મારવાનો પ્રયાસ કરતી વખતે એક સરળ કેચ આપ્યો. સ્ટોઈનિસે રોહિતને પુલ શોટ રમવા માટે મજબૂર કર્યો અને સિક્સરનો પીછો કરતા હિટમેને તેની વિકેટ ગુમાવી દીધી.બીજા ક્વોલિફાયરમાં પંજાબ કિંગ્સ અને મુંબઈ ઈન્ડિયન્સે બંનેએ પ્લેઈંગ ઈલેવનમાં એક-એક ફેરફાર કર્યો છે. યુઝવેન્દ્ર ચહલ પંજાબની ટીમમાં પરત ફર્યો છે. ચહલ પોતાની ઈજામાંથી સ્વસ્થ થઈ ગયો છે અને આ મેચમાં તે મુંબઈના બેટ્સમેનોની પરીક્ષા કરતો જોવા મળશે. મુંબઈને તેની પ્લેઈંગ ૧૧માં એક ફેરફાર કરવાની ફરજ પડી છે. ઈજાગ્રસ્ત ગ્લીસનના સ્થાને રીસ ટોપલીને ટીમમાં સામેલ કર્યો છે.

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
સોમવાર, તા.૨ જુન ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫

# જેઈઈ એડવાન્સમાં સુરતના આગમ શાહે ઓલ ઈન્ડિયા રેન્કમાં ૧૭મો ક્રમ મેળવ્યો

## જેઈઈ એડવાન્સ પરીક્ષામાં ટોપ ૧૦૦માં ગુજરાતના સાત વિદ્યાર્થી ઝળક્યાં

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨

આજે (૨ જૂન, ૨૦૨૫) JEE એડવાન્સનું પરિણામ જાહેર થયું છે. ૩૬૦ પૈકી ૩૩૨ માર્ક મેળવી રાજિત ગુપ્તા દેશભરમાં પ્રથમ આવ્યો છે. તો JEE એડવાન્સમાં ટોપ ૧૦૦માં સાત ગુજરાતનાં વિદ્યાર્થીનો સમાવેશ થાય છે. અમદાવાદનો મોહિત ઓલ ઈન્ડિયા રેન્કમાં ૧૨મા ક્રમ સાથે ગુજરાત ટોપર બન્યો છે. તો સુરતનો અગમ શાહ ઓલ ઈન્ડિયા રેન્કમાં ૧૭મા ક્રમ સાથે બીજા ક્રમે છે. દેશભરમાંથી ૧.૮૨ લાખ વિદ્યાર્થીએ જેઈઈ એડવાન્સની પરીક્ષા આપી હતી. IIT, NIT સહિતની સંસ્થાઓ માટે JEE એડવાન્સ લેવાય છે.

જેઈઈ એડવાન્સની પરીક્ષામાં ઉતીર્ણ થયેલા વિદ્યાર્થીઓનું આગામી સમયમાં આઈઆઈટી, એનઆઈટી, ટ્રિપલ આઈટી અને જીએફટીઆઈ માટે કાઉન્સેલિંગ શરૂ કરવામાં આવશે. કાઉન્સેલિંગના માધ્યમથી જ વિદ્યાર્થીઓને સંબંધિત સંસ્થામાં સીટો એલોટ કરવામાં આવશે. JEE એડવાન્સમાં સુરતના ૭ વિદ્યાર્થીએ શહેર ટોપર્સમાં સ્થાન મેળવ્યું છે. જેમાં આગમ શાહ ઓલ ઈન્ડિયા રેન્કમાં ૧૭માં ક્રમ સાથે સુરત સિટી ટોપર બન્યો છે. કલ્પ શાહ ઓલ ઈન્ડિયા રેન્કમાં ૮૬માં ક્રમ સાથે બીજા ક્રમે, મોક્ષ ભટ્ટ ઓલ ઈન્ડિયા રેન્કમાં ૨૧૯માં ક્રમ સાથે ત્રીજા ક્રમે, કનિષ્કસિંહ ઓલ ઈન્ડિયા રેન્કમાં ૨૯૪માં ક્રમ સાથે ચોથા ક્રમે, હિતાંશ ગાંધી ઓલ ઈન્ડિયા રેન્કમાં ૩૬૦માં ક્રમ સાથે પાંચમાં ક્રમે, વિશ્વ પંડ્યા ઓલ ઈન્ડિયા રેન્કમાં ૩૭૫માં ક્રમ સાથે છઠ્ઠા ક્રમે અને યશ કોઠારી ઓલ ઈન્ડિયા રેન્કમાં ૪૧૮માં ક્રમ સાથે સુરત સિટીમાં સાતમાં ક્રમે સ્થાન મેળવ્યું છે. તો વડોદરાના આદિત ભગાડેએ ઓલ ઈન્ડિયા રેન્કમાં ૯૪મો ક્રમ પ્રાપ્ત કર્યો છે. આદિતના માતા-પિતા ડોક્ટર છે. ૧૮ મે, ૨૦૨૫ને રવિવારના રોજ નેશનલ ટેસ્ટીગ એજન્સી દ્વારા દેશની ૨૩ IITમાં પ્રવેશ માટેની JEE (જોઈન્ટ એન્ટ્રન્સ એક્ઝામ) એડવાન્સની પરીક્ષા લેવાઈ હતી. JEE મેઈન્સમાં પાસ થયેલા ૧૪.૮૫ લાખમાંથી ક્વોલિફાય થયેલાં અઢી લાખ વિદ્યાર્થી JEE એડવાન્સની પરીક્ષા માટે ક્વોલિફાઈ થયાં હતાં. ચાલુ વર્ષની JEE એડવાન્ડની પરીક્ષા IIT કાનપુર દ્વારા લેવામાં આવી હતી. ૩૬૦ માર્ક અને ૧૦૮ માર્કના ૨ પેપર પૈકી ૧૪૦ માર્કસ મેળવનારા વિદ્યાર્થીઓને દેશની સારી આઈઆઈટીમાં એડમિશન મળશે. ગત વર્ષે ૧.૪૫ લાખ વિદ્યાર્થીઓએ જ ફોર્મ ભર્યુ હતુ. આ એડવાન્સના રિઝલ્ટ પર વિદ્યાર્થીઓનું મેરીટ બહાર પડતું હોય છે. જેમાં ઓલ ઈન્ડિયા રેન્ક બહાર પડતા હોય છે અને બાદમાં ટોપ IITમાં વિદ્યાર્થીઓના એડમિશન થતા હોય છે.



દક્ષિણ ગુજરાતમાં તા.૧૫મી જૂનથી આસપાસ ચોમાસાનું આગમન થવાની આગાહી રાજ્ય હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. ઉનાળાના આખરી દિવસોમાં ચોમાસુ નજીક આવતા મોર આકાશ તરફ નજર રાખીને મેઘરાજના આગમનની આતુરતા પૂર્વક પ્રતિક્ષા કરતો હોવાનું આ તસ્વીરમાં નજરે પડે છે.

# લગ્નની લાલચ આપી યુવતીને અલગ-અલગ હોટલમાં લઈ જઈ બળાત્કાર ગુજાર્યો

## વેંકટેશ મોહતાએ લગ્નની જીદ કરનાર યુવતીને મારી નાંખવાની ધમકી આપી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨

સીટીલાઈટ ખાતે રહેતા વેંકટેશ મોહતા નામના યુવાને અલથાણ વિસ્તારમાં રહેતી એક યુવતીને લગ્નની લાલચ આપી તેની સાથે મિત્રતા કેળવ્યા બાદ અલગ-અલગ હોટલમાં લઈ જઈ શરીર સંબંધ બાંધ્યા હતા. યુવતીને ભોગવી લીધા બાદ લગ્ન કરવાની ના કહી દઈ વેંકટેશ મહોતાએ યુવતીને ધાક ધમકી આપી યુવતીને માર માર્યો હોવાની ફરીયાદ અલથાણ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. અલથાણ પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર સીટાલાઈટ સુર્યા કોમ્પલેક્ષમાં રહેતા વેંકટેશ મોહતાએ સપ્ટેમ્બર ૨૦૨૩માં અલથાણ વિસ્તારની એક યુવતી સાથે મિત્રતા કેળવી હતી. ત્યારબાદ યુવતીને પટાવી ફોસલાવી પોતાની વાતોમાં પાડીને લગ્ન કરવાની વાત કરી હતી. યુવતીનો વિશ્વાસ જીતી લીધા બાદ વેંકટેશ તેને અલગ-અલગ હોટલમાં લઈ જતો હતો અને તેની સાથે શરીર સંબંધ બાંધ્યા હતા. યુવતીએ બે વર્ષ જેટલો સમય વિતી ગયો હોય વેંકટેશને લગ્નની વાત કરતા વેંકટેશ મોહતાએ ઉશ્કેરાઈ જઈ યુવતીને માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. યુવતીને ભોગવી લીધા બાદ લગ્ન નહીં કરી તરછોડી દેવાતા તેણે આખરે ગઈકાલે અલથાણ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવ્યો હતો.




ઉનાળાના આખરી દિવસો દરમિયાન સુરતમાં જોરદાર ગરમી પડી રહી છે. બપોરના સમયે ટુ વ્હીલરના ચાલકો દ્વારા ટ્રાફીક પોઈન્ટ પર બે-ત્રણ મિનિટ સુધી બળબળતા તાપમાં માથા પર હેલ્મેટ પહેરીને ઉભા રહેવું ભારે મુશ્કેલ બનતું હોય છે. ત્યારે ટ્રાફીક પોઈન્ટ નજીક વૃક્ષનો છાંયડ ટુ વ્હીલરના વાહન ચાલકો માટે આશ્રય સ્થાન બની રહે છે.

## ભેસ્તાનના જરીના કારખાનામાં આગ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨

ભેસ્તાન વખારીયા ઈન્ડસ્ટ્રીયલ સીટી એસ્ટેટ માં આવેલા એક જરીના ખાતાના ઝરી મશીનમાં ગત મોડી રાત્રે આગ લાગી હોવાનો બનાવ ફાયર બ્રિગેડ ના ચોપડે નોંધાયો હતો. ફાયર બ્રિગેડ સૂત્રોના જણાવ્યા અનુસાર, ભેસ્તાન વખારીયા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ સીટી પ્લોટ નંબર ૭૭ અને ૭૮ માં જરીનું ખાતું આવેલું છે. આ ખાતામાં ગત મોડી રાત્રે એટલે કે દોઢેક વાગ્યાના અરસામાં કોઈક કારણોસર આગ લાગી હતી. આગના બનાવની જાણ ફાયર બ્રિગેડ કંટ્રોલ રૂમને કરવામાં આવતા ભેસ્તાન અને ઉધના ફાયર સ્ટેશનન ના ફાયર ઓફિસર અને ફાયર જવાનો ફાઈટર અને ટેન્કર સાથે ઘટના સ્થળે ઘસી ગઈ આગને બુજાવી નાખી હતી. આગને કારણે જરીનું મશીન , વાયરીગ, ફર્નિચર બળીને રાખ થઈ ગયું હતું. જરી ખાતાના માલિક નું નામ રોનકભાઈ ચેવલી હોવાનું ફાયર બ્રિગેડ એ જણાવ્યું હતું.

# ખજોદ, દીપલી, ભીમપોર, ડુમસના ગેરકાયદે ઝીંગાતળાવો ખાડી પુરનું જોખમ : દીપક ઈજારદાર

## ભીમપોરની ૮૩૯ એકર જમીન પર ગેરકાયદે ઝીંગા તળાવોનું દબાણ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨

ડુમસના ભીમપોર ખાતે સહકારી ખેડી મંડળીને સરકાર દ્વારા ફાળવવામાં આવેલી ૮૦૦ એકર જમીનમાં ગેરકાયદેસર ઝીંગા તળાવો ઉભા કરી દેવાતા શહેરમાં પુરની દહેશત ઉભી થઈ છે. આ બાબતે દીપક ઈજારદાર દ્વારા ગઈકાલે પત્રકાર પરિષદ યોજીને ડુમસ ભીમપોર, ખજોદ, આભવા દિપલી અને સુલતાનાબાદ સહિતના વિસ્તારોમાં ચાલતા ગેરકાયદેસર ઝીંગા તળાવો અંગે માહિતી જાહેર કરાઈ હતી. પુરની શક્યતા વ્યક્ત કરવા સાથે દિપક ઈજારદારે ઝીંગા તળાવ ઉભા કરનારાઓને આ વિસ્તારના રાજકારણીઓનો પણ પાછલા બારણે ટેકો મળી રહ્યો હોવાનું જણાવ્યું હતું.

શહેરના ભીમપોર, આભવા, કજોદ, દિપલી સુલતાનાબાદ એરપોર્ટ નજીક ગેરકાયદેસર ઝીંગા તળાવનો મુદ્દો ફરી સામે આવ્યો છે. દરમિયાન ભીમપોર સામુદાયિક સહકારી ખેતી મંડળીને સરકાર દ્વારા ખેતી માટે ફાળવવામાં આવેલી ૮૩૯ એકર જમીન ઉપર ગેરકાયદેસર ઝીંગા તળાવ તાણી દેવાયા હોવાનું જણાવી દિપક ઈજારદારે શહેરમાં ભવિષ્યમાં પુરનું દહેશતની શક્યતા વ્યક્ત કરી હતી.

દિપક ઈજારદારે જણાવ્યું હતું કે, ખજોદથી એરપોર્ટ, ડુમસ દરીયા સુધી બનાવેયાલ ઝીંગા તળાવોથી ડેમમાંથી છોડવામાં આવતું પાણી સ્થાનિક રહેણાંક વિસ્તારમાં પ્રવેશી જવાની દહેશત ઉભી થઈ છે. ખેતી મંડળીને ફાળવેલી સરકારી જમીનને હેતુફેર કરીને હળપતિ અને હરીજન સમુદાય પાસેથી ખરીદીને તળાવો ઉભા કરી દેવામાં આવ્યા છે. દિપક ઈજારદાર સહિત સ્થાનિક લોકોમાં ભય ઉભો થયો છે કે જો કાર્યવાહી નહીં થાય તો ભવિષ્યમાં પુરનો સામનો કરવો પડશે.

### ઝીંગા તળાવો તોડવા મેયરનો પત્ર છતાં કલેક્ટરનું મૌન

દર વર્ષે ચોમાસામાં સુરત શહેરમાં ખાડીપુરનું સંકટ એક જટીલ સમસ્યા બની ગઈ છે. ખાડીપુર માટે ખાડી પર શહેરી વિસ્તારોમાં થયેલા દબાણો કારણભુત છે. ખાડીપુરનું સંકટ નિવારવા તાજેતરમાં મેયર દક્ષેશ ભાઈ માવાણીએ જિલ્લા કલેક્ટરને પત્ર લખી ખજોદ, તથા મગદલ્લામાં ગેરકાયદે બનેલી ઝીંગાના તળાવો તોડી પાડવા તથા ખાડીનો કુદરતી પ્રવાહ ખુલ્લો કરવા માંગણી કરી છે. અલબત્ત જિલ્લા કલેક્ટરે ખાડીના કુદરતી પ્રવાહને અવરોધતા ઝીંગાતળાવો તોડી પાડવા માટે કોઈ પણ પ્રકારના પગલા ભર્યા નથી તેથી ગેરકાયદે ઝીંગા તળાવો આ ચોમાસામાં પણ ખાડી પુર માટે નિમિત્ત બનશે તેવું જણાઈ રહ્યું છે.

# વેસુ સુડા આવાસમાં કિશોરને ઉપાડી જઈ માર મારી લૂંટી લેવાયો

## મોડી રાત્રે ૧૦ જણાં બળજબરીથી મોપેડ પર બેસાડી કિશોરનું અપહરણ કરી ગયા હતા

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨

વેસુ સાડા આવાસ ખાતે રહેતા ૧૬ વર્ષિય તરૂણને ૧૦ જણાની ટોળકીએ મોપેડ ઉપર બળજબરી બેસાડી જઈ ઘોડદોડ રોડ ખાતે લઈ જઈ માર મારી રાત્રિના સમયે તેના ગળામાંથી સોનાની ચેઈન, બુટ્ટી તેમજ રોકડા રૂપીયા મળી કુલ રૂ.૪૬,૫૦૦ની લુંટી લઈ ફરાર થઈ ગયા હોવાની ફરીયાદ ભોગબનનાર તરૂણે ઉમરા પોલીસ મથકે નોંધાવી હતી. ઉમરા પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર સુડા આવાસ વેસુ ખાતે રહેતો ૧૬ વર્ષિય તરૂણ ગઈકાલે સાંજના સમયે આદર્શ સોસાયટી ઘોડદોડ રોડ ખાતે હાજર હતો ત્યારે શિવા ઝાલા, વિષ્ણુ, રાકીયો અને સાહીલ તેમજ ઈમરાન ગડ્ડી સહિત ૧૦ જણા તેને આંતરી લઈ મોપેડ ઉપર તેનું અપહરણ કરી થોડે આગળ લઈ જઈ માર મારીને તેની પાસેથી સોનાના ઘરેણા તેમજ રોકડા રૂ.૧૩ હજાર લુંટી ફરાર થઈ ગયા હતા. આ મામલે ભોગબનનારે ઉમરા પોલીસ સ્ટેશનમાં લુંટની ફરીયાદ નોંધાવી હતી.

# પેમેન્ટનો ખોટો સ્ક્રીન શોર્ટ બતાવી કરીયાણાનો સામાન ખરીદાયો હતો

## રૂા.૧૨ હજારનું ચિટીંગ કરનાર બે જણાં સામે ફરિયાદ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨

પલસાણામાં કરીયામાનો સ્ટોર્સ ચલાવતા વેપારીને છેલ્લા ૧૦ દિવસના સમયગાળામાં બેઝ નામની ફ્રોડ એપ્લીકેશનમાં ફોન-પેના સ્ક્રીનશોટ બતાવી દુકાનેથી અલગ-અલગ ચીજ વસ્તુઓ ખરીદી કરી રૂ.૧૨ હજારની છેતરપિંડી કરી હોવાની ફરીયાદ પલસાણા પોલીસ સ્ટેશનમાં બે જણા વિરૂધ્ધ નોંધાઈ છે.

પ્રાપ્ત વિગત અનુસાર પલસાણા આર્શિવાદ વિલા ખાતે રહેતા રોનિત ઉપેન્દ્ર સિંઘ ઉ.વ.૨૪એ પલસાણાની મકન નિવાસ સોસાયટીમાં રહેતા પ્રભાત ઉર્ફે ભરત ગણેશપ્રસાદ ગર્ગ અને તેના મિત્ર ઝીલ બ્રહ્મભટ્ટ રહે. સિદ્ધેશ્વર પાર્ક વિરૂધ્ધ છેતરપિંડીની ફરીયાદ નોંધાવી હતી. ફરીયાદ મુજબ પ્રભાત અને ઝીલે ૧૦ દિવસના સમયગાળામાં રોનિત ગર્ગની કરીયાની દુકાન ઉપરથી અલગ-અલગ ચીજવસ્તુઓ ખરીદી કરી હતી અને તેના પેમેન્ટ માટે ફોન પે નામની એપ્લીકેશન જેવા બેઝ ફેક સ્ક્રીનશોટ બતાવી રૂ.૧૨ હજારની છેતરપિંડી કરી હતી.

# વધુ એક કોરોનાનો કેસ મળી આવતા આરોગ્ય વિભાગની ટીમ દોડતી થઈ

## ગત તા.૨૩મી મે થી અત્યાર સુધી કોરોનાના ૨૪ કેસ નોંધાયા હતા જેમાંથી હાલ માત્ર પાંચ દર્દી હોસ્પિટલમાં અને ૧૦ હોમ આઈશોલેશનમાં છે

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨

સુરત સહિત ગુજરાત ભરમાં કોરોનાનાં કેસોમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. સ્થાનિક આરોગ્ય વિભાગ દ્વારા કોરોનાથી પીડાતા દર્દીઓની દેખરેખ રાખવામાં આવી રહી છે. તેમજ કોરોનાગ્રસ્ત દર્દીના સંપર્કમાં આવનારાની આરોગ્ય તપાસ કરવામાં આવી રહી છે. દરમિયાન આજરોજ વધુ એક કોરોનાગ્રસ્ત દર્દી આરોગ્ય વિભાગને મળી આવતા આરોગ્ય વિભાગની ટીમ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. આરોગ્ય વિભાગના સુત્રોના જણાવ્યા મુજબ ગત તા.૨૩મી મેથી કોરોના સંદર્ભેનું વર્ક આઉટ શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં અત્યાર સુધી કોરોનાના કુલ ૨૪ દર્દીઓ મળી આવ્યા હતા. હાલ માત્ર ૧૫ દર્દીઓ એક્ટીવ છે. જેમાંથી માત્ર પાંચ દર્દી હોસ્પિટલમાં છે. જ્યારે બાકીના ૧૦ દર્દી હોમ આઈસોલેશનમાં છે. આજરોજ અઠવા ઝોન વિસ્તારમાંથી વધુ એક કોરોનાનો દર્દી નોંધાયો છે. આરોગ્ય વિભાગની ટીમ દ્વારા તપાસ શરૂ કરાઈ છે. આજે મળી આવેલા કેસમાં દર્દીની ઉંમર ૨૨ વર્ષની છે અને તે યુવક છે. હાલ તેને હોમ હાઈસોલેશનમાં રાખવમાં આવ્યો છે.

# પાલનપુર વિસ્તારમાં રખડતાં શ્વાને ૧૦૦થી વધુ લોકોને ભોગ બનાવ્યાં

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨

ગુજરાતમાં રખડતા શ્વાનોનો આતંક ખૂબ જ વધી ગયો છે.રસ્તે રખડતા કૂતરાઓ રાહદારી લોકો અને વાહનચાલકોને કરડવાના કેસમાં ઘણો વધારો થયો છે, જેના લીધે લો[illegible] શ્વાનોને લઈને ભારે ડરનો માહોલ જોવા મળે છે. ત્યારે તંત્ર દ્વારા કાયદેસર કાર્યવાહી કરવામાં આવે તેવી લોકો માંગ કરે છે.ત્યારે સુરત શહેરમાં રખડતા કૂતરાનો આતંક જોવા મળ્યો છે.જેના લીધે લોકો ભયમાં મૂકાયા છે.

### શ્વાનને પકડવા પાછળ લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે છતાં કુતરાઓ લોકોને કરડે છે

પ્રાપ્ત માહિતી મુજબ સુરત શહેરમાં રસ્તે રખડતા કૂતરાઓનો ત્રાસ સામે આવ્યો હતો.સુરત શહેરમાં આવેલી પાલનપુર બાલાજી સોસાયટીમાં રખડતા કૂતરાઓએ આતંક મચાવ્યો હતો. આ સોસાયટીમાં ૧૦૦થી વધુ લોકોને કૂતરાઓએ કરડી લીધા હતા. જેના લીધે લોકો હવે ઘરની બહાર નીકળતા પણ ડરે છે. રખડતા કૂતરાઓએ નાના બાળકોને અનેકવાર શિકાર બનાવ્યા છે. સોસાયટીમાં રહેતા સ્થાનિકોને વધારે ચિંતા બાળકોની છે. જ્યાં કૂતરાઓના ત્રાસથી તેઓ બહાર રમી શકતા નથી.

બાલાજી પાલનપુર સોસાયટીના સ્થાનિકોએ રખડતા કૂતરાઓ બાબતે મનપાને રજૂઆતો કરી છે. તો પણ કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવતી નથી. લોકોને સોસાયટીમાંથી બહાર નીકળવું પણ મુશ્કેલ બની ગયું છે. તો તંત્ર રખડતા કૂતરાઓને પકડીને સોસાયટીની બહાર કાઢે તેવી સ્થાનિકોએ ઉગ્ર માંગણી કરી છે.તો રખડતા શ્વાનને પકડવા પાછળ તંત્ર લાખો રુપિયા ખર્ચે છે.તેમ છતા કૂતરાઓ લોકોને કરડે છે.તે અંગે કાર્યવાહી કરવા સ્થાનિકોએ જણાવ્યું હતું.

# માટી ભરેલી ટ્રકનો વિડીયો ઉતારનાર યુવાનનું અપહરણ કરી માર મરાયો

## સંદીપ ઓડ સહિત ચારથી પાંચ જણા વિરૂધ્ધ મહુવામાં ગુનો નોંધાયો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨

મહુવાના શેખપુરા ગામ ખાતે રહેતા ડ્રાઈવરને માટી ભરેલી ટ્રકોનો વિડીયો કેમ તારે છે તેમ કહી કારમાં અપહરણ કરી જઈ માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાની ફરીયાદ મહુવા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી.

મહુવા પોલીસ મથકે નોંધાયેલી ફરીયાદ અનુસાર મહુવા તાલુકાના શેખપુર ગામ હનુમાન ફળીયામાં રહેતા પ્રિન્સકુમાર રાકેશ કોંકણી ઉ.વ.૨૫ ડ્રાઈવર છે. દરમિયાન ૩૧ માર્ચના રોજ સવારે ૧૧ વાગ્યે સંદીપ ઓડ, જિજ્ઞેશ ઓડ, રાજુ ઓડ

અનુસંધાન પાના ૭ પર

# યાર્ન વેપારી ફાયરિંગ કેસમાં બંને આરોપીની બે દિવસના પોલીસ રિમાન્ડ હેઠળ પુછપરછ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨

લિંબાયત ખાતે મોપેડ પર જતાં સરથાણાનાં વેપારીનાં ખભાનાં ભાગે ફાયરિંગ કરવામાં આવ્યું હતું. યાર્ન વેપારી નાં તેનાં મિત્રની પત્ની સાથે અનૈતિક સંબંધ હોવાથી પતિ દ્વારા મિત્રને રૂ. ૨૫ લાખની સોપારી આપી હતી. જે બાદ લુમ્સ ખાતેદારે બે માણસોને રૂ. ૨૦ લાખ આપી જીવલેણ હુમલો કરાવ્યો હતો. જે મામલે પોલીસે અગાઉ સોપારી લેનારા લુમ્સ ખાતેદાર ને ઝડપી પાડયા બાદ વધુ સોપારી કિલર બે મળતીયાઓની ધરપકડ કરવામાં આવી છે. ગોડાદરા પોલીસે કોર્ટમાં રજૂ કરી સાત દિવસના રિમાન્ડ ની માંગણી કરી હતી. જેની સામે અદાલતે બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હોવાનું ગોડાદરા પોલીસ મથકના

અનુસંધાન પાના ૭ પર